

શાન્તિનિકેતનની નિવાસકુટિરો — લીનોકટ : શ્રીમતી રતિ મિત્ર

આવતી કાલનાં નાગરિકો ઘડતું · સાહિત્ય કલા અને સંસ્કાર વિષયક · આજનાં ઘરોનું અગ્રણી માસિક

તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઈ રાવત ૨૧૫ વર્ષ અઢારમું · અંક અગિયારમો · નવેમ્બર ૧૯૪૧

કુમાર



ચિત્રો

કવિતા

ચરિત્ર

વાર્તા


લેખો

વિભાગો

કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક—રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬ાા, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના: મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ-૧; તથા બીજા એજન્ટો: આર.આર. શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ ને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ-૨






આ ચિત્રનું નામ?

તમે આપી શકશો? એને માટે નીચેની હરીફાઈ વાંચો.

આ ચિત્ર પર બે હરીફાઇઓ યોજવામાં આવી છે. (૧) ચિત્ર માટે ઉચિત નામ શોધી આપવાની (૨) આ ચિત્રથી-દોઢ-ગણા (૬×૧૦ા ઇંચના) માપની રંગની નકલ કરી મોકલવાની. દરેક હરીફાઈમાં બે ઇનામો આપવામાં આવશે: એક ઈનામ બાર વર્ષની અંદરના વિદ્યાર્થીઓ માટે; બીજું વીસ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ માટે. દરેક હરીફાઈમાં યોગ્યતા પ્રમાણે એકથી વધુ ઈનામો પણ અપાશે. ચિત્રો સંભાળપૂર્વક અને ચિત્રની પાછળ મોકલનારનાં સંપૂર્ણ નામઠામ તથા ઉમર લખીને મોકલવાં; ચિત્રો પાછાં મંગાવવા ઈચ્છનારે તેની સાથે ટિકીટ ચોડેલું ચિત્રના માપનું કવર મોકલવું.



હરીફાઇનું પરિણામ

ડાબી બાજુ મથાળેથી અનુક્રમે: (૧) 'ભરવાડ'–મગ્રાહર માસ્તર (પાલણપુર) પહેલું ઈનામ; (૨) 'સ્વાશ્રયી'–ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ) બીજું ઈનામ; (૩) 'મોતીનો સાગર'–બાબુ ભણસાલી (મહુવા) ઉત્તેજના ઈનામ; (૪) 'જીવનનિર્વાહ'–ચીમનલાલ મેવાડા (કલોલ) ત્રીજું ઈનામ; (૫) 'ચોળાં'–જયકુમાર પંડ્યા (અમદાવાદ) નોંધપાત્ર; (૬) 'ઢેલડી'–નટુભાઇ દેસાઇ (કપડવણજ) નોંધપાત્ર.



ન્યૂઝીલાંડમાં બ્રિટિશ સત્તા સ્થપાયાની શતાબ્દિના સ્મરણમાં નીકળેલી ટિકીટો

ઉપર: ડાબેથી–મૂળ વતની માઓરી લોકોનું આગમન; કૂકે જેમાં ન્યૂઝીલાંડની પ્રદક્ષિણા કરી તે 'ઍન્ડેવર' જહાજ, ન્યૂઝીલાંડનો નકશો અને કૅપ્ટન કૂક; ત્યારથી આજ સુધીના બ્રિટિશ સમ્રાટોના ચહેરા; નીચે–૧૬૪૨માં ન્યૂઝીલાંડ શોધનાર ટાસ્માન–પોતાના વહાણ સાથે: ન્યૂઝીલાંડ–ઇંગ્લાંડનો દરિયાઈ માર્ગ દર્શાવતો નકશો; માઓરી લોકોનું દેવળ; સોનાની ખાણોની બે પદ્ધતિઓ: ૧૮૬૧ની અને ૧૯૪૦ની. (શ્રી હરિલાલ ઑંકરના સંગ્રહમાંથી)



કર્યાથી ડરવું નહીં—

· પૃથ્વી ·

કર્યાથી ડરવું નહીં: કરવું ના ડર્યાથી કદી.
ભયાનક નથી કશું, નથી કશું ન જિતાય જે;
ભર્યું ડગ સમાવી લે સઘળું, જો ભર્યું નિશ્ચલ.

જવાનું મર હોય દૂર; યદિ એક ચીલો મળે
દમામભર દોડવું શ્રમિત ગાત્ર થાયે છતાં;
અને યદિ ચીલો ન હોય નજરે કયહીં દીસતો,
નિરાશ થવું ના તદા; સહજ છે નવો પાડવો.

કમાન નવ ઝાલવી ધ્રૂજત પાંગળા બે કરે,
અને કદી ન ઝાલવી હલકી ફૂલ જો હોય એ;
નહીંતર ન મૂલ એની મહીંથી છૂટ્યા તીરનું.

પછી મજલ કાપતું તીર સુદૂર ચાલ્યું જતું,
પછી નિજનું ધ્યેય વેંત મહીં હાથ આવી જતું.

કરેલ ભરવું હસી; હસી કર્યે જવું જે ખરું;
અને બધું જ છે ખરું સ્મિત સમેત જે જે કર્યું.

ભગીરથ મહેતા



સંસ્કારયાત્રા

● કલાદેવીની ઉપાસના કરતાં જીવનનો મોટો ભાગ વ્યતીત ગયો હોવા છતાં મન કેટલીક બાબતોમાં સમાધાન શોધી રહ્યું હતું. બીજા સહધર્મીઓ અને ઉત્તમ સાધકોનો પરિચય મેળવી તેમની કલાપ્રવૃત્તિ અને પ્રચારનું સાક્ષાત્ નિરીક્ષણ કરવું; ભારતમાં કલાનું આજે કેવું સ્થાન છે, નવા પ્રયોગો જનસમાજને કેટલા સદ્યા છે અને કલાના આદર્શોમાં કેટલું સામ્ય છે, એ સમજવું; કલાકારોમાં સ્વયંનિષ્ઠા કેટલી છે, જનસમુદાયમાં તેમનો આદર કેટલો છે, તેમની શિક્ષાપ્રણાલિ કેવા પ્રકારની છે, પ્રાચીન પરંપરાઓ કેટલી જળવાએલી છે, ભૂતકાળના અવશેષો નવા સંસ્કૃતિવિધાનમાં શો ફાળો આપી શકે એમ છે, એ પ્રત્યક્ષ કરવું;—આ બધાને માટે અંતરમાં ઝંખના રહ્યા કરતી હતી, અને તે ખાતર એકબે મોટાં પરિક્રમણો કરવાનો સંકલ્પ ઘણા વખતથી કરી રાખ્યો હતો. શાન્તિનિકેતન, નવા યુગનું એક સંસ્કારકેન્દ્ર. ગુરુદેવ રવીન્દ્રનાથનું મહા સ્વપ્ન સિદ્ધ કરવા સરજાયું હતું. તેને લગભગ ૪૦થી ૪૫ વર્ષ વીતી ગયાં છે. સંસ્કારની શિક્ષા આપનારી સર્વ સંસ્થાઓમાં, કવિશ્રીની પ્રતિભાથી આકર્ષાએલા મહાપુરુષોને કારણે, સંસ્કારનો પ્રસાદ જેટલો ત્યાં ઊતર્યો છે, એટલો બીજે ક્યાંય પણ નથી ઊતર્યો. કવિનું હૃદય દુનિયાની સ્પર્ધાઓ અને વિષમતાઓથી પર થઈને જીવન, સંસ્કાર અને આત્માનો અનિર્વચનીય સંબંધ સાંધી શકે છે એ સત્યનું દર્શન. શિક્ષા ચારિત્ર્ય અને કલાદ્વારા વ્યક્ત કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ તે શાન્તિનિકેતનમાં જ થયો છે. એ સ્વરૂપના મહાન આર્ષદ્રષ્ટા ઋષિવર ગુરુદેવની જીવનજ્યોત આજે દૃષ્ટિગોચર રહી નથી; પરંતુ શાન્તિનિકેતન આશ્રમમાં તેમણે સ્થાપેલી પ્રત્યેક પ્રણાલિ, સંસ્થા ને વ્યવહારમાં તે હજી વિદ્યમાન છે.



શાન્તિનિકેતનના બાહ્યવિસ્તારનો ખ્યાલ આપતું દૃશ્ય

ભારતીય સંસ્કૃતિમાં પ્રધાન સ્વર 'જીવનની મહત્તા'નો આદર છે. એથી જ એમણે પોતાની શિક્ષણસંસ્થાને 'વિશ્વભારતી'નું નામ આપી સાર્થક બનાવી છે. જાતિ, દેશ અને વર્ણના ભેદ વગર, ઉપનિષદોએ પ્રચારેલી જીવનભાવનાનો સાક્ષાત્કાર એ જ પરમ ધ્યેય છે એમ એમણે પોતાના જીવનથી, કથનથી અને વ્યવહારથી સિદ્ધ કરી આત્મસમર્પણ કરી બતાવ્યું છે. એ પરમ પદની પ્રાપ્તિ માટે જ્ઞાન, કલા અને સંગીતની ઉપાસના અનિવાર્ય સાધનો છે એ વાતની પ્રતીતિ તેમની પ્રતિભાએ કરાવી છે. પ્રત્યક્ષ ઉદાહરણ રૂપે તેમણે પોતાનાં કાવ્યો સંગીત-વિમાન પર પધરાવ્યાં છે, જ્ઞાનની અનેક શાખાઓ અને શિક્ષા માટે યોગ્ય શિક્ષકોને વીણી આણ્યા છે, અને કલાના રંગો તથા રેખામંડળોના તાલ તેમજ ગતિભંગો બતાવતાં ચિત્રો પોતે ચીતરી ગયા છે.

પણ તેઓ ભાવનાના તાનમાં પૃથ્વીનો આધાર વિસરી ગયા ન હતા. ધરિત્રીનો પ્રસાદ ભોગવવા સારુ માનવી માત્રને માટે શ્રમ એ ઉપકારક પ્રવૃત્તિ છે એનો સ્વીકાર કરી, શાન્તિનિકેતન જેટલા જ મહત્ત્વવાળા કેન્દ્ર તરીકે શ્રીનિકેતનની ગ્રામસંસ્થા તેઓ સાથોસાથ નિર્માણ કરી ગયા છે. ત્યાં ખેતીના તેમજ ગ્રામઉદ્યોગોના પ્રયોગો અને ગ્રામજીવનમાં સંસ્કારસંપર્ક ખીલવવાનો યત્ન થાય છે.

પૂર્વસ્મરણ

● આ સંસ્થાનો પ્રથમ પરિચય મને ઇ. ૧૯૨૦માં થએલો, જે વેળા હું સ્વ. મોતીભાઈ અમીન તથા જીવણલાલ કંપનીવાળા શ્રી રામજીભાઈ હંસરાજ સાથે ઉત્તર ભારતની મુસાફરીએ નીકળેલો. એ વખતે આશ્રમનાં થોડાં મકાનો, કાચી માટીની થોડી કુટિરો, નાના સાદા બંગલા જેવાં સંગીતભવન તથા કલાભવન ત્યાં હતાં. ગુરુદેવ ટાગોર અમદાવાદની

એનું આ પાનાંઓ ઉપર વર્ણન શરૂ થાય છે તે સંસ્કારયાત્રાની પ્રવાસરેખા. ઘેરી લીટીએ લીટીએ આવતાં, મોટા અક્ષરો વડે દર્શાવેલાં સ્થળોની મુલાકાતનાં આટલાં જ રસપ્રચૂર વર્ણનો હવે ચાલુ આવ્યા કરશે.



સાહિત્ય પરિષદમાં આવી ગએલા તેની અસર ગુજરાત પર ઘણી થઇ હતી. શિશુશિક્ષણમાં નવો રસ ઉત્પન્ન થયો હતો, સાહિત્યમાં નવો રસસંચાર થયો હતો, પરંતુ કલાની યથાયોગ્ય ભૂમિકા બંધાઇ ન હતી. ગુરુદેવ સાથે શ્રી ક્ષિતિમોહન સેન આવેલા, તેમણે ગીતાંજલિનાં અસલ બંગાળી પદો રંભળાવેલાં; બાઉલો તેમજ દાદુ, સૂરદાસ અને કબીરના તત્ત્વજ્ઞાન ઉપર પ્રકાશ આપેલો. પણ કલા ઉપર પ્રકાશ પાડનાર કોઇ વ્યક્તિનો પરિચય ગુજરાતને હજી ગજ્યો ન હતો. તે ઊણપ દૂર કરવા મેં એ પહેલો પ્રવાસ ખેડેલો. એ વેળા શાન્તિનિકેતન ઉપરાંત કલકત્તાનું મ્યૂઝિયમ અને શ્રી હૅવેલ સાહેબે મેળવેલી ભારતીય ચિત્રસંપત્તિ જોઇ; શ્રી અવનીન્દ્રનાથ ટાગોરનો પરિચય કર્યો; તેમના ઘરની ભારતીય સજાવટ જોઈ; ઓરીએન્ટલ આર્ટ સોસાએટી વગેરે જોયાં. આ બધું જોઇને સ્વ. મોતીભાઇ ઉપર પણ ચિત્ર-મહિમાની સારી અસર થઈ અને પછીથી સચિત્ર 'બાલમિત્ર' કાઢવાની યોજના એ પ્રવાસમાં જ ઘડાઇ. શાન્તિનિકેતનમાં તે વખતે શ્રી નંદબાબુ આવ્યા ન હતા. કલાભવન તરીકે ઓળખાતા એક મકાનમાં બેચાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ કામ કરતાં હતાં. ચિત્રના પ્રથમ અધ્યાપક તરીકે તરુણ અસીતબાબુ અને સુરેનબાબુ (અસીતકુમાર હલદર અને સુરેન્દ્રનાથ કાર) પોતાની બેઠક પર કામ કરતા હતા. તે વખતે મેં તેમની ફોટો છબીઓ પણ પાડેલી

બાજુના નાના મકાનમાં દીનુબાબુની ગાંધર્વી સુરાવટ જામી રહેતી. એ પડછંદ માતંગ કાયાને તેમના વિદ્યાર્થીઓ સાથે આવતી જુઓ તો તમને વર્ષાનો મેઘ આવતો લાગે. પ્રસન્નતા અને આનંદની છોળો હતી એ મૂર્તિ આશ્રમની પ્રતિષ્ઠાનો પાયો બની ગઈ છે.

આફ્રિકાથી આવીને ઍન્ડ્રુઝ સાહેબે શાન્તિનિકેતન આશ્રમની વ્યવસ્થા હાથમાં લીધી હતી. આણંદવાળા શ્રી નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ ('પાટીદાર'ના તંત્રી) તેમની સાથે જ ત્યાં પોતાના કુટુંબને લઇને આવી વસ્યા હતા. એકરૂપ બનવા શ્રી ઍન્ડ્રુઝ ધોતિયું અને પહેરણ પહેરતા. વિદ્યાર્થીઓની ચિંતા તેઓ માતાના જેટલી જ કરતા. તે વખતે આશ્રમનું રસોડું એક મોટા છાપરા નીચે હતું. ખાવાપીવાની અગવડો ઘણી હતી, તેથી ગુજરાતી વિદ્યાર્થીઓને ફાવતું નહિ.

આમ ઘણી મુશ્કેલીઓ અને ઘણી અપૂર્ણતાઓ છતાં એ સમયે આશ્રમે પોતાના આદર્શોનો પ્રકાશ ફેલાવ્યો હતો. સૅડલર કમિશને હિંદુસ્તાનમાં યોગ્ય પ્રણાલિવાળી બે જ સંસ્થાને આદર્શ ગણાવી હતીઃ એક શાન્તિનિકેતન અને બીજું કલકત્તામાં ચાલતું સ્વામી અનીમાનંદનું બોય્ઝ હોમ.

આજે તો શાન્તિનિકેતન આશ્રમનો વિસ્તાર બાર માઈલના ઘેરાવાનો વિશાળ પટ રોકે છે. તેમાં સુંદર પાકા રસ્તાઓ છે અને સુંદર સુરૂપ નાનાંમોટાં ભવનો છે. અને એ સર્વના વિશ્વકર્મા આશ્રમસચિવ શ્રી સુરેન્દ્રનાથ કાર છે. ત્રણસો ચારસો જેટલા વિદ્યાર્થીઓ હિંદનાં જુદાંજુદાં સ્થાનોમાંથી આવી ત્યાં અભ્યાસ કરી રહ્યા છે. કવિવરના આદર્શોની દીક્ષા લઇ દરેક જણ 'આમાદેર શાન્તિનિકેતન'ની એ માતૃસંસ્થાને પોતાના જીવનમાં, હૃદયમાં અને સંસ્કારમાં ઉતારી રહ્યા છે અને પોતાના પ્રાંત માટે તેનું સંસ્કારભાથુ બાંધી રહ્યા છે.

નિ મં ત્ર ણ

● એ સમસ્ત વિદ્યાર્થીમંડળ પ્રત્યેક સત્રાન્તે ઉત્સવો કરે છે, નાટ્યો કરે છે, પ્રદર્શન ભરે છે, અને પ્રસંગોપાત જુદાજુદા રાષ્ટ્રોના વિદ્વાનો, કવિઓ, કલાકારો કે નટોને નિમંત્રી તેમનો સહકાર સાધે છે. આ વર્ષે ગુરુદેવના અવસાનથી



શાન્તિનિકેતન કલાભવનના આચાર્ય અને આશ્રમની સર્વ કલાપ્રવૃત્તિના પ્રાણ: લબ્ધપ્રતિષ્ઠ કલાકાર શ્રી નંદલાલ બોઝ



કલાકાર શ્રી સુરેન્દ્રનાથ કાર: શાન્તિનિકેતન આશ્રમના સમસ્ત સ્થાપત્યરચનાના વિશ્વકર્મા અને આશ્રમ-સચિવ

કશું થશે કે નહિ તેની ઘણાને શંકા હતી. પરંતુ ગુરુદેવે છેલ્લી આજ્ઞા આપી હતી કે તેમની બીનહયાતી વખતે પણ આશ્રમના ઉત્સવો બંધ રહેવા ન જોઇએ. તેથી વિદ્યાર્થીઓએ અને આચાર્યોએ નિશ્ચયપૂર્વક ઉત્સવો ઊજવવાનું ઠરાવ્યું હતું. શાન્તિનિકેતનમાં વસતા ગુજરાતી વિદ્યાર્થીઓએ એક ગુજરાતી સંસદ સ્થાપી છે. તેમાં ઘણા મારા ઉપર પ્રેમ અને આદર ધરાવનારા છે. તેમના જ પ્રસ્તાવથી વિશ્વભારતીની 'સમસ્ત વિદ્યાર્થી-સંમેલની'એ મને તા. ૧૫-૧૬-૧૭ સપ્ટેમ્બરના દિવસોના આ વર્ષના ઉત્સવોમાં ભાગ લેવા અને ગુજરાતની કલાનો પરિચય આપવા નિમંત્રવાનું સર્વાનુમતે ઠરાવ્યું હતું. તે નિમંત્રણ સાથે જ આમંત્રિતને આશ્રમના સચિવનો, ત્યાંના અતિથિ તરીકેનો પત્ર પણ મળે છે. એ પત્ર મને કાંઈક મોડો મળ્યો. તે પહેલાં વર્તમાનપત્રોને તેની બાતમી મળી ગઈ હતી, એટલે તેમણે ઉત્સાહભેર ગુજરાતમાં એ ખબરો પ્રચારેલા; પણ મને ચોક્કસ ખબર ન મળે ત્યાં સુધી મારા તે બાજુના પ્રવાસની કશી તૈયારી હું કરી શક્યો ન હતો. તા. ૮મીએ ભાઈ વ્રજલાલ ત્રિવેદીનો તાર મળ્યો કે મારે તા. ૧૫મા પહેલાં ત્યાં પહોંચવું જોઇએ.

શાન્તિનિકેતનમાં ગુજરાતની કલાનો પરિચય આપવા મારી પાસે જે થોડાંઘણાં સાધનો હતાં તેમાં આધુનિક ચિત્રકારોની કૃતિઓની છાપો, થોડી સચિત્ર હસ્તલિખિત પ્રતો, ૧૭મી સદીનાં બે જૈન વિજ્ઞપ્તિપત્રો તેમજ ગુજરાતની જનતામાં કળા કેવી રીતે વસેલી છે તે સમજાવતાં શિલ્પો, અલંકારો, ગૃહશોભનો વગેરેના ફોટોગ્રાફો હતા; કેટલાંક લૅન્ટર્ન-ચિત્રો હતાં. આમાં પૂર્તિ રૂપે વડોદરાવાળા પ્રો. મંજુલાલ મજમુદારે તેમના સંગ્રહની કેટલીક અસલ ચિત્રપ્રતો આપી અને ભાઈશ્રી અમૃતલાલ પંડ્યાએ કેટલીક ઐતિહાસિક નોંધો આપી. ઉપરાંત રેફરન્સ માટે શ્રી ક.મા.મુ.ની, શ્રી રસિકલાલ છો. પરીખ અને શ્રી રત્નમણિરાવનાં પુસ્તકો બૅગમાં નાખી લીધાં.

શાન્તિનિકેતનમાં

● મારા પ્રવાસનું નક્કી થતાં જ મારા મોટા પુત્ર ચિ. નરેન્દ્રને મને મદદરૂપ થવા મુંબઈથી બોલાવી લીધેલો. તા. ૧૨મીની સાંજે અમે બોલપુરની ટિકીટ લીધી. અને લગભગ સાઠપાંસઠ કલાકની ટ્રેઈનની મુસાફરી શરૂ કરી. બીજે દિવસે રાત્રે દિલ્હી સ્ટેશને મારા મિત્રમંડળના ઉત્તર દિશાના દિગ્પાલ જેવા શ્રી યશવંત પંડ્યા સ્ટેશન પર હાજર હતા. તેમણે અમને નવું તાજું ભાથું ભરી આપ્યું. તે ઉપરાંત શાન્તિનિકેતનની ગુજરાતી સંસદને ભેટ આપવા પોતાની ચોપડીઓ સાથે આપી ગુજરાતની જનતાને વિદ્યાર્થીઓની



શાન્તિનિકેતન આશ્રમના સૌન્દર્યભર્યા વિસ્તારનો ખ્યાલ આપતો, ક્રીડાભૂમિને સ્પર્શતો મુખ્ય માર્ગ (ફોટો - નરેન્દ્ર રાવળ)

અપીલનો એ પહેલો જ જવાબ હતો. બીજે દિવસે ટ્રેઈન ગંગા-જમનાની હરિયાળી જમીન વચ્ચે ધમધમાટ ધસ્યે જતી હતી, તે વખતે મને મારા શાન્તિનિકેતનના વાર્તાલાપની નોંધ કરવાનો સમય મળ્યો. આંતરરાષ્ટ્રીય મંડળ આગળ બોલવાનું હતું, તેથી બધું અંગ્રેજીમાં જ તૈયાર કરવું પડ્યું.

તા. ૧૫મીની વહેલી સવારે ટ્રેઇન બર્દવાન પહોંચી. ત્યાં અમારે બોલપુર જતી ગાડીમાં બદલવાનું હતું. ગાડી ઊભી રહેતાં જ ગુજરાતી સંસદના મંત્રી ભાઈ વ્રજલાલ અને હિંદી સંમેલની તરફથી શ્રી ખન્નાએ અમારો સત્કાર કર્યો. તેઓ આગલી રાત્રે બોલપુરથી આવી વેઇટિંગ રૂમમાં રોકાયા હતા. તેમની તો એ તકલિફ હતી, પણ તેમની હાજરી અમને રાહતરૂપ બની. બોલપુરની વહેલી ગાડી તો અમે ચૂકયા હતા, એટલે વેઇટિંગ રૂમમાં નહાવાધોવાનું પતાવી કપડાં બદલી દસ વાગ્યા સુધીનો વખત વીતાવ્યો. દસ વાગ્યે બોલપુર જવાની ગાડી આવી. તેમાં બેસતાં કલકત્તાથી શાન્તિનિકેતનના ઉત્સવ પર આવતા મેવાના વેપારી બદ્દવજીભાઈ અને જામનગરના વિદ્યાર્થી ભાઇ આસર ભેગા થયા.

બોલપુરની આગળનું એક સ્ટેશન આવ્યું ત્યાં તો ભારતીય સંસ્કૃતિમાં ગુજરાતી સંસદનાં ચારપાંચ સભ્યો ત્યાં સુધી સામાં ચાલતાં પહોંચી ગએલાં. કલાકારશ્રી અબુલકલામ (જેમનો પરિચય અંક ૨૧૧માં આવી ગયો.) પણ તેમાં હતા. મેનાબહેન કાપડિયા માટે એ શ્રમ વધારેપડતો જણાયો, પણ એ બધાના પ્રેમ અને સદ્ભાવનો ઉછાળો કોઇ ઑર હતો. મેનાબહેન તો મારા મિત્ર પરમાણંદ કાપડિયાનાં પુત્રી, એટલે ઘરનું બાળક ગણું. તેણે સવારમાંથી ત્યાંના આશ્રમનાં શેફાલિકાનાં પુષ્પો ભેગાં કરી ગૂંથી રાખેલો સરસ હાર મને ત્યાં આપ્યો, ત્યારે નાનુંશું ગુજરાત પણ પોતાના માણસ માટે કેટલું મત્ત બની શકે છે તેનો અનુભવ થયો.

બોલપુર આવ્યું કે તુરત ત્યાં આશ્રમની મોટર બસ તૈયાર હતી. ઇ. ૧૯૨૦માં હું ગયો તે વખતે તો બળદના એક્કામાં સવારી કરી કલાક-દોઢ કલાકે શાન્તિનિકેતન પહોંચ્યો હતો; આજે તો પા કલાકમાં જ શાન્તિનિકેતનનો દરવાજો વટાવી, શિક્ષકોનાં ઘરોની હાર છોડી, રમતનું મોટું ચોગાન પાર કરી, ચા-ઘર પાસે કેટલાક અતિથિઓને ઉતારી, છેક આશ્રમની પાછળના વિસ્તારમાં દૂર દેખાતા તાતા ભવનમાં અમારા માટે આપેલા ઉતારે પહોંચી ગયા.

તાતાભવન અને ભોજનગૃહ

● આ તાતાભવન યુરોપિયન મહેમાનો અથવા આશ્રમના






ઉપર: ડાબી બાજુ—શાન્તિનિકેતનમાં વિદ્યાર્થીઓનું 'ચા-ઘર'. ત્યાં ચા પીવા મંડળીઓ મળે છે, નાની ચર્ચાઓ પણ થાય છે. ભીંતો પર કલાના વિદ્યાર્થીઓએ સાદાં ચિત્રો દોરી તેના વાતાવરણમાં નવો રંગ પૂર્યો છે. જમણી બાજુ—'મ્યૂઝિયમ'નું પ્રવેશદ્વાર. મ્યૂઝિયમ એટલે શાન્તિનિકેતનના ચિત્રસંગ્રહ તેમજ ગ્રંથોનો ભંડાર (ફોટો · નરેન્દ્ર રાવળ)

માનવંતા અતિથિઓ માટે જ અલાયદું બાંધવામાં આવ્યું છે આશ્રમના કેન્દ્રથી એ ઘણું અલગ અને દૂર છે, એટલે અમને ત્યાં ઘણું એકલવાયું લાગ્યું; પણ પાછળથી તો અમે તેનો ઉપયોગ માત્ર સૂવા પૂરતો જ કર્યો હતો. ત્યાં ગયા પછી ખબર પડી કે શ્રીમતી રતી પિટિટ બીજી બાજુના એક ખંડમાં જ રહી અહીં આશ્રમમાં ચિત્રકલાનો અભ્યાસ કરતાં હતાં. પહેલી જ ઇચ્છા મેં શ્રી નંદબાબુને મળવાની બતાવી; પણ બપોરના સમયે તે આરામ લેતા હોઈ તરતને માટે અમે ભોજનગૃહમાં ગયા. હાલનું ભોજનગૃહ એક સુંદર મકાન છે. બધી ગોઠવણ તથા સાધનસામગ્રી ત્યાં રાખવામાં આવી છે. ભોજનગૃહમાં બે વિભાગ છે: શાકાહારીઓનો ને બીનશાકાહારીઓનો વિદ્યાર્થીઓ ટેબલ પર જમવા બેસે છે. પીરસવામાં વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે કામ આપે છે રસોડાની દેખરેખ પર એક બહેન શ્રીમતીજી છે. તેમની નજર બધે જ જમનારાઓ પર એક માતાના જેટલી ચીવટ બતાવતી હતી. જમ્યા પછી જમનારાઓ પોતે જ પોતાના થાળીવાટકા બાજુની બારીવાળી ચોકડીમાં મૂકી દે છે, જ્યાંથી નોકરો તે સાફ કરવા ઉપાડી લે છે. રસોડાના ખૂણાઓમાં તેમજ એક બારણાં આગળ કુંડીબંધ નળો રાખવામાં આવ્યા છે, એટલે હાથમોં ધોતાં ગંદા છાંટા ઊડતા નથી અને ગંદવાડ ગટરો વાટે બહાર નીકળી જાય છે. નોકરોનો વાસણ માંજવાનો ચોક પણ અલગ છે. એકંદર રસોડાની ગોઠવણ તથા ભોજનમાં પહેલાંની કેઇ ફરિયાદ નહોતી. પહેલાં મેંદ.ની પૂરીઓ અપાતી. આરોગ્યની દૃષ્ટિએ આજે બહુ વિચાર કરી ઘઉંની પંજાબી રોટલીઓ આપવામાં આવે છે. દાળ, શાક, દહીં, ખાંડ વગેરે જોઇતાં તેમજ સારાં મળે છે. ખર્ચની દૃષ્ટિએ જોતાં દર વધારે છે એવી સહેજ ફરિયાદ હતી, પણ મોટી કૉલેજોના હિસાબે ત્યાં મોંઘું ન ગણાય.

શ્રી નંદબાબુ

■ જમી રહ્યા એટલામાં તો ભાઈશ્રી કલામ ખબર લાવ્યા કે શ્રી માસ્ટર મોશાય (શ્રી નંદબાબુ) મ્યૂઝિયમમાં છે ત્યાં મળી શકાશે. ભાઈ કલામે શરૂથી જ મારા દર્શક અને સમય-

ડાબી બાજુ: વિદ્યાભવનને દ્વારે વિદ્યાર્થીઓનું ધ્યાન · જમણી બાજુ: વૃક્ષછાયામાં ચાલતો વર્ગ (ફોટો · નરેન્દ્ર રાવળ)




વિદ્યાર્થીસમસ્તનું ભોજનાલય (ફોટો નરેન્દ્ર રાવળ) વિદ્યાભવન પાસેની સુંદર વૃક્ષવિથિકા

નિયામક તરીકે એકધારી સેવા ઉપાડી લઈ મને જે સગવડ અને સરળતા કરી આપી છે તે અવિસ્મરણીય રહેશે. આશ્રમ તેમજ શ્રીનિકેતનની રજેરજ માહિતી, માણસોના સ્વભાવ, મળવાની યોગ્ય તક અને વસ્તુની કદર તેમજ પરિચય તેણે ખૂબ સાધી લીધાં હતાં.

શ્રી નંદબાબુની શાન્ત સ્વસ્થ મૂર્તિ જોઇ મને બહુ જ પ્રસન્નતા થઈ. વચ્ચે ૧૯૨૪માં ફરી એક જ દિવસ માટે હું શાન્તિનિકેતન ગએલો ત્યારે સાંજે દૂર સુધી સાથે ફરવાની થોડી તક મળેલી. તે વખતે તેમણે શાન્તપણે પોતાની ભાવના વ્યક્ત કરી હતી ત્યારથી તેમના સમાગમનો મને બહુ લોભ રહેતો. મેં કનુભાઇને તેમની પાસે અભ્યાસ માટે મોકલ્યા ત્યારે શ્રી ક્ષિતિબાબુ સાથે તેમણે મને કહેવડાવેલું કે તમે ગુજરાતનો એક સુયોગ્ય વિદ્યાર્થી મોકલી ગુજરાતની સેવા કરી છે. અને કનુભાઇએ પણ એ વખતે શ્રી નંદબાબુનો એવો ગાઢ સમાગમ મેળવ્યો કે તેમણે ગુજરાતમાં શાન્તિ-નિકેતન બતાવવાની સામગ્રી પ્રાપ્ત કરી લીધી.

શાન્તિનિકેતનમાં ગુજરાત

● ત્યાર પછી તો ઘણાં વિદ્યાર્થીઓએ શાન્તિનિકેતનને પોતા-ની સંસ્કારદાતા સંસ્થા ગણી ત્યાંનાં સાહિત્ય અને કલાનો મહિમા પ્રસાર્યો છે;–એટલે સુધી કે શાન્તિનિકેતન બંગાળનું હોય તે કરતાંય ગુજરાતનું પોતાનું દૂરનું થાણું લાગે છે. અને મને પણ એમ જ લાગ્યું. શાન્તિનિકેતનથી આવતાં ત્યારા





ગુરુદેવના પિતાશ્રી દેવેન્દ્રનાથ ટાગોરે જે સ્થળે પ્રથમ સાક્ષાત્કાર અનુભવેલો તે સ્થાન 'છાતીમ તલા' (ફોટો : શ્રીમતી રતિ પિટિટ). જમણી બાજુ : શાન્તિનિકેતનનો જૂની બાંધણીનો નાનકડો છાત્રવાસ (ફોટો : નરેન્દ્ર રાવળ)

યાત્રિકો, વિદ્યાર્થીઓ અને ગૃહસ્થોએ ત્યાંની રોજરોજની માહિતીઓ અને ખબરો મને આપ્યાં જ કરેલાં, એટલે મને ત્યાં કશું અપરિચિત કે નવીન ન લાગ્યું. ગુજરાતી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની હાલ ત્યાં લગભગ ૨૫ જેટલી સંખ્યા છે. તેઓ બધાં જ મારા વિષે બહુ ઇંતેજારી સેવતાં હતાં. તેમને બધાંને હરખ હતો કે મારા ત્યાં જવાથી ગુજરાત શાન્તિનિકેતનનો સંપર્ક વધારી રહ્યું છે.

અહીં પૂજ્ય ગાંધીજી રહી ગયા હતા. શ્રી નરસિંહભાઇ પટેલ જેવાએ તો અહીં વર્ષો કાઢ્યાં હતાં શ્રી નગીનદાસ પારેખ, ડૉ. મણિલાલ પટેલ, બચુભાઈ શુક્લ, રઘુભાઈ નાયક, પ્રભુભાઇ પટેલ, કૃષ્ણલાલ શ્રીધરાણી, પિનાકિન્ ત્રિવેદી, પ્રહ્લાદ પારેખ વગેરે નામધર વિદ્યાર્થીઓએ, શ્રી કૃષ્ણલાલ ભટ્ટ, કાન્તિલાલ દવે, જયંતી પારેખ, જયંતીલાલ ઝવેરી આદિ કલાદીક્ષિતોએ મુંબાઈનાં વકીલ દંપતી તથા શુક્લ દંપતીએ, શ્રી સોનુબેન જેવાં બહેનોએ અને બીજા વિદ્વાનોએ અહીંનો સંસ્કારસંપર્ક ગુજરાતમાં ઉતાર્યો છે. બ્હેન શ્રીમતી હઠીસીંગ તો અહીંના વિદ્યાપુત્રી બન્યાં હતાં. શેઠ અંબાલાલભાઇનું તો આખું ઘર શાન્તિનિકેતનનું દીક્ષિત ગણાય.

અને સ્વ. ગુરુદેવ પણ ગુજરાતને ક્યારે વિસર્યા હતા? તેમણે તો છેલ્લી ઘડીએ પણ શાન્તિનિકેતન ગુજરાતના ગાંધીજીને જ ભળાવી દીધું હતું. તેમનાં પાલિતા પુત્રી પણ ગુજરાતનાં ભાટિયા બહેન છે. ગુજરાતે શાન્તિનિકેતન પર ઘેરો કર્યો કે શાન્તિનિકેતને ગુજરાતમાં ઘર કર્યું તે કહેવું મુશ્કેલ છે. શાન્તિનિકેતનના કલાકારો ગુજરાતમાં આવી વસી ગયા. શ્રી વિનાયક માસોજી તો ગુજરાતી જ લાગે. શ્રી સુરેન્દ્રનાથ કાર તો શ્રી અંબાલાલભાઇના મહાલયની રૂપયોજના કરવા વરસમાં અનેક વાર હજી અમદાવાદ આવે છે. શ્રી નંદબાબુ હરિપુરામાં સેવા આપી ગયા; અને વડોદરાના કીર્તિમંદિરમાં ભીંતચિત્રો ચીતરવા હજી દર વર્ષે આવે છે. અને ક્ષિતિમોહનસેન તો ગુજરાતનાં ગામડાંઓમાં વાસ કરી સરસ મિત્રમંડળ જમાવી ગયા છે. આમ, શાન્તિનિકેતન સાથે કલકત્તાનો સંબંધ હોય તે કરતાં ગુજરાતનો સંબંધ



શ્રીનિકેતન જતાં માર્ગમાં એક સુંદર દશ્ય (ફોટો-નરેન્દ્ર)



ગુરુદેવના પુત્ર શ્રી રથીન્દ્રનાથ ટાગોરને
શ્રી 'માસ્ટર મોશાય' (નંદબાબુ) પ્રદર્શનનાં ચિત્રો બતાવે છે.

વધ્યો છે, ગયે વર્ષે શ્રી મેઘાણીભાઈ પણ લોકસાહિત્યનો ત્યાં વર્ષાવ કરી ગયા હતા. આવા સ્થાનમાં મારું જવું કોઈ મોટું આશ્ચર્ય હોય એવું હું માની શકતો નથી. શ્રી નંદબાબુએ જ કહ્યું હતું કે 'રવિભાઇને હું અતિથિ તરીકે ગણતો જ નથી. આ તો તેનું ઘર છે. આમંત્રણના વિધિની તેને જરૂર હોય નહિ.' તેમનો એ આત્મીયભાવ તેમણે ત્રણે દિવસ સુધી મારી પૂરી ખબર રાખીને સિદ્ધ કરી બતાવ્યો હતો. છેલ્લી એક મોટી બીમારી આવી ગયા પછી તે થાકેલા રહે છે. તેથી જ્યારે તે જાતે ન મળી શકે ત્યારે તેમના સુપુત્ર વિશુદા કે બીજા કોઇ વિદ્યાર્થી મારફત મારી તકેદારી રાખ્યા વિના રહેતા નહિ.

શ્રી ક્ષિતિબાબુ

● શ્રી નંદબાબુને મળીને મેં પ્રથમ શાન્તિનિકેતનને પૂર્ણ રૂપે અવલોકી લેવાની ઈચ્છા બતાવી, એટલે તેમણે શ્રી કલામને કહી દીધું કે અહીં હજી બધા ઉત્સવોમાં પડ્યા છે, પણ શ્રીનિકેતન કાલે બંધ થવાનું છે; માટે તે તો આજે ને આજે જોઇ આવો. દરમિયાન અહીંનો પ્રોગ્રામ કેમ રચવો તે કાલે સવારે 'મ્યુઝિયમ'માં સાથે (અનુસંધાન પૃ૦ ૪૦૪)

અંતરીક્ષમાં તરતો ટાપુ



વિજ્ઞાનના અદ્ભુતરસની ભૂમિકા પર ગૂંથેલી એક વાર્તા

અંગ્રેજી ઉપરથી ઉતારનાર

ચન્દ્રમણિશંકર જેઠાલાલ પંડિત

કળી ન શકાય એવા કોઈ બળ વડે મનુષ્ય પૃથ્વીને ચોંટી રહ્યો છે, અને ગુરુત્વાકર્ષણના એ બળથી તેને મુક્ત કરવા વિજ્ઞાને કમર કસી છે. હાલમાં અમુક અંતર અને સમય સુધી મનુષ્ય અંતરીક્ષમાં પ્રવાસ કરવા શક્તિમાન થયો છે, પણ હવે તે પોતાને અદ્ધર રહેતાં અટકાવનાર એ ગુરુત્વાકર્ષણના બળ પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવવા પ્રયત્ન કરી રહ્યો છે. આ પાર પડે તો એનાં સંભવિત પરિણામો તરીકે અનેક વિચિત્ર ઘટનાઓ બને, જેમાંની એકનું કલ્પનાચિત્ર આ વાર્તામાં આપવામાં આવ્યું છે. આશા છે કે આનું વાચન વાચકોને રસપ્રદ અને મનનીય નીવડશે.

૧–હવાના ચાંચિયા

છેલ્લું ભયંકર વિશ્વયુદ્ધ પૂરું થઈ ગયું છે અને પૃથ્વીનાં રાજ્યોનું સમવાય તંત્ર સ્થપાયે આઠ વર્ષ થયાં છે. ૧૯૫૧ની સાલ ચાલે છે. ગત યુદ્ધમાં અને ત્યાર પછી દુનિયાએ વિજ્ઞાનમાં ખૂબ જ પ્રગતિ કરી છે. પ્રવાસ તથા વ્યાપારનાં ક્ષેત્રોમાં આકાશી યાનનો ઉપયોગ એક સાધારણ વસ્તુ થઈ પડી છે. વિશેષમાં આકાશી યાનની ઝડપ તથા તેના ઉડ્ડયનમાં ઘણા ભારે ફેરફાર અને સુધારા થયા છે.

પાન–ઓશિયેનિક ઍર વેઇઝની ઑફિસમાં બે માણસો વાતો કરતા બેઠા છે. એક પાન–ઓશિયેનિક ઍરવેઈઝનો મૅનેજિંગ ડાયરેક્ટર છે. પોતાના મગજ પરનો કાબુ સારી પેઠે ખોયો હોય એવી શાખ પૂરતો એનો ચહેરો ખૂબ બેબાકળો છે. એની સામે સ્કૉટલૅન્ડ યાર્ડના ગુન્હાશોધક ખાતાનો ચીફ ઈન્સ્પેક્ટર ટ્રેન્ટ એની વાત સાંભળતો બેઠો છે.

'એ લોકોનું થાણું ક્યાં છે એ હું જાણવા માગું છું. ૧૯૪૮ની સાલથી–એટલે પૂરાં ત્રણ વર્ષથી–હવાના ચાંચિયા આપણી સામાજિક અને ઔદ્યોગિક સંસ્કૃતિ પર પ્રહાર કરી રહ્યા છે. પ્રત્યેક મહિને તેઓ નિયમિત રીતે આપણાં હવાઈ વિમાનોની ચોરી કરે છે. તેમનો એકે દાવ ખાલી જતો નથી. આવી જંગી લૂંટ ચલાવનારાઓએ કોઈ સ્થળે તેમનું થાણું સ્થાપેલું હોવું જ જોઇએ કે જેનો આપણને પત્તો લાગતો જ નથી'

આમ બોલી પોતાની મૂઠી જોસથી ટેબલ પર ઠોકી તેણે ઉમેર્યું: 'ગમે તેમ કરીને પણ આ અટકાવવું જ જોઇએ, અને તે પણ જલદીથી; નહિ તો વેપારમાં દેવાળું કાઢવા વારો આવશે અને હું કાઈ અશક્ય વસ્તુ કરવાની માગણી કરતો નથી.'

ટ્રેન્ટ ખુરશીમાંથી ઊભો થયો, અને માથે ટોપી મૂકી ખૂબ વિચાર કરી કહેતો હોય એમ બોલ્યો: 'મિ બર્નર્સ, આ બાબત ઍર ફોર્સ (હવાઇ દળ)ના હાથમાં સોંપવા જેવી છે. આમાં અમે કાંઈ કરી શકીએ એમ નથી. તમે ફરીથી એ લોકો સાથે આના સંબંધમાં વાતચીત કરો. તેઓએ ઘણા વખતથી આ વાત હાથમાં લીધેલી જ છે, તો પછી હવે તમે શહેરની પોલીસની મદદ શા માટે માગો છો? મારે મન એક વાત ચોક્કસ છે, કે તેમણે એકે થાણું સ્થાપ્યું નથી, નહિતર ઇંગ્લંડ અને યુનાઇટેડ સ્ટેટ્સની પોલીસની આજ ઘણા વખતથી ચાલી રહેલી એની તપાસ છતાં તેનો પત્તો લાગ્યા વિના કેમ રહે?'

'હું તે જાણું છું;' બર્નર્સે ખૂબ અકળાઇને કહ્યું: 'અને યુરોપ ખંડમાંથી જે સમાચાર આવે છે તે તમારી હકીકતને ટેકો આપે છે; છતાં તમને એ તો ખબર હોવી જોઇએ કે એ ચાંચિયાઓનાં અત્યાર સુધીમાં આશરે પંદર વિમાનો જુદાજુદાં દેશની પ્રજાઓ તરફથી તોડી પાડવામાં આવ્યાં છે, છતાં તેની સંખ્યામાં ઘટાડો થતો નથી.

વળી, તેમની પાસે *સ્ટ્રૅટોસ્ફિયરમાં પ્રવાસ કરનારાં બળવાન યાનોનો એવો મજબૂત કાફલો છે કે જેની જોડ કોઈ સ્થળે શોધી મળે એમ નથી. અને તે કોઈ ખાનગી પેઢી તરફથી પણ બનાવવામાં આવતાં નથી; તો કોઇ સ્થળે એને માટે પૂરતાં સાધનોવાળું પ્રથમ દરજ્જાનું કારખાનું તેમજ એ ચાંચિયાઓનું ઍરોડ્રોમ (હવાઈ વિમાનો રાખવાનું સ્થળ) પણ હોવું જ જોઇએ. અને આવું મોટું તોસ્તાન કાંઈ પકડાયા વિના છૂપું રહી શકે નહિ'

'વારુ; હું તમને આ કામ માટે એક ખાસ માણસ

---

* પૃથ્વી તળની ઉપર આશરે સાત માઈલ સુધી ટ્રૉપોસ્ફિયર નામનું વાતાવરણનું પડ આવેલું છે જેમાં ઊંચે જવા સાથે વાયુની ગરમીમાં ઘટાડો થતો જાય છે, એ પડ ઉપર આવેલું વાતાવરણનું પડ સ્ટ્રૅટોસ્ફિયર કહેવાય છે. તેમાં ઉષ્મામાન સ્થિર રહે છે.

આપીશ.' ટ્રેન્ટે ફરી ખુરસીમાં બેસતાં કહ્યું, 'જો આવું કોઇ થાણું અસ્તિત્વમાં હશે તો જરૂર શોધી કાઢશે. એટલું તો ચોક્કસ છે કે આમાં કોઈ ભારે ભેદ રહેલો છે. બ્રિટન અને યુરોપનાં સંયુક્ત દળો તથા અમેરિકન દળો આ ચાંચિયાઓનું થાણું શોધી શક્તાં નથી તો એને માટે કોઇ માર્ગ તો લેવો જ પડશે. તમે ફિકર કરશો નહિ. હું યે એ માણસની મદદમાં રહીશ અને તમે પણ તમારાથી બનતી મદદ કરજો.'

'તેની ચિંતા નહિ. તમે જે કહેશો તે મારા તરફથી હાજર કરવામાં આવશે. વળી, અમારી કંપનીએ તેમને પકડવા પાંચ હજાર પૌંડનું ઈનામ કાઢ્યું છે તે પણ તમારા ધ્યાનમાં હશે.' બર્નર્સે જવાબ આપ્યો.

૨–'ઍટલાન્ટિક સ્ટાર'

ન્યૂયૉર્ક જવા સાંઝે ઊપડતું, માલ લઇ જનારું વિમાન છ મોટરોનો ધીમો છગછગાટ કરતું ઊપડવાને માટે કંટ્રોલ-ટાવર પરની લીલાપ્રકાશની ત્રિકોણાકાર સિગ્નલની રાહ જોતું હતું. ત્રણ કલાકમાં એ અમેરિકા પહોંચી જતું. એના ઊંડા ભંડારોમાં એની છેવટની શક્તિ અનુસારનો ૪૫ ટનનો બોજો ભરવામાં આવ્યો હતો. એનાં સઘળાં પ્રવેશદ્વાર સીલ કરી બંધ કરવામાં આવ્યાં હતાં. આખા મશીનને સીલ કરી એના ધાતુતળમાં કોઈ સ્થળે છિદ્ર રહી ગયું ન હોય તેની પૂરેપૂરી ચોકસી કરવામાં આવી હતી. એને ઊપડવાને માટે માત્ર સિગ્નલ થવાની વાર હતી.

જૉન લેઈન પાઈલટની ગદેલી ગાદીવાળી બેઠક પર કંટ્રોલ-ટાવર સામે નજર માંડી બેઠો હતો. પ્રથમ નારંગી રંગના પ્રકાશનો ઝબકારો થયો અને એણે ઍક્સીલરેટર બઢાવ્યું. મોટરોનો અવાજ એકધારો ને ઘેરો બન્યો અને એનાં મોટાં પૈડાં લાકડાના કટકા સામે જોરથી ઘસાયાં. એવામાં તો લીલો પ્રકાશ થયો, લાકડાના કટકા ઝાટકા સાથે દૂર થયા, અને આ મોટું વિમાન આસાનીથી ઊંચે ઊડવા માંડ્યું.

એની નીચેનું વાહન પાછું ખેંચાયું એટલે એ મશીન એના પૂરા બહારમાં દૃષ્ટિએ પડ્યું. એની અણિયાળી ચાંચથી માંડી, ત્રણસો ફૂટની એની પહોળી પાંખો આગળ થઇને ઘટ્ટ પુચ્છમૂળ સુધીનું 'ઍટલાંટિક સ્ટાર'નું આખું અંગ અપૂર્વ શોભા ધારણ કરતું હતું, અને સાથે સાથે ૧૯૫૦ની સાલના ઈજનેરોની બુદ્ધિ અને કુશળતાની સાક્ષી પૂરતું હતું.

સ્ટ્રૅટોસ્ફિયરનું પ્રવાસી એ વિમાન ત્રીસ ડિગ્રીના કોણના વળાંકે ઊંચે ઊડ્યું, અને ઊંચાઇ માપવાના યંત્રમા ચાળીસ હજાર ફૂટની ઉંચાઈ નોંધાઇ એટલે જૉન લેઇને તેની ઊંચી ગતિ અટકાવીને સીધું ચલાવવા માંડ્યું. પછી એણે નીચે દૃષ્ટિ કરી. ઊન જેવાં વાદળાંના ઢગલા હવે માલુમ પડતા હતા, જ્યાંથી પૃથ્વીતળ મુદ્દલ દેખાતું ન હતું. આવા કુદરતી પડદાના ઓથે, વાતાવરણના ભર દરિયામાં, હવાઇ ચાંચિયાઓને, કલાકના હજાર માઈલની ઝડપે ઊડતાં વિમાનોમાં લૂંટ કરવી એ સામાન્ય ટ્રેન લૂંટવા જેટલી સહેલી પડતી!

બર્નર્સે આમાં માત્ર એક જ પાઇલટ આપ્યો હતો એ યોગ્ય કર્યું ન હતું. અત્યાર સુધીમાં ચાંચિયાઓએ કેવળ મુસાફરોનાં વિમાનો પર જ હુમલા કર્યા હતા; પણ તેથી માલ લઇ જનારાં વિમાન પર હુમલો ન થાય એની ખાત્રી નં હતી. લેઇને વારંવાર એક વધારાનો માણસ માગ્યો હતો, પણ તેની કાંઇ અસર થઈ નહિ. આનું કારણ એને સમજાયું નહિ, કેમકે બર્નર્સને વિમાનમાં એક બે વધારે પાઈલટ આપવાથી જે વધારે ખર્ચ થાય એમ હતું તેના કરતાં ચાંચિયાગીરીથી એને બહુ ભારે નુકસાન થતું હતું.

તાલીમ લીધા પછીની લેઈનની આ પાંચમી મુસાફરી હતી. ચાંચિયાઓના એકાદ શ્યામવર્ણના ગોઝારા વિમાનનો ભેટો જલદી થઇ જાય એમ એ ઈચ્છતો હતો. છ મહિનાથી એને પકડવાના પ્રયત્નો થઈ રહ્યા હતા, પણ તે નિષ્ફળ ગયા હતા.

આ વિચારોને મનમાંથી તિલાંજલિ આપી લેઇને વિમાનને આંતર્જ્વલન (કમ્બશ્ચન)ના સ્ક્રુ એન્જિનને બદલે અતિશય શક્તિવાળી હવાઇ (રૉકેટ)ની મોટરોથી ચલાવવાની તૈયારી કરી. એણે તરત ચાંપ દબાવી જ્વલન બંધ કર્યું એટલે એન્જિન બંધ થયાં, અને છ મોટરો અટકી જઇને એકેએક પાંખ નીચેનાં એમનાં ખાનામાં પેસી ગઇ. પછી તરત જ એણે હવાઇઓ છોડવાનો પ્રબંધ કર્યો.

એકદમ પાછલા ભાગમાંથી નારંગી રંગની નવ જ્વાળાઓ એક ઝાંખા મેઘધનુષ્યના રંગના પ્રકાશિત સ્તંભના આકારમાં ભેગી થઇને બહાર નીકળી, અને મેઘગર્જનાથી પણ ભીષણ ગડગડાટ કરતો અવાજ નીચે જમા થએલાં વાદળાંમાંથી પ્રતિધ્વનિ ઉત્પન્ન કરતો ચોમેર ફેલાયો. કોઇ જંગી ગોળા છોડનારા યંત્ર (કૅટેપુલ્ટ)માંથી જાણે છોડવામાં આવ્યું હોય નહિ, એમ 'ઍટલાંટિક સ્ટાર' તીરની માફક ઊંચે ઊડ્યું. નીચેનાં વાદળાં, ભૂખરા ઝાંખા રંગના આડા અવળા લીસોટા જેવા જણાવા માંડ્યા અને ઉપરના ભાગમાં કૃષ્ણવર્ણીય આકાશ તારાઓથી જડેલા ઘુમ્મટસમ દેખાયું.

લેઇને રેડિયોની ચાંપ દબાવી નીચે સંદેશો મોકલ્યો: 'ઍટલાંટિક સ્ટાર લંડનને બોલાવે છે. બધું ટાઇમટેબલ પ્રમાણે ચાલે છે. સૌ સારું છે. સાહેબજી.'

પછી ગાદીની બેઠક પર આરામથી બેસી એણે ખરતા તારાઓનું નિરીક્ષણ કરવા માંડ્યું. એમ કરતાં તે ઓચિંતો ટટ્ટાર થઈ ગયો, કારણકે તારાઓની મધ્યમાં પ્રકાશનો એક બીજો લીસોટો એણે જોયો. એ મોટો, તેજસ્વી, નારંગી રંગનો હતો ને ધીમેથી લાંબી અણિયાળી વક્ર રેખામાં જતો હતો.

એકદમ એણે પોતાના વિમાનની ચાંચ નીચે નમાવી અને અધોમુખ સુસવાટા સાથે એટલી બધી ઝડપથી ઊતરવા માંડ્યાં કે જાણે એ વિમાનના કલેવરથી એની પાંખો તૂટીને

જુદી પડી જશે! પણ હવે એને બચવાનો આરો ન હતો. ત્રણ મિનીટની ચેતવણીનો રેડિયો ઘંટ વાગ્યો:

'હલ્લો, ઍટલાંટિક સ્ટાર! સીધું થઈ જા, અને એક-ધારી ગતિથી ચલાવ્યે જા! ખબરદાર! કંટ્રોલ-સ્વિચને હાથ લગાવતો નહિ. તારો રેડિયો બંધ કર. એમાં ભૂલ કરી છે તો તને તોપથી ઉડાવી દેવામાં આવશે!'

૩ ચાંચિયાનું વિમાન

લેઈને હોઠ પીસ્યા અને પેલાના કહેવા પ્રમાણે કર્યું. રેડિયોનો કરન્ટ બંધ કરી પછી શું બને છે એની રાહ જોતો એ બેઠો. તેજનો પ્રકાશ અતિશય ઝડપથી વિમાનના સ્વરૂપે પ્રત્યક્ષ થયો. એ સ્ટ્રેટોસ્ફિયરમાં ફરનારૂં એક રાક્ષસી વિમાન હતું. એની પાંખો ઓછામાં ઓછી ૪૦૦ ફૂટ પહોળી હતી. એના કાળા કલેવર પર ફરતી યાંત્રિક બંદુકોવાળા અનેક ઘુમ્મટો હતા જે આકાશની કોઈ પણ દિશાને આવરી શકે એમ હતા.

અતિશય હોશિયારીથી ચાંચિયા-વિમાનને 'ઍટલાન્ટિક સ્ટાર'ની બરોબર ઉપર લાવવામાં આવ્યું. હવાના સખ્ત વીંઝાતા પ્રવાહમાં પોતાના મશીનને મહા મુશ્કેલીએ ઠેકાણે રાખી લેઇને ઊંચે જોયું તો એક બહુ આશ્ચર્યકારક દેખાવ એની નજરે પડ્યો.

એ કાળા વિમાનના તળિયામાં, દૂરબીનની પેઠે એક-મેકમાં પેસતાં ભૂંગળાં જોડાઇને એક લાંબું ભૂંગળું બન્યું અને તેમાંથી એક માણસ, હવા ન પ્રવેશી શકે એવો વજનદાર પોષાક પહેરી ઑક્સી-એસીટેલાઇન બ્લો-ટૉર્ચ સાથે નીચે ઊતર્યો. તેણે 'ઍટલાંન્ટિક સ્ટાર'નો થોડો ભાગ કાપી નાંખ્યો અને એમાં પેલું ભૂંગળું પેસાડી તે દ્વારા તે 'સ્ટાર'માં કૂદી પડ્યો. એવી તો સફાઇથી તેણે આ કામ બજાવ્યું કે લેઇનને, પોતાનું વિમાન વાંકું થઈ સીધું થતું લાગવા છતાં, પડદા ઘાટના એની પાછળ આવેલાં દ્વાર ખોલી પેલો માણસ પેઠો અને એને તમંચાથી આવરી ઊભો રહ્યો ત્યારે જ એ ઘટનાની એને ખબર પડી.

પોતાના મોંપરના ટોપની પ્લેટ ખસેડી પેલા માણસે હુકમ કર્યો: 'ઊંચે ચડવાનું શરૂ કરો અને સો માઇલ પહોંચતાં સુધી ઊડ્યાં કરો'. પછી એણે લેઇનના રેડિયો દ્વારા પોતાના વિમાનને, કામ બરોબર પાર પડ્યા વિષે તથા થાણા તરફ હંકારતો હોવાના ખબર આપ્યા.

અરધા કલાક સુધી કોઈ બોલ્યું નહિ. લેઈન ખૂબ ગૂંચવાતો હતો, કેમકે આટલે ઊંચે જવાનું કારણ એને સમજાતું ન હતું. સો માઇલ ઊંચે જવું એ તો ગાંડપણ કહેવાય, કેમકે 'ઍટલાંટિક સ્ટાર'ની ઊંચાઈની છેવટની હદ પંચાણુ માઇલની હતી, અને જો નળીઓ અતિશય ગરમ થઈ જાય તો....

'હવે એટલું ઊંચે જવું બહુ જોખમકારક છે, કેમકે વિમાન ફાટી જવાનો ભય છે.' લેઇને આખરે કહ્યું.



પોતાની બેઠક સામેની બારીમાંથી લેઇને જોયું તો અરધા અરધા માઇલની લંબાઈ પહોળાઇનો, સમચોરસ આકારનો, કાળા ડેબાણ રંગના વાદળા જેવો, સેંકડો ફૂટ જાડાઇનો ધાતુનો એક તરતો બેટ જણાયો.

પેલા ચાંચિયાએ પોતાનો તમંચો ધીમેથી હલાવી એને ચૂપ રહેવા ફરમાવ્યું.

એમ ને એમ તેમણે ચડયા કર્યું અને એ લોકોનું થાણું કયાં હશે એનો આશ્ચર્યથી લેઇન વિચાર કરવા લાગ્યો. હવાઇઓની સખ્ત ગર્જનાઓ દૂરથી આવતી પ્રેતની તીણી ચીસોની માફક સંભળાતી હતી પાતળી હવાનો ઘસારો હવે બંધ થયો, અને તે વિમાનના કલેવર આગળથી સિસકારા કરતી વિચિત્ર રીતે પસાર થવા માંડી. પ્રત્યેક પળે હવાઇની નળીઓ વધારે ને વધારે ગરમ થવા માંડી અને લેઇનને તેનું વરાળમાં રૂપાન્તર થવાનો અને તેથી પોતાનો અને વિમાનનો નાશ થવાનો ભય લાગ્યો. આ પ્રકારના વિચારોમાં એ ગરકાવ થએલો હોવાથી એના સમક્ષ શી વસ્તુ આવીને ઊભી રહી હતી એનું એને ભાન થયું નહિ. પણ ઓચિંતી તેના પર નજર પડતાં ગ્રિગ'નની કળો પકડીને ફાટી આંખે પથ્થરની જેમ તે સ્તબ્ધ બની એ વસ્તુને જોઇ રહ્યો; કારણકે જે દેખાવ એને દષ્ટિગોચર થયો એ અતિશય ભીષણ અને હદ ઉપરાંત ભવ્ય હતો. 'અટલાંટિક સ્ટાર'ની સમક્ષ, પૃથ્વી તળથી સો માઈલની ઊંચાઇએ, કાળા ડેબાણ રંગના વાદળા જેવો એક અતિશય મોટો ધાતુનો તરતો બેટ આવી રહ્યો હતો!

૪ તરતો બેટ

અરધા અરધા માઈલની લંબાઇ તથા પહોળાઇનો, લગભગ સમચોરસ આકારનો, અને સેંકડો ફૂટ જાડાઈનો એ તરતો બેટ તારાઓની સામે અકલ્પ્ય રીતે ઝગઝગી રહ્યો હતો, અને પતરાંથી જડેલી તેની ઊપસેલી બાજુઓ લાખો પ્રકાશવાન પૉર્ટહોલોથી સજીવ માલુમ પડતી હતી. એના સપાટ તૂતકની આસપાસ એક નીચી બાંધણીનું, ઉપરાઉપરી ચણેલા માળવાળું બાંધકામ કરેલું હતું, અને પ્રત્યેક માળની આસપાસ અંદરની બાજુ ફરતી ગૅલેરી હતી. કાચને અતિશય મળતી આવતી કોઈ વસ્તુથી તે મકાનો બાંધેલાં હતાં. એ ટાપુની એક બાજુએ આવેલા ચપટા ટાવર પરથી પડતી શીળી પણ પૂરતા પ્રકાશવાળી તેજશિખાથી એમાં ઊતરવાનો પ્રદેશ સ્પષ્ટતાથી નજરે પડતો હતો. દેખીતીરીતે એ ગંજાવર બાંધકામનું વજન હજારો ટન હોવું જોઇએ.

'ઓ પ્રભુ!' લેઇને હળવો ઉદ્ગાર કાઢ્યો. એ એવો તો આભો બની ગયો હતો કે પેલા ચાંચિયાએ એનો ખભો ત્રીજી વખત થાબડ્યો ત્યારે તેણે ભાનમાં આવી ઊંચે જોયું.

'હું હવે આને ઉપર લઉં છું,' પેલા ચાંચિયાએ કહ્યું: 'દૂર રહેજો, અને કોઈ પણ કળ ચાલુ કરશો નહિ, નહિ તો આ વિમાન પેલા જહાજને અથડાશે ને તેથી તે એના પર ઊતરી શકશે નહિ.'

જવાબમાં માથું હલાવી લેઇન કળોને બંધ કરી ઊભો થયો. પેલો બેટ મોટો થતો હોય એમ જણાયું, અને તે નજીક આવ્યો ત્યારે હાલતો લાગ્યો: 'ઍટલાંટિક સ્ટાર'ની ઝડપ તો કલાકના હજાર માઈલથી યે વિશેષ હતી, અને પેલા બેટમાં ઊતરવાના પ્રદેશનો વર્તુલાકાર ભાગ, એની ગણત્રી પ્રમાણે, માત્ર દોઢસો માઈલની ઝડપે તેમના તરફ આવતો હતો. એને હવે વધારે જોવાનો સમય મળ્યો નહિ, કારણકે તેઓ એ ભાગ પર આવી પહોંચ્યા હતા, અને પેલો ચાંચિયો અતિશય કૌશલ્યથી નજીક આવી પહોંચતાં એ તળ પ્રદેશમાં ઝાંખી રીતે દોરેલી એક સમચોરસ આકૃતિના મધ્ય ભાગમાં આ વિમાનને હાંકી લાવતો હતો.

વિમાનની નીચેનું વાહન આંચકા સાથે છૂટું થઈ ગયું ને તેનાં પૈડાં બેટના તળ ભાગને અડક્યાં, એટલે વિમાનને તેણે એ સમચોરસના મધ્યમાં એક મારી સ્તંભાવી દીધું. તરત જ ભારે હચમચાટ થયો. ચાંચિયો હવાઈનું જ્વલન બંધ કરી ફક્કો મારી લેઇન સામે અંકુશ ધરી ઊભો રહ્યો.

'લેશ પણ હાલતા નહિ, અને હવાઇઓ સાથે ચેડાં કરતા નહિ. વિમાનને તળપ્રદેશમાં સજ્જડ કર્યું છે, એટલે જો કાંઇ પણ કર્યું તો તમે ને રૉકેટ મોટર બંને નીચે જશો.'

તેઓ હવે ધીમેધીમે નીચે ઊતરતા હતા. તળ પ્રદેશમાંનો એ સમચોરસ, એક લિફ્ટ (ઊંચેનીચે જવાના ફંડ) જેવો હતો, અને જેમજેમ તળપ્રદેશ સરકીને ઊંચે જવા લાગ્યો તેમતેમ એ બેટનો અંદરનો ભાગ લેઈનના જોવામાં આવ્યો. તે બેટ વિમાનોના જબરદસ્ત સંગ્રહસ્થાન રૂપ હતો, અને તેમાં કાળા રંગથી રંગેલાં પારવિનાનાં વિમાનો હતાં. હવા પણ પ્રવેશી ન શકે એવા પોશાકમાં સજ્જ થએલા ઘણા માણસો નીચેના ભાગમાં ઊભા હતા. પેલી લિફ્ટ નીચે સ્થિર થઈ એવો જ તેમણે તેની નીચેના વાહનની આસપાસ એક જબરદસ્ત દોર નાંખ્યો, અને વિન્ડલાસ (રેંટ)ની મદદથી એને પ્લૅટફૉર્મ પરથી ઊચકીને બહાર ખસેડી લીધું. પછી લિફ્ટ, એમની સોબતમાં જે ચાંચિયાનું યુદ્ધવિમાન હતું તેને લેવાને ઊંચે ચડી.

લેઇનને હવે હવા પ્રવેશી ન શકે એવો પોશાક પહેરવો પડ્યો. પછી તે સ્થળની પેલી પાર જઇ તેઓ દીવાલ નજીક પહોંચ્યા, એટલે એક વાયુના દબાણથી સજ્જડ બંધ થએલો પડદો ઊઘડ્યો. તેમાં પ્રવેશી હવાના સરખા દબાણવાળી અંદરની ગૅલેરીમાં તેઓ પેઠા. ત્યાં પેલા ચાંચિયાએ મોં પરની પ્લેટ દૂર કરીને લેઇનને પેલો પોશાક ઉતારી નાખવા કહ્યું

તે અગવડવાળો ભારે પોશાક એણે ખુશીથી કાઢી પોતાનો અસલ પોશાક પહેર્યો. ત્યાં એને જે પ્રથમ અનુભવ થયો તે એ હતો કે શ્વાસમાં લેવાતી ત્યાંની હવા રાસાયણિક સ્વાદવાળી હતી; પણ એનો સ્વાદ કાંઇ ખરાબ ન હતો. થોડા શ્વાસ લીધા બાદ એને માલુમ પડ્યું કે તેમાં ઑક્સિજન વિશેષ હતો કેમકે તેનાથી તેના મનમાં કાંઈ ઓર પ્રકારનો ઉલ્લાસનો ભાવ ઉત્પન્ન થતો હતો.

'લેઈન, હવે ગૅલેરીમાં સીધા આગળ ચાલો.'

ચાલતાં તેને સ્થળે સ્થળે અવનવી વસ્તુઓ જોવા મળી. વાયુની ઉષ્માનું નિયમન કરનારાં સાધનોવાળા ઓરડા ત્યાં હતા, અને પ્રત્યેક સો વારના છેટે યંત્રો મૂકેલા હતા, જેમાં તેતે સ્થળના હવાના દબાણ ને ભેજની, કાંટાઓથી નોંધ થતી હતી. વળી, તે યંત્રોની નીચે આગ લાગે તો શું કરવું એની સૂચનાઓના છાપેલા કાગળો ચોડ્યા હતા. ઓરડાની વચ્ચે એવા સરતા પડદાવાળાં કમાડ નાખ્યાં હતાં કે તેને સેરવી બંધ કરવાથી આગ આગળ વધી શકે નહિ.

વળી, ત્યાં નિયમિત અંતરે દૃશ્ય-શબ્દ-વાહક યંત્રોની યોજના કરી હતી. બેટની દીવાલોમાં ગાબડું પડે તો તેને પૂરવા સજ્જડબંધ કરી શકાય એવાં વાયુનિરોધક ખાનાં મૂકવામાં આવ્યાં હતાં અને સૌથી અર્થસૂચક તથા અપશુકનિયાળ વસ્તુ તો ત્યાં એ હતી કે એ ગૅલેરીના બાંધકામમાં ચોમેર ફરતા, દરેક બાજુએ, સ્થળેસ્થળે મશીનગનવાળા અંગ ચણી લેવામાં આવ્યા હતા, જે ગમે તે દિશાએથી હુમલો કરવા આવતી ટોળીને તસુએ તસુ જગ્યા પર આવરી શકે એમ હતા. વાસ્તવિક રીતે કહીએ તો ત્યાંની બધી વ્યવસ્થા પરાકાષ્ઠાએ પહોંચેલી પરિપૂર્ણતાનું મૂર્તિમાન સ્વરૂપ હતું, અને એમાં કોઈ પણ જાતની ઊણપ ન હતી.

૫-પ્રતિભાવાન વ્યક્તિ

ગૅલેરીનો આશરે ત્રણસો વારનો માર્ગ વટાવ્યા પછી લેઇન ધાતુના એક ચંદાવાળા દ્વાર આગળ આવી ઊભો. પેલા ચાંચિયાએ એના પરની ચાંપ દબાવી એટલે દ્વાર પર ઝાંખા જાંબુડિયા રંગનો દીવો મટકાં મારતો પ્રકટ્યો. તરત જ દ્વાર ઊઘડ્યું ને પેલાએ લેઇનને અંદર પેસવા કહ્યું.

અંદર એક વિશાળ ઓરડો જોવામાં આવ્યો, જે એક પૉર્ટ હોલની માફક હોઇ તેમાંથી પ્રકાશિત આકાશ દૃષ્ટિએ પડતું હતું. અંદરથી વંકાતા છ ફૂટ જાડા કાચનું તે પોર્ટ હતું, અને ઓરડાની બીજી બે બાજુઓ સાથે તે જોડાઈ નાળના આકારનું બુકકેસ બની રહેતું હતું. તેના પર જાતજાતનાં મોટાં પુસ્તકો દબદબા સાથે ગોઠવવામાં આવેલાં હતાં. પણ લેઈનને તે જોવાની ફુરસદ ન હતી, કેમકે ઓરડાના મધ્ય ભાગમાં ડેસ્ક પાછળ એક માણસ બેઠો હતો તેના પર જ એનું સઘળું લક્ષ કેન્દ્રિત થયું હતું.

એ મનુષ્ય ઊંચો, પણ પાતળો નહિ હોવા સાથે બેઠેલો હોવા છતાં એવી સ્ફૂર્તિ ને ચપળતા દાખવતો હતો કે એને જોઇને કોઈ પણ માણસ કહી શકે કે એ બહુ શિસ્તબદ્ધ જીવન ગાળતો હોવો જોઇએ. સહેજ વાંકા અણિયાળા નાકવાળો એનો પાતળો ચહેરો નિષ્ઠુરતાના ભાવથી મુક્ત હતો, અને એનાં સુંદર ભવાં તથા અંજનસમ કાળા વાળ તેના દેખાવમાં વિશિષ્ટતાનો ભાવ અર્પણ કરતાં હતાં. પણ તેની આંખો વિલક્ષણ પ્રકારની હતી. ઊંડી બેઠેલી ને મોટી એ આંખો એવા તેજથી ચમકતી હતી કે તેને કોઈ ભૂલમાં યે મતાંધતાની ચમક તો ન જ ધારી શકે. એના ઊંડાણમાં પણ એ સ્પષ્ટપણે શક્તિનું અસ્તિત્વ દર્શાવી, એક પ્રખર બુદ્ધિમાન વ્યક્તિની આંખો હોવાનું ભાન કરાવતી હતી.

લેઇન એની પાસે ગયો એટલે એણે સ્મિત કર્યું. એની રીતભાતમાં કેદ કરનાર મનુષ્યનો લેશ પણ અંશ ન હતો. ઊલટું સ્નેહાળ યજમાન જેવું એનું વર્તન હતું.

લેઇનને ખુરશી પર બેસાડતાં સિગારેટની પેટી તેની સમક્ષ ધરી એણે કહ્યું: 'આ બહુ આનંદનો પ્રસંગ છે. આ સ્થળે મને ઘણી રસદાયક વ્યક્તિઓની મુલાકાત થઇ છે, પણ સ્કૉટલૅન્ડયાર્ડની સ્પેશિયલ ફૉરેઇન બ્રાન્ચનો ઈન્સ્પેક્ટર જૉન લેઈન મને કોઈ વાર આવી મુલાકાત આપવાનું માન આપશે એવો તો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો !'

આ કથનથી લેઇનને સહેજ પણ આશ્ચર્ય થયું નહિ, અને એણે ખુરસીમાં બેશી સિગારેટ સળગાવી. આ લોકોએ નીચેની દુનિયાના સમાચાર મેળવવાને અજબ પ્રકારની જાસૂસોની જાળ સર્વત્ર ગૂંથી દીધી હતી તે કેટલાક સમયથી એની જાણમાં હતું.

તેણે ઓરડામાં બારીક દૃષ્ટિ ફેરવી. દ્વાર અને બારીની વચમા મોટું કંટ્રોલ બૉર્ડ (નિયમન કળોનું પાટિયું), કે જે



એના અસંખ્ય ગ્રાહકો ને પ્રેમીઓની માફક 'કુમાર' આપને પણ ગમ્યું હોય અને જીવનમાં એનો સાથ ઉન્નતકર, ઉપયોગી અને આનંદદાયક લાગ્યો હોય તો આવતા વર્ષ માટેનું લવાજમ ચોંપ રાખીને હમણાં જ મોકલવાની વ્યવસ્થા કરી લોને!

'**વી.પી.**થી મંગાવી લઇશું' એવા ખ્યાલે વાત મુલતવી રાખવાનું નુકસાન બંને પક્ષે થાય છે. ઘણી વાર તો એવી સૂચના આપવાનું ભૂલી જ જવાય છે, અને ગેરહાજરીમાં આવી ચડેલું વી.પી. ઘેરથી કોઈ પાછું વાળી દે છે ત્યારે પોસ્ટેજનું સવાત્રણ આનાનું નુકસાન અમારે વેઠવું પડે છે.

અને યાદ રાખીને વી.પી.થી મંગાવો તો પણ આપને લવાજમ ઉપરાંત પાંચ આના વધારે ભરવા પડે છે; જ્યારે, મની ઑર્ડર કે પોસ્ટલ ઑર્ડર મોકલતાં બે જ આના વધુ થાય છે. તો પછી એ જ કરવું ઉચિત નથી?

હવે તેની દૃષ્ટિએ પડ્યું હતું, તેનો તેણે ખાસ અભ્યાસ કર્યો. તેના પર સેંકડો ચંદા ને ચાંપો હતી, અને તે એવી રીતે ગોઠવવામાં આવ્યાં હતાં કે એક સ્થળ પર બેસી ઊઠ્યા સિવાય એને અડકી શકાય. આખા ટાપુના ગૂંચવણભરેલા જ્ઞાનતંતુઓનું એ કેન્દ્ર હતું અને તે દ્વારા આખા ટાપુની અનેક ઘટનાઓનો એકમેક સાથે મેળ ખાય એવો પ્રબંધ કરી શકાતો હતો.

'ગુનેગારો તરીકે તમે કાંઈક વધારે સુધરેલા જણાઓ છો.' લેઇને કહ્યું. 'ખરેખર, એ દિલગીર થવા જેવું છે કે તમે બધા ફાંસીને લાકડે લટકવાના છો!'

પેલાના મોં પર સહેજ વિષાદની છાયા છવાઈ. 'હું નથી ધારતો કે એમ થાય.' એણે ધીમેથી ઉત્તર આપ્યો.

તે સાંભળ્યું ન હોય એવો ડોળ કરી લેઇન આગળ ચલાવ્યું: 'બહુ જ થોડા સમયમાં; અને તે પણ ત્રણ અઠવાડિયાંથી વધુ નહિ. વળી, હું અમુક સમયમાં પાછો નહિ ફરું તો બંને દેશોનાં હવાઈ દળ મારી શોધમાં ઊંચામાં ઊંચે સ્થળે જઇ વાયુ પ્રદેશમાં રોન ફરશે.'

પેલાએ ફરી સ્મિત કરી કહ્યું: 'હું એ માનતો નથી; પણ

જવા દોને એ વાત. છતાં મારે કહેવું જોઇએ કે તમે અહીં આવ્યા છો એટલે હવે તમને છૂટા મૂકવા એ અમારા માટે બહુ જોખમકારક છે. જોકે આપણે દુશ્મનો છીએ, તો યે આપણે એકમેકની સામે હાથોહાથ આવી જવાની કાંઈ જરૂર છે? થોડા કલાક માટે આપણે યુદ્ધવિરામ કરીએ તો કેમ?'

લેઇને ડોકું હલાવી હા પાડી.

'બહુ જ સરસ ! વારુ ત્યારે; હું હવે મારી ઓળખાણ તમને આપું? મારું નામ ગૉર્ડન લેવરેટ, કૅમ્બ્રિજનો ડૉક્ટર ઑફ ફિઝિક્સ (ભૌતિકવિજ્ઞાનવિશારદ).'

'અને જગત આખામાં બધાને ટપી જાય એવી પ્રતિભાવાળું મગજ ધરાવનાર!' લેઇનેગણગણતાં ઉદ્ગાર કાઢયાઃ 'હું તમને સારી રીતે ઓળખું છું.'

લેવરેટે સહેજ માથું નમાવ્યું અને કહ્યું, 'લેશ પણ બડાઈ માર્યાં વિના હું કહું છું કે આ સ્ટ્રૅટોસ્ફિયરના બેટનો ઉત્પાદક હું છું. વારુ, તમને આમાં કાંઇ રસ પડે છે?'

'ખરેખર, હું એના પર આફરીન છું.' લેઇને કહ્યું : 'એ શાના આધારે રહ્યો છે? અણુબળના આધારે?'

લેવરેટે માથું હલાવી કહ્યું, 'એ બળ, જેનાં સ્વપ્નાં કેટલા યે કાળથી મનુષ્ય સેવી રહ્યો છે, તેનાથી પણ ભારે બળથી. લેઇન, એ એક ભયભીત કરે એવું ગંજાવર બળ છે. અણુબળ, એ જે વસ્તુમાં સમાએલું છે તેના પ્રમાણમાં એક રીતે બહુ અદ્‌ભુત છે. પણ લેઇન, તું સમજી લેજે કે આ શક્તિ પ્રાપ્ત કરવાને તો જે મૂળભૂત શક્તિ સમસ્ત વિશ્વનું સંચાલન કરે છે તેનો જ ભંડાર ખોલવામાં આવ્યો છે; અને પછી જ તને તેની અગાધતાનું ભાન થશે.'

લેઇન એકીટશે એના સામે જોઇ રહ્યો હતો. એને મનમાં ખાત્રી હતી કે એનો એકે શબ્દ અસત્ય ન હતો; અને તેથી જ આખી દુનિયામાં તે બહુ જ ભયંકર મનુષ્ય હતો.

પછી પેલા વિજ્ઞાનશાસ્ત્રીએ ઊભા થઈ લેઇનને ટાપુ પર ફેરવી એનું રહસ્ય બતાવવાની ઇચ્છા દર્શાવી.

૬ ટાપુની રચના

ઓરડો છોડી તેમણે ગૅલેરી પર ચાલવું શરૂ કર્યું એટલે લેવરેટે એ ટાપુની રચનાનો સિદ્ધાંત સમજાવવા માંડયો.

'અંદરની બાજુથી એ ચક્રના આકારનો છે,—જોકે બહારથી કાંઇક સમચોરસ જેવો જણાય છે. એ દ્વીપ-ચક્રના આરા અતિશય મજબૂત રેણ કરી સજ્જડ કરેલા બંડ છે, અને પરિધ પર તે ભારે ગર્ડરોના બનેલા કંકણાકાર વલયના આધારે રહ્યા છે. આ ચોકઠા પર એનું ખોખું અને બાંધકામ કરવામાં આવ્યું છે, અને તેમ કરવામાં જે વધારે સ્થળની જરૂર પડી તેને લીધે તે ગોળ થવાને બદલે સમચોરસના આકાર બન્યો છે.

એના મધ્ય ભાગમાં એની ધરી છે, જે આશરે ત્રણસો ફૂટ વ્યાસના ધાતુના નક્કર પીપની માફક છે. એની જાડાઈ કોઈ પણ સ્થળે બાર ફુટથી ઓછી નથી લેશ પણ હવા સંચાર ન કરી શકે એવા એ ચોકઠામાં આ બેટને અદ્ધર રાખનારો આધાર ઉત્પન્ન કરનારી મોટર ગોઠવવામાં આવેલી છે. આપણે તે તરફ જઇએ છીએ.'

લેઇને મનમાં થોડી ગણત્રી કરી જોઈ તો એ એવા નિર્ણય પર આવ્યો કે એ દ્વીપનું વજન લગભગ બકિંગહામ પૅલેસ જેટલું હોવું જોઇએ. જો એની ધારણ કરવાની અથવા અદ્ધર રહેવાની શક્તિનો લોપ થાય તો કેવું ભયંકર પરિણામ નીપજે એ વિચારથી એ ચમકી ઊઠયો.

પછી તેણે લેવરેટને સીધો જ પ્રશ્ન પૂછયો : 'પણ તમે આમાં સંડોવાયા શા માટે?'

લેવરેટે સ્મિત સાથે કહ્યું: 'તમે આ પ્રશ્ન કરશો એની મને ખાત્રી જ હતી; પણ એનો ઉત્તર બહુ સહેલો ને સરળ છે મેં જે સિદ્ધાંતો ઉપજાવ્યા હતા એને પુરવાર કરવા સિવાય આના વિના બીજો એકે માર્ગ જ ન હતો. એ તમારા માન્યામાં નથી આવતું? મારી હકીકત સાંભળો. તમે કોઇ નવો તર્કસિદ્ધાંત ઉપજાવો તો તે ચાલુ વિચાર-સરણીને બંધબેસતો હોવો જોઇએ. જો તમારી પાસે તેની સાથે જગત સમક્ષ ધરવા આઈન્સ્ટીનની પેઠે ડગાવી ન શકાય એવો ગણિત વિષયક પુરાવો હોય તો જુદી વાત છે. આમ ન હોય તો તેનો પ્રચાર અશક્ય નહિ તો મુશ્કેલ તો બને જ. પણ મારી બાબતમાં જેમ બન્યું છે એમ, ગણિતનો પુરાવો અલભ્ય હોય, અને વિશેષમાં એને સત્ય કરી બતાવવામાં અપાર ધનની જરૂર પડે, ત્યારે તો તે હૃદયદ્રાવક બીના બને.

એરોપ્લેનનો જ દાખલો લોને. કાગળ પર એ અશક્ય માલૂમ પડયું હતું—અને હજી પણ એમ જ છે, પણ એને માટે પૈસા પૂરા પાડવાનું કાર્ય સામાન્ય વિચારશક્તિ ધરાવનારા મનુષ્યોની શક્તિ બહારનું ન હતું તેથી તે શકય બન્યું. મારી બાબતમાં લાખો પૌંડની જરૂર હતી'.

ડૉક્ટર લેવરેટે આગળ ચાલતાં જણાવ્યું: 'હું તે વખતે નાનો હતો,—પૂરો ઉમરલાયક પણ થયો ન હતો. કેટલાં યે વર્ષોના સતત પ્રયત્નો બાદ પરાજયનો વિચાર પણ મનમાં લાવવો ભયાનક હતો, અને તેને લીધે મારું જીવન સંબંધી દૃષ્ટિબિંદુ વિકૃત થઇ ગયું. મારા સારા નસીબે મને એક માણસ એવો મળી ગયો કે જેણે જોઈએ એટલા પૈસા પૂરા પાડી મારી શોધને અમલમાં મૂકવા કહ્યું. મને સઘળાં સાધનોથી સંપન્ન એક પ્રયોગશાળા પૂરી પાડવામાં આવી, અને જે યોજના પાર પાડવાનું કામ કરવાનું હતું એની રૂપરેખા પૂરી પાડવામાં આવી. એનો ઉદ્દેશ, ધ્યેય વગેરે કેટલીક બાબતો તે વખતે મારાથી છુપાવવામાં આવી. મેં ઉત્સાહથી કામ કરવા માંડયું, અને પાછળથી મને જ્યારે ખબર પડી કે આકાશ–પ્રદેશમાં ઊડતાં વિમાનોની

ચાંચિયાગીરી માટે મારે અંતરીક્ષમાં અદ્ધર ફરી શકે એવું પ્રચંડ થાણું બનાવવાનું છે ત્યારે તેની મારા મન પર કાંઇ અસર થઇ નહિ, કેમકે વિજ્ઞાનવેત્તાઓએ મારી શોધની અવગણના કરી હતી અને તેને વ્યાવહારિક ઉપયોગમાં મૂકવાની મને આ એકની એક જ તક મળી હતી. આથી તમે એમ સમજશો નહિ કે મને મનુષ્યજાતિ પર વૈરભાવ હતો. માત્ર હું તેના વિષે ઉદાસીન વૃત્તિ ધરાવતાં શીખ્યો હતો. દુનિયા મને ગમે તો દોષિત ઠરાવે અગર તો મારા કાર્ય પ્રત્યે આંખમિચામણાં કરે એની મને દરકાર ન હતી. એક વિજ્ઞાનવેત્તા તરીકે હું સત્યશોધક છું અને મેં તે શોધી કાઢયું છે, એટલો વિચાર મારે માટે બસ છે.'

આમ કહી તે અટકયો અને એક દ્વારમાંથી ચક્રાકાર સીડી પર ચઢવાનું આવ્યું, એટલે તેમાંથી લેઇન પ્રથમ પસાર થાય એટલા માટે તે બાજુ પર ઊભો રહ્યો. 'આ રસ્તે ઉપરની ગૅલેરી પર આપણે જઇશું,' તેણે કહ્યું: 'તે આખા એન્જિનના ઓરડાને વીંટાએલી છે એટલે આપણે નીચેની સપાટીથી મોટરને જોઇ શકીએ તેના કરતાં વધારે સારી રીતે ત્યાંથી જોઈ શકીશું.'

પોતાને આગળ કરવાનો ઉદ્દેશ લેઇન તો સમજી જ ગયો હતો, કે પાછળ રહીને એના પર હુમલો કરવાની અથવા તે સ્થળે એમની સમક્ષ આવેલા કંટ્રોલબૉર્ડ સાથે ચેડાં કરવાની પોતાને તક મળે નહિ. નીસરણીનો માર્ગ બહુ જ લાંબો હતો અને એક દ્વાર પાસે તેનો અંત આવતો હતો. તે ઉઘાડીને તેઓ ગૅલેરી પર ગયા એટલે તેમની દૃષ્ટિ અંતરીક્ષના ટાપુના કેન્દ્ર પર, બલ્કે તેના હૃદય પર પડી.

કોઇના માન્યામાં ન આવે એવો દેખાવ એની દૃષ્ટિએ પડયો. એંજિનનો ઓરડો એક વિશાળ કૂવા જેવો હતો. તેની ઊંડાઈ, પહોળાઇના અર્ધ ભાગ જેટલી હતી. આવડું કદ એને માટે વધારેપડતું ન હતું, કેમકે નીચેનું તોરતાન રાક્ષસી હતું.

એ ઓરડાની ધારની આસપાસ લેઇને પોતે કદી નહિ જોએલાં એવાં મોટા કદનાં બાર જેનરેટર (વિદ્યુદુત્પાદક યંત્રો) વર્તુલાકારે ગોઠવેલાં જોયાં, અને તે એના જેવી જ ડાયઝલ (ખનિજ તેલની) મોટરોથી ચાલતાં હતાં. આમાં છ કામમાં લેવાયાં હતાં. અંદરના વર્તુળમાં ફીલ્ડ કૉઇલ્સ (વિદ્યુતના તારનાં ગૂંચળાં)ને મળતાં આવતાં પાંત્રીસ ઊંચાં બાંધકામો વલયાકારે બાંધવામાં આવ્યાં હતાં અને તેનાં ઈન્શુલેટ (પ્રવાહનિરોધ) કરેલાં કન્ડકટરો સ્વિચિંગ ગીયર (ચાંપોનાં ઉપકરણ)ની ગૂંચવણભરેલી બાંધણી સાથે જોડવામાં આવ્યાં હતાં. પણ તળપ્રદેશની મધ્યમાં આવેલી એક વસ્તુએ લેઈનનું સૌથી વિશેષ ધ્યાન ખેંચ્યું, અને તે જ આ સકળ તંત્રને ચલાવનાર ઉત્પાદક એકમ (યંત્ર) છે એમ સહેજે એના જાણવામાં આવ્યું.

કદમાં તે આ ઓરડાની હરકોઇ વસ્તુ કરતાં મોટું હતું. તેનો આકાર ભૂંગળાને મળતો આવતો હતો, અને એના ઉપરનો ઘણોખરો ભાગ ચાંદી જેવી કોઇ ધાતુના પતરાથી મઢેલો હતો. તેમાં વચ્ચેના ભાગમાં, મધ્યબિંદુથી થોડે છેટે, બંને બાજુએ બે ખાલી ભાગ હતા, અને તેમાં તાંબાના તાર વીંટેલા હતા. તે આડું મૂકેલું હોઈ મધ્ય ભાગમાં જબરદસ્ત ખામણાંમાં ગોઠવેલું હતું, અને એ ખામણાં એવાં ચોકઠામાં બેસાડવામાં આવ્યાં હતાં કે એને લીધે એ ઓરડો બહુ વિચિત્ર લાગતો હતો, કેમકે સાત ફૂટ જેવડા મોટા H અને T આકારના ગર્ડરો, ઢાળેલા મધ્ય ભાગમાંથી જુદીજુદી દિશાઓમાં બહાર નીકળતા હોઇ તે મોટા કરોળિયાની જાળની માફક જણાતો હતો.

૭ ગુરુત્વાકર્ષણનું નિયમન

આ ધચૂગલા તરફ લેઈન ગુપચુપ જોઈ રહ્યો. આખરે તે બોલ્યો: 'આ બધું મારી ગુંજાશ બહારનું છે, ડૉકટર. આમાંનું થોડુંઘણું હું સમજી શકું છું, પણ બાકીનું સમજાતું નથી. તમારા આ નાના બળોત્પાદક યંત્રથી તમે હરકોઈ રીતે ગુરુત્વાકર્ષણ પર પ્રભુત્વ મેળવ્યું છે.આ વિષયથી અજ્ઞાત મારા જેવા મનુષ્યને આમાંનું કાંઈ તમે સમજાવી શકશો?'

'ઘણી ખુશીથી. જોકે એમાં સમાએલી વસ્તુઓનું મૂલ્યાંકન સમજવા ગણિતની મદદ લીધા સિવાય છૂટકો થાય એમ નથી. છતાં, આ ગ્રૅવીટી-મોટર (ગુરુત્વાકર્ષણનું નિયમન કરનારી મોટર)નું સંચાલન સમજાવવા બનતું કરીશ.

તે પૂરેપૂરૂં સમજવાને માટે તમારે પ્રથમ એ સમજવું જોઇએ કે દિક્ અથવા સ્થળ એ તદ્દન શૂન્યમય અવસ્થા નથી, પણ એક વિશાળ, અગ્રાહ્ય, છતાં વાસ્તવિક ચોકઠાની બનાવટની માફક છે, અને તે એવા પ્રકારનું ચોકઠું છે કે જે અતિશય સ્થિતિસ્થાપક છે. દિક્-કાળના સાતત્ય યાને નૈરન્તર્ય(અંતરરહિતતા)નો વિચાર પ્રથમ આઈન્સ્ટીને પ્રસિદ્ધ કર્યો અને પદાર્થ સ્થળને વિકૃત બનાવે છે એવું તેણે પ્રતિપાદન કર્યું; એટલેકે, જો તેજનું એક કિરણ અકલ્પ્ય સમય સુધી સ્થળમાં પ્રવાસ કરે તો તે આખરે એક પૂર્ણ વર્તુલ દોરી જ્યાંથી નીકળ્યું હતું ત્યાંનું ત્યાં જ પાછું આવે.

આ મૂળભૂત સત્યે મને વિજ્ઞાનના એ પ્રદેશમાં ઊંડો અભ્યાસ કરવાની પ્રેરણા કરી. હું એને 'સત્ય' તરીકે વર્ણવું છું, કેમકે એ તર્કસિદ્ધાંતની સાબિતી સત્ય હકીકતના સ્વરૂપે તમારા સમક્ષ મોજૂદ છે. પદાર્થ સ્થળને વિકૃત કરે છે જ, અને વિશ્વના ચોકઠા પર તેનાથી જે ખેંચ થાય છે એ ઘણા સ્વરૂપે વ્યક્ત થાય છે. તેને આપણે ગુરુત્વનું બળ કહીએ છીએ.

હવે, ઘણા વિજ્ઞાનીઓનો એવો અનુભવ છે કે વિદ્યુત વિશ્વનું સંચાલન કરનારી કેટલીક મૂળભૂત શક્તિઓને મળતી આવે છે; અને તેમનું એ કહેવું સત્ય છે. મેં એ સિદ્ધાંત પર કામ કર્યું અને બીજા પગથિયે પહોંચ્યો. મને માલૂમ પડયું

કે જોઈતી હદે પહોંચેલી શક્તિનું ક્ષેત્ર ઉપલબ્ધ હોય તો પદાર્થથી ઉત્પન્ન થયેલી સ્થળ-વિકૃતિ પર કેટલેક અંશે અસર થઇ શકે. પૂરતા પ્રમાણમાં શક્તિનું ઉત્પાદન કરી શકે એવા યંત્રની મદદથી પ્રયોગ કર્યાંથી મને પ્રતીતિ થઈ કે વિશિષ્ટ પ્રકારની શક્તિઓ મારા ક્ષેત્રના બળથી વંકાતી કે અમળાતી હતી, જેના પરિણામે તેઓ આ આવર્તના કેન્દ્રમાં આવેલી કોઇ પણ વસ્તુ પર અસર નિપજાવી શકતી ન હતી.

વાસ્તવિક રીતે મેં મારો પ્રથમ એકમ (ઉપકરણનો પદાર્થ) આમ કરતાં ખોયો. જ્યારે તે પૃથ્વીના આકર્ષણ-બળથી મુક્ત થઇ ગયો ત્યારે, એને સ્થળ સાથે સજ્જડ નહિ કરેલો હોવાથી, તે જમીન પરથી છૂટો થઇ કેન્દ્રાપગામી બળના ધક્કાની સંપૂર્ણ અસર નીચે આવી જવાથી પૃથ્વી છોડી ચાલ્યો ગયો.

આ પ્રયોગો કરતાં મને બહુ રસદાયક અને ઉપયોગી વસ્તુઓ જાણવા મળી. એ ક્ષેત્રને નિર્બળ અથવા અસરરહિત બનાવી શકાય છે તેમજ તેને ઉલટાવી શકાય છે. આમ કરવાથી તે એકમનું અતિશય બળવાન મોટરમાં પરિવર્તન થઇ શક્યું, અને આ વસ્તુસ્થિતિ આ ટાપુને વાયુના ઉપરના પડમાં આવી ભારે ઝડપથી ચલાવવામાં મદદગાર બને છે.'

'હું ધારૂં છું કે બેટ પરથી વિમાનો ઊપડવાથી તથા ત્યાં ઊતરવાથી વજનમાં નિરંતર થયાં કરતી વધઘટને અંગે તમારે એને અનુકૂળ ફેરફાર કરવા પડતા હશે ?' લેઇને પૃચ્છ્યું.

લેવરેટે માથું હલાવી કહ્યું: 'એના કરતાં યે વધારે નજીવી વસ્તુઓ, જેવી કે મોટરમાં વપરાતું ભારે તેલ, વાયુમાં થતા ફેરફાર વગેરે.જોકે વાયુમાં સાધારણરીતે ઝાઝો ફેર થતો નથી.'

લેઇને ફરી એ ઘેરા અવાજથી ગણગણતા યંત્રોપકરણ તરફ ધ્યાન દોરી કહ્યું: 'ખરેખર, આ ઘટના આશ્ચર્યકારક છે. વારૂ, બગડવાથી કે એવા કોઈ કારણથી કદી બંધ થઇ જવાની મુશ્કેલી તમારે અનુભવવી પડેલી ?'

'હજી સુધી તો એમ થયું નથી;' તે વિજ્ઞાનશાસ્ત્રીએ કહ્યું: 'આ ગૂંચળાઓને બળ પૂરૂં પાડવાને એકી વખતે છ કંડક્ટરો કામમાં લેવાય છે. છ યે બગડે–જેમ થવું સંભવિત નથી–તો સિલકમાં રહેલાં બાકીનાં છ ઉપયોગમાં લેવાય છે. સામાન્યરીતે ચચ્ચાર દિવસે વારાફરતી એ છછના સમૂહને ઉપયોગમાં લેવામાં આવે છે. પછી આ ગૂંચળાં તરફ ધ્યાન આપવું જરૂરી છે, કેમકે તે હદથી વિશેષ ગરમ થઇ જાય છે. તેને ઠંડાં પાડવા માટે આ નળી છે. તે બહુ ભારે દબાણથી સતત કામ કરે છે, અને મુખ્ય વિદ્યુતપ્રકાશના તારોમાંથી ગરમી ખેંચી લે છે. સાથે સાથે બીજા પુરવણી કરનારા તારો વિદ્યુજ્જનક ઉપકરણો સાથે ઠંડા પડે છે. આ ધ્યાનમાં રાખવામાં આવે તો એકંદરે આનું પ્રચાલન બહુ સહેલું છે.'

પછી લેવરેટ લેઇનને પંપના ઓરડામાં લઈ ગયો, જ્યાં હવાને સ્વચ્છ કરી સતત ફરતી રાખવામાં આવતી હતી. તેણે કહ્યું: 'અમારી પાસે આ ટાપુ પર સિત્તેરથી વધુ વિજ્ઞાન-વિશારદ મનુષ્યો છે. તદુપરાંત કામ કરનારા મનુષ્યોની એકસો વીસથી વધુ માણસની ટુકડી છે, એટલે બધા મળી આશરે બસો માણસ છે. હું ધારૂં છું કે એ પૂરતી સંખ્યા છે.'

લેઇને ત્યાં જે લશ્કરી ગોઠવણો જોઇ હતી તે પરત્વે પ્રશ્ન પૂછ્યો: 'તમારા પર હુમલો થાય તો તમે શું કરો ?'

લેવરેટના ચહેરા પર સહેજ છાયા છવાઈ. એણે ઉત્તર દીધો: 'બચાવનું કામ મારૂં નથી; પણ હુમલો કરનારા કાંઈ લાભ ખાટી જાય નહિ. આ ટાપુના બચાવકામની યોજના અને રચના એક યુદ્ધનિષ્ણાતે કરી છે, અને કોઇ પણ હુમલાનો સામનો તે કરી શકે એમ છે.'

પછી તેઓ હવાઇથી હંકારાતાં વિમાનોના નિવાસ-સ્થાન તરફ ગયા. ત્યાં અનેક રાક્ષસી યુદ્ધવિમાનો બનતાં હતાં. બે તૈયાર થએલાં હતાં, તેમાંના એકને લેઇને બ્રિટિશ યુદ્ધવિમાન તરીકે ઓળખ્યું. તે હજી સુધીનાં તેમનાં ગુપ્ત વિમાનોની યાદીમાંનું એક હતું.

'ના, અમે તે બાંધ્યું નથી.' લેઈનના પ્રશ્નનો જવાબ આપતાં લેવરેટે ઉત્તર આપ્યો : 'અમે તો માત્ર શાહી વિમાનીદળ પાસેથી તેને ઊચકી લીધેલું છે, કારણકે અમારે રૉકેટ-વિદ્યામાં છેલ્લામાં છેલ્લી શોધથી વાકેફ થવું હતું.'

રૉકેટની નળીઓ ઢાળવાનું, વજ્ર જેવી સખતમાં સખત ધાતુના મિશ્રણના પિગળેલા પ્રવાહો વિદ્યુતની ભઠ્ઠીઓ-માંથી નીકળી ઢાળવાના બીબામાં રેડાવાનું, તથા બંદૂકો, તોપો, સ્ફોટક પદાર્થો, વિમાનની પાંખો માટે ધાતુનાં પતરાં, અને પૈડાંની રબરની વાટો વગેરે બનાવવાનું કાર્ય ત્યાંના કારખાનામાં થતું લેઇને દીઠું. બધી વસ્તુઓ કાચા પદાર્થોમાંથી ત્યાં જ બનતી હતી.

લેઇને આભા બની કહ્યું: 'આ તો એક સંપૂર્ણ શહેર છે!'

'શહેર છે એટલું જ નહિ, પણ સ્ટ્રૅટોસ્ફિયરમાં વસેલી એક સ્વતંત્ર પ્રજાનો દેશ છે, કે જે પોતાનું સંરક્ષણકાર્ય પણ જાતે જ બજાવી શકે એમ છે.' લેવરેટે ઉત્તર આપ્યો.

'લેવરેટ, હું ધારૂં છું કે તમે વાસ્તવવાદી છો.' લેઇને કહ્યું: 'એટલે પૂછું છું કે શું તમે એમ માનો છો કે તમારી ગમે એટલી અદ્‌ભુત સામગ્રી છતાં તમે વીસમી સદીની સંસ્કૃતિના કાયદાકાનૂનોની ઉપેક્ષા કરી શકશો? વળી, હું એ સમજી શકતો નથી કે તમારા જેવો બુદ્ધિશાળી પુરુષ શા માટે આવા દુષ્ટ જનોની સાથે જોડાયો છે?'

'દુષ્ટ જનો !' લેવરેટે ઉત્તર આપ્યો ત્યારે એની આંખો-માંથી અગ્નિ ઝરતો હતો: 'તે જ એકલા એવા મનુષ્યો છે કે જેમનામાં સામાન્ય બુદ્ધિનો અંશ છે તેમના વિના આ કાર્ય પાર પડી શક્યું ન હોત. યાદ રાખજો લેઈન, કે તમે અગર તમારા કાયદાકાનૂનો અમને કદી યે પહોંચી શકશે નહિ'.

'હું કેટલીક બાબતમાં બહુ અજ્ઞાન છું એમ જણાય છે.' લેઇને કટાક્ષમાં ઉત્તર આપ્યો. (આવતા અંકમાં પૂરી.)

આપણી વનશ્રી

લેખક · રામસિંહજી રાઠોડ ડી. ડી. આર.

ગયા અંકમાં આપણે આપણાં શ્રેષ્ઠ અને અત્યંત અગત્યનાં જંગલોની વાત કરી. એ જંગલોમાં જુદાંજુદાં ગુણરૂપો ધરાવતું અને જુદાંજુદાં કામો માટે તેને અનુરૂપ થઈ ઉપયોગમાં આવતું લાકડું પૂરૂં પાડનારાં જે ૨૦૦૦થી પણ વધુ જાતનાં વૃક્ષો થાય છે તે આપણી વનશ્રીનાં સમૃદ્ધિસૂચક છે.

જંગલની ઝાડી જોઇને આપણને તેને વિષે માત્ર આપણાં રસોડાંના સરપણનો કે બહુબહુ તો આપણી ઈમારતો તથા ઘરવખરીની વસ્તુઓ પૂરતું ઉપયોગી લાકડું પૂરી પાડનાર કોઈ ભંડારનો ખ્યાલ આવશે; અથવા જંગલના નયનાભિરામપણાથી સૃષ્ટિની શોભારૂપ તેના લીલા આભરણનાં ત્યાં દર્શન થશે. પણ જંગલો એ સિવાય પણ બીજી અનેક દૃષ્ટિએ દેશનું અણમોલ સમૃદ્ધિ-અંગ છે અને તેનો બેદરકારીથી થતો ઉપયોગ તથા નજીવા સ્વાર્થ માટે ઝાડો કાપી થતો નાશ એ દેશની સંપત્તિનો નાશ છે એવો કોઈ ખ્યાલ આપણા મગજમાં આવી જ નથી શકતા. પરંતુ જો જંગલોની કામગીરીમાં થોડો પણ રસ લેતા થઇએ તો આપણને સમજાશે કે દેશની બરબાદી કે આબાદી જંગલો પર કેટલે અંશે નિર્ભર છે. આપણાં નિવાસસ્થાનો તેમજ વેપાર માટે કીમતી ઇમારતી લાકડું, આપણાં ઢોરો માટે ચરિયાણ, આપણી ઘરવખરીની વસ્તુઓ માટે લાકડું, વરોણવંઝ અને ઈંધન જેવા દેખીતા ઉપયોગો સિવાય જંગલોનું અસ્તિત્વ પરોક્ષરીતે પણ કેટલું હિતપ્રદ છે તે જાણવું બહુ અગત્યનું છે. સંયુક્ત પ્રાંત, બંગાળા, બિહાર અને આસામમાં અવારનવાર આવતાં પ્રબળ પૂરથી થતી પાયમાલી, ગંગા અને સિંધુની નહેરોમાં જણાતી એકધારા પાણીની તંગી જળમળથી અને એ નહેરોના થતા અવરોધનાં કારણો શોધતાં હવે નક્કી કરાયું છે કે જંગલોનો થતો અનિયંત્રિત નાશ પણ તેનું એક મહત્ત્વનું કારણ છે. જે પર જંગલો નથી તે પહાડોમાંથી ઉદ્દગમ પામતી નદીઓમાં અને તેથી ભૂતલના થતા ભયંકર અવસાદમાં એ અસર સ્પષ્ટ દેખાય છે. પહાડો પર જે લોકો જંગલો કાપી નાખે છે તેમને



આ પાનાંના કાગળ પરનો ચમકાટ અને આ અક્ષરોમાંની શાહીમાંનું ટર્પેન્ટાઈન જેમાંથી મળે છે એ રેઝીન આપતાં ચીડ-પાઇનનાં બે વૃક્ષો. તેમની વચ્ચેથી દૂર હિમાલયનું નંદાદેવીનું શિખર દેખાય છે.

સ્વપ્ને પણ ખ્યાલ નથી હોતો કે ઝાડોને ફટકારાતી એ કુહાડી પોતાના નીચેના પ્રદેશોમાં વસતા ભાઇઓના પગ પર પડે છે અને ત્યાં તેમની ખુવારી થઇ રહી છે. મેદાનોમાં વસતા લોકો એ ખુવારીને, આજ દિવસ સુધી તો ઇશ્વરી કોપ સમજી પોતાના ભાગ્યને દોષ દઈ બેસી રહેતા; પણ હવે પહાડી જંગલોની અગમ્ય અસર સીધી રીતે સમજાતાં જનતા દેશભરને સ્પર્શતા એ પ્રશ્નમાં રસ લેતી થઈ છે અને જંગલોનું સારા યે દેશની નજરે નિયમન થવું જોઇએ એ હવે માન્ય રખાયું છે.

જંગલના અસ્તિત્વનું ખરૂં મહત્ત્વ તો વરસાદના પડતા પાણી પર તેની જે અસર થાય છે તેમાં રહેલું છે. જ્યાં ધરતીને વનસ્પતિનું રક્ષણ હોય છે ત્યાં એ પાણી ત્યાંથી તુરતાતુરત વહી ન જતાં ત્યાંની જ જમીનમાં ચુસાઇ, વાદળીમાં સંગ્રહાય તેમ સંગ્રહાઈ, પછી ધીરેધીરે ઝરણાં, નદી અને નાળાંઓમાં વહી તેમને સતત એકધારાં ઝરપતાં કે વહેતાં રાખે છે. એથી ઊલટું, જંગલોનો વિનાશ થઇ લોપ થયો હોય છે ત્યાં પાણી પડતાંવેંત જોશબંધ વહી નીકળે છે.

જમીનને ધોઈ કાઢી ફળદ્રુપ ધરતીનો પણ કસ ખેંચી જાય છે અને તે વડે નદીનાળાંઓને પૂરે છે; અથવા તો ક્યાંક વળી જોશબંધ પ્રવાહથી તેમને ઊંડાં કોરી નાખે છે અને ક્યારેક મોટાંમોટાં પૂરમાં પરિણમે છે. કુદરતને ફળદ્રુપ જમીનનો એક ઇંચનો કસવાળો જે થર બાંધતાં હજારો વરસ લાગે છે તે આવા એક પ્રવાહથી જરા વારમાં ધોવાઈ જાય છે, નદીઓ ને ઝરણાં પુરાઇ જાય છે કે કાં તો તેનો પ્રવાહમાર્ગ બદલાય છે. આ અને આવી બીજી પાયમાલી થવા બાદ ચોમાસું વીત્યે જમીનમાં પાણીનો આંતરપ્રવાહ પણ ઊંડે ઊતરે છે.

આપણી ખેતી અને નહેરો પર થતી આની અસર સ્પષ્ટ છે. જ્યાં જંગલો હોય ત્યાં કોઈ વરસે વરસાદને અભાવે દુકાળ પડે તોપણ દુકાળની વિષમતા ભયંકર નથી બનતી અને જેમતેમ નિભાવ થઈ રહે છે. આપણા કૃષિપ્રધાન દેશમાં ખેડૂતોને અમુક સમયે બિલકુલ કામ નથી હોતું ત્યારે જ્યાં જંગલો નજીક હોય છે ત્યાં તેમને કામગીરી મળી રહે છે. ખેડૂતો અને તેમનાં પશુઓને જંગલમાં આશ્રય મળવા ઉપરાંત ત્યાંથી તેમનાં ખેતીનાં ઓજારો અને ઘર બાંધવા માટેનાં સાધનો પૂરાં પાડે છે. વળી જંગલોમાંથી લાકડાંનું પૂરતું બળતણ મળી રહેતાં આપણા કીમતી ખાતર છાણનો બચાવ થઈ તેનો ઉપયોગ થતાં જમીનનો કસ વધે છે. જંગલો ને ઝાડીથી જમીનનો કસ જળવાઈ તેની ફળદ્રુપતા વધતી રહે છે અને જમીનમાંની જરૂરી વતર પણ વરાળ થઈ ઊડી જતી નથી. એ રીતે દેશમાં જંગલોનું જરૂરી પ્રમાણ ત્યાંના સ્થાનિક હવામાન પર અજબ અસર કરે છે. જંગલનાં ઝાડોની આંતરિક અને બાહ્ય ક્રિયાઓની સ્થૂળ અસર પણ હવામાનની ગરમીને ખુલ્લા વિસ્તાર કરતાં પ્રમાણમાં ઘણી ઓછી રાખે છે. જંગલ પવનની ગતિને ઓછી કરે છે અને પવનથી ભૂતલનો થતો અવસાદ તથા બીજું નુકસાન થતું બચે છે.

જંગલોથી વાદળાં આકર્ષાઈને એકંદર વરસાદના પ્રમાણમાં વધારો થાય છે એવી આપણી પ્રચલિત માન્યતાને જોકે સબળ શાસ્ત્રીય આધારોથી પુરવાર નથી કરી શકાઈ; તોપણ જંગલોથી સ્થાનિક થતા ભેજના દ્રવણ કે સ્રવણમાં મહત્ત્વની અસર થાય છે અને તેટલા પૂરતું સ્થાનિક વરસાદના પ્રમાણમાં ફેરફાર થઈ અલ્પ વધારો જરૂર થાય છે. આમ, જમીન અને હવામાન જેવાં કુદરતી તત્ત્વો પર જંગલોની હસ્તી કે નાસ્તિની થતી અસર સ્પષ્ટ છે, છતાં પણ ખેતી અને કૃષિવિજ્ઞાનને, જંગલ તેમજ વનશાસ્ત્ર સાથે કેવો પરસ્પરાવલંબી સંબંધ છે તે જાણવાની બેપરવાઇ કોણ છોડે છે? આવે વખતે, આફ્રિકામાં સહારાની આસપાસ, અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સ તથા ઑસ્ટ્રેલિયાના અમુક પ્રદેશોમાં તેમજ હિંદુસ્તાનમાં પણ પંજાબમાં શિવાલિકો, હોશિયારપુર વગેરે પ્રદેશોમાં જંગલો અને વનસ્પતિના અભાવથી પરિણમતી કપરી સ્થિતિ તરફ આંગળી ચીંધીને ભયની લાલબત્તી બતાવ્યા વિના છૂટકો નથી.

આમ આપણી હસ્તી અને સુખાકારી આપણા વનવૈભવ પર કેટલી અવલંબેલી છે એ જાણ્યા પછી જંગલોની હિફાજત અને વ્યવસ્થા માટે જે નિયમનો કરવામાં આવે છે તેનો પણ સહજ ખ્યાલ મેળવી લેવો જરૂરી છે. સરકારી હકૂમત તળેનાં જંગલોને (૧) 'સરકારી બંધ જંગલ'—Reserved Forests; (૨) જેમાં સ્થાનિક પ્રજાના કેટલાક સ્થાપિત હક્કો જરા યે ફેરફાર વિના કાયમ રાખવામાં આવેલા છે તેવાં 'રક્ષિત જંગલો'—Protected Forests (૩) બીજાં ગ્રામજંગલો કે (૪) મ્યુનિસિપલ જંગલો એ પ્રમાણે, ચાર પ્રકારમાં વહેંચી શાસ્ત્રીય સિદ્ધાંતો અનુસાર જંગલખાતા તરફથી તેમનું નિયંત્રણ થાય છે. જંગલના એકેક ઝાડના થતા વાર્ષિક વિકાસના હિસાબે આખા જંગલનો વાર્ષિક વધારો કેટલો તે ગણી કાઢવામાં આવે છે, અને પછી તે પ્રમાણે જંગલમાંથી, જંગલો કાયમ રહી સુધરતાં અને જામતાં જાય એ રીતે માત્ર એટલાં જ ઝાડ એમાંથી કાપવાના ઉપયોગમાં લેવાય છે. નકામાં ઝાડો ખપી જાય અને સાથોસાથ વાર્ષિક ઉત્પન્ન મળતી રહે એ રીતે ક્યાં ને કેટલાં ઝાડો, ક્યાંથી ને શા માટે કાપવાં તે વનશાસ્ત્ર સૂચવે છે. આ પણ એક ઉદ્યોગ છે અને તેમાં પણ ખપત અને ઓપતને સમતોલ રાખી તેના વિકાસનો માર્ગ નિર્દેશેલો હોય છે. વિકાસની નિયત કક્ષાએ પહોંચેલા પ્રત્યેક જંગલની કામગીરી માટે દર દસ વર્ષે 'વર્કિંગ પ્લાન' નામની ચોક્કસ યોજનાઓ તૈયાર કરવામાં આવે છે અને તેમાં નવા નવા અનુભવોને આધારે ઘણાઘણા સુધારાવધારા થતા રહે છે. એ સૂચનાઓમાં જંગલોની ભૂતકાળની સ્થિતિ વર્ણવી તેની અદ્યતન હાલતનું બયાન આપવામાં

લેખકના પત્રમાંથી

આપણો દેશ કૃષિપ્રધાન હોઈ તેનો મોટો ભાગ ખેતી પર નભનારો છે. નિષ્ણાતોએ નક્કી કરેલું છે કે કોઈ પણ દેશની લાકડું, બળતણ અને ઘાસની જરૂરતો પૂરી પાડવા તે દેશના ક્ષેત્રફળનો ૨૦થી ૨૫ ટકા પ્રદેશ જંગલોથી છવાએલો હોવો જોઇએ; અને તે જંગલો પણ ગામેગામની જરૂરત મુજબ તેની નજીક જોઇએ. હિમાલયનાં જંગલોમાં પુષ્કળ બળતણ હોય તો તે અહીં શા ખપનું ? આપણે ત્યાં પહેલાં જે 'ગામની સીમ' લેખાતી તે એ પ્રકારની જરૂરતો પૂરી પાડતા વિસ્તારો; પણ અત્યારે ત્યાં વેરાન વગડા સિવાય કશું જ નથી હોતું. આપણે ત્યાં રાસાયનિક ખાતરોનો યે ઉપયોગ કોણ કરી શકે તેમ છે ? એ સંજોગોમાં આપણું કીંમતી ખાતર જે છાણ તે બળતણના અભાવે લાખો ટન લેખે દર વર્ષે આપણે સળગાવી દઇએ છીએ અને બીજી પણ અનેક રીતે આપણા ભૂતલનો અપકર્ષ થઇ રહેલો છે. આ સંજોગોમાં ઝાડ, ઝાડી અને સારી જાતના ઘાસને રક્ષણ આપવાની અને વિસ્તારવાની આવશ્યકતા છે. આપણાં દૂરનાં જંગલોના નિયંત્રણનો ઉદ્દેશ અને નેમ પણ એ જ હોવાં જોઇએ. જંગલો દેશની અમૂલ્ય રાષ્ટ્રીય મત છે. આ વિષય રસદાયક જણાશે અને ગમશે તો પછી તે વિષે વધુ ઊંડાણમાં ઊતરી ચર્ચાવાની અને લખવાની મજા આવે. બાકી મારે તો એ અંગત વિષય છે એટલે બીજાના (વાચકના) દષ્ટિબિંદુથી હું જોઈ ન શકું એ સ્વાભાવિક છે.

આવે છે અને પછી સચોટ રદિયાથી હેતુસરની ભાવિ યોજના રજૂ કરેલી હોય છે. તે પ્રમાણે જ તેમાં સંરક્ષણ, કાપણી, કૃત્રિમ વાવણી કે કુદરતી ઉછેર વગેરેનું કામ થાય છે. આ બધી હકીકત આ લેખના ઉદ્દેશ બહારની હોઈ એ વિષેની વધુ શાસ્ત્રીય કે લાક્ષણિક ઊંડી વિગતોમાં નહિ ઊતરતાં આપણે અહીં માત્ર આપણી ખેતી ને વનશાસ્ત્રનો પરસ્પરનો સંબંધ ટૂંકામાં જોઈ જઇએ.

ખેતીવાડી અને વનવિદ્યામાં, એક ઉદ્યોગ તરીકે પાક ઉતારવાના સિદ્ધાંતો તો સરખા જ છે; માત્ર ઝડપી પ્રગતિના આ જમાનામાં જંગલનાં વૃક્ષોના પાક ઊતરવાની રાહ જોવી એ માનવી શ્રદ્ધાની એક કસોટી છે. જે ખુરશીમાં તમે બેઠા છો તેનું લાકડું સાગના વૃક્ષમાંથી કેટલાં વરસે ઊતર્યું હશે? આ પાનાં પરના ચળકાટ અને અક્ષરોની શાહીમાંનું ટર્પેન્ટાઈન જેમાંથી મેળવાય છે એ રેઝીન (resin) આપતું ચીડનું વૃક્ષ કેટલી અતીત મુદતે તેને લાયક થયું હશે? અને તે દરમ્યાન કુદરતી કેટલા યે કેર સામે તેને ઝૂઝવું પડ્યું હશે? ખેતીવાડીમાં તો ક્વચિત એકાદ વર્ષ પૂરતું નુકસાન સહન કરવું પડે, પણ જંગલોના પાક પર તો હિમ કે લૂ, પૂર અથવા વાવાઝોડું, એવા પવન પાણી અને બરફના હુમલાઓથી વર્ષોની મહેનત જરા વારમાં બરબાદ થઈ જાય છે. પરોપજીવી વનસ્પતિ અને જંતુઓ, ફૂગ અને બીજી જીવાત તથા વનસ્પતિના કેટલાક રોગોથી પણ લાંબાનું નુકસાન થઈ બેસે છે અને તેને કાબૂમાં લેવાનો પ્રશ્ન પણ બહુ વિકટ બને છે. રાની પશુઓ, આગ, અકસ્માત અને માણસોના સ્વાર્થી ઘાતક હુમલાઓ સામે જીવનવિગ્રહમાં ઊતરતાં જંગલોના પાક વ્યાપારી નજરે એક સાહસ સમાન છે. સાચવણ અને સંભાળમાં જંગલની વનસ્પતિનું સંરક્ષણ કેટલેક અંશે ખેતીવાડીના પાકના જેવું જ હોવા છતાં તેની આપત્તિઓની આ ભયંકરતા જોતાં જંગલોના પાક બામૂળ કાળજી માગી લે છે. સો દોઢસો કે તેથી વધુ વરસે ઈમારતી લાકડું આપવા પાકતાં જંગલોનાં વૃક્ષોમાંથી નવો પાક કુદરતી વાવણીથી કેમ સહેલાઈથી લેવાય, થોડા સમયમાં વધારે કીમતી પાકની કેમ નિષ્પત્તિ થાય અને જંગલો જીવનવિગ્રહમાં ઝૂઝી કેમ ટકી રહે, એવીએવી વનશાસ્ત્રીઓની ગૂંચોનો ઉકેલ તેમને સદા સતાવતો રહ્યો છે. જંગલોને વ્યવસ્થિત રાખવા તથા તેમની સંભાળ લેવા હિંદમાં જેમ જબરદસ્ત સુવ્યવસ્થિત જંગલખાતું નિભાવવામાં આવે છે તેવી રીતે તે માટે જુદાજુદા દરજ્જાના આફિસરોને કેળવવા માટે દેહરાદૂનમાં એક વિશિષ્ટ ઇંડિયન ફૉરેસ્ટ કૉલેજ ચલાવવામાં આવે છે. તે ઉપરાંત ત્યાં, વનશાસ્ત્રને લગતા ગૂઢ કોયડા ઉકેલવા, જંગલની ઉત્પન્નના ઉત્તમ ફાયદા ઉઠાવવાની યોજનાઓ ઘડવા, લાકડાંના નવા નવા ઉપયોગો, તેની જાળવણી, કેટલીક રાસાયનિક ક્રિયાઓ વગેરેને લગતાં સંશોધનો માટે ફૉરેસ્ટ રીસર્ચ ઇન્સ્ટિટયુટ નામની એક સંસ્થા ત્યાં ઈ. ૧૯૦૯માં સ્થાપવામાં આવી છે. જંગલ સંશોધનને લગતી એ મહાન સંસ્થાની ફૅક્ટરી, લૅબૉરેટરી અને વર્કશૉપમાં સંશોધનનું કેટલું યે કામ કરતા અનેક વૈજ્ઞાનિકો રોકાયલા છે; અને જંગલોને લાગતું ત્યાંનું મ્યુઝિયમ તો ખરેખર બેનમૂન છે.

આપણે કેટલા બેખ્યાલી, બેદરકાર અને બેકદર છીએ તેની પ્રતીતિ તો, આપણે જરા ઉઘાડી આંખે

આપણા જીવનની જરૂરિયાતો નિહાળીશું ત્યારે થશે. ડગલે અને પગલે આપણે આપણી રોજિંદી જરૂરતોમાં લાકડાંનો ઉપયોગ થતો જોઇએ છીએ, અને છતાં તેના વિષે જરા યે વિચાર કરવાનું આપણને સૂઝે છે?

ઉપર નિર્દેશાયું તેમ આ પાનાંની લીસી સપાટી અને તે પરના અક્ષરોની શાહીમાં વપરાએલા ચીડપાઈનના રેઝીનથી માંડી આપણા રેડિયો કૅબિનેટ સુધી, તમે બેઠા છો તે ખુરશીથી માંડી મોટાં જંગી જહાજો સુધી, આપણા રસોડામાં વપરાતા સાધારણ ઝરપણથી માંડી રેઠ યંત્રમાં વપરાતા કોલસા સુધી, આપણાં ગામડિયાં ગાડાંથી માંડી રેલવે ટ્રેન અને એરોપ્લેન જેવાં વાહનો સુધી, આપણા ચાલુ વપરાશનાં પાન બીડી ને બાકસથી માંડી કેટલી યે કીમતી અનિવાર્ય ઔષધિઓ સુધી અને તેવી જ અસંખ્યાત ઘરવખરીની વસ્તુઓમાં ઠેરઠેર આપણાં જંગલોની પેદાશનો ઉપયોગ થએલો જોઈશું. આપણા કેટલા યે ઉદ્યોગો વન અને વૃક્ષોમાંથી મેળવાતા કાચા માલ પર નિર્ભર છે.

વળી, આપણાં જંગલોની સંપત્તિ તેની આ ઉદ્‌ભિજ ઉત્પન્ન સિવાય વ્યવહારમાં વપરાતી ખનિજ અને પ્રાણિજ પેદાશમાં પણ સમૃદ્ધ છે. આ બધાંનો સમગ્રપણે ખ્યાલ કરતાં સમજાશે કે આપણી વનશ્રી આપણા જીવનનું એક અનિવાર્ય અને મહત્ત્વનું અંગ છે. (ચાલુ)

—પડેલું સુખ તે જાતે નર્યાં—

હા..આ..ક્ છી!

શરદી! ઈન્ફ્લ્યુએન્ઝાની જનેતા! એના એ સેતાન બેટાએ ઈ.સ. ૧૯૧૮માં સાઠ લાખ જિંદગીનો ભોગ લઈ દુનિયાભરના ડાક્ટરો ને વિજ્ઞાનીઓને શિકસ્ત આપી હતી. એનો ધરમૂળથી નાશ કરવા વર્ષોથી મોટમોટા ઇલમબાજો મથી રહ્યા છે, પણ તેનાથી જિંદગીને, ધંધાને અને તમામ પ્રગતિને થતું અનર્ગળ નુકસાન હજી અટક્યું નથી.

ગભરાટ ને ચિંતા એ તેના મોટા જાસૂસો છે. તમને ખબરે નહિ પડતી હોય કે મહિનાઓથી, તેમણે તમારી આસપાસ જાળ બિછાવી છે અને કોઈ પણ પળે એ સેતાન તમારી પર કૂદી પડવાનો. પહેલાં તો તમે નહિ ગણકારો; બીજી વખત જરા થાકેલા જણાશો; પછી, કોઈ વાર બહાર ખુલ્લામાં ઊભાઊભા જરા કંપી ઊઠશો; તે પછી કોઈ ખોરાક ઉપર અણગમો થશે. છેવટે, ટકી રહેવાની તાકાત નમી પડી લાગશે ત્યારે સમજશો કે એ બાઇબંધે તમારા શરીરમાં જમાવટ કરી દીધી છે.

આપણે એને સાધારણ શરદી કહીએ છીએ. પરંતુ હવામાં સલ્ફ્યુરિક ઍસિડ કે કાર્બન ડાયોક્સાઇડ હોય તે કરતાં યે વધુ નુકસાન કરનાર તત્ત્વ તેનો ફફડાટ છે. પરંતુ વિજ્ઞાન તેનો પાકો ઈલાજ શોધી આપે ત્યાં સુધી આપણે સૌએ તેની સામે સાવચેતીનાં પગલાં લેવાં જોઇએ.

ઉઘાડા ન રહેતા; તેમ બહુ કપડાં ન લાદતા. વ્યાયામ કરવો, પણ તેનો અતિરેક ન થવા દેવો. સૂતી વખતે



ગરમ સ્નાન કરી લેવું. નાકેથી જ શ્વાસ લેવો, અને કોઈ મોં સામે છીંકે કે સડસડ કરે તો તેને સમાજનો દુશ્મન માની તેનાથી આઘા રહેવું; કારણકે એક છીંક તો દુનિયામાં ચક્રવર્તી બને!

પણ કદી શરદી થાય ત્યારે? ચતુર ડાક્ટર કહેશે કે તાબડતોબ બિછાનાભેગા થઈ જાઓ ને હું રજા આપું ત્યાં સુધી પડ્યા જ રહેજો. શરદીનાં જંતુ આરામ પસંદ નથી કરતાં. એક ને એક જગ્યા તેને નથી ગમતી. એને તો ચારેકોર ભૂંડી બાળવું છે. એને ટોળાબંધ માણસો હોય ત્યાં નિરંકુશપણે પોતાનો ફેલાવો કરવાની મઝા પડે છે.

આ શરદ્‌ઋતુમાં તમે સાચવજો.

ભૂતકાળની શોધમાં

પાંચ સરોવરોવાળા પુરાણા પંચાસરની વાત કરતાં કરતાં લેખક, ઈંટો ઉપરથી પુરાતત્ત્વસંશોધનનાં પ્રમાણો બાંધવાનો પાઠ શીખવે છે.



પંચાસરનાં પાંચ તળાવમાંના એક સુકાઈ ગએલા સરોવરમાં એક કૂવો ખોદતાં નીકળી આવેલી શિલ્પસમૃદ્ધિમાંની એક આરસપ્રતિમાનું રેખાલેખન, જેમાં પ્રાક્ચૌલુક્ય કાળનું મૂર્તિવિધાન નજરે પડે છે.

પોલીસની મારા પ્રત્યેની કાળજી ભારે હતી અને તેને લઈ મારી બરદાસ્ત ઉઠાવવામાં કોઈએ કચાશ રાખી ન્હોતી. સવારે સાત વાગ્યાથી મારે દેવસ્થાનોની મુલાકાત લેવાની છે એમ જણાવી રાત્રે મેં તેને રજા આપી અને વનરાજ ચાવડાના પિતા જયશિખરીની પાટનગરીમાં મારી પહેલી રાત્રિ સુખપૂર્વક પસાર થઈ. સવારે ઊઠી હું નિત્યકર્મમાંથી પરવાર્યો કે તરત જ પોલીસ આવી પહોંચ્યો. અમલદારના જેવી પરોણાગત અને તહેનાતમાં બધાંને હાજર રહેતાં જોઈ આજે હું જરા ગૌરવ અનુભવવા લાગ્યો! ડૉ. હીરાનંદ શાસ્ત્રી જોડે સહસ્રલિંગ સરોવરના ખોદકામ વેળા પાટણના બાદશાહી વીલા બંગલામાં પસાર કરેલા વખત થોડીવાર માટે અણધારીરીતે જીવંત બન્યો હતો.

જયશિખરીની સમાધિ

પહેલાં 'જયશિખરીની સમાધિ' કહેવાતા સ્થળે તે મને લઈ ગયો. પંચાસરથી ઓતરાદું, ગામની અડોઅડ વીસ ફૂટ ઊંચા એક ટેકરા ઉપર આ સ્થળ આવેલું છે. ટેકરાની આજુબાજુ નાશ પામેલી પુરાતન ઇમારતોના ભાંગેલા પાયાની ઈંટો સપાટી ઉપર નજરે પડતી હતી. કેટલીક ઈંટોનું મેં માપ લીધું. બધી ૧૪½×૧૧×૨½ ઈંચના માપની હતી. આ ઉપરથી એ ચોક્કસ થયું કે આ ઈંટોની બનેલી નાશ પામેલી ઇમારતો ગુપ્ત અને ચૌલુક્ય(સોલંકી) કાળના વચગાળામાં, એટલે કે અસલના પંચાસરના ચાપોત્કટ કાળમાં હયાત હોવી જોઈએ.

ઈંટોનાં માપ દ્વારા પ્રાચીનતા જાણવાની રીત

જૂની ઇમારતોની પ્રાચીનતાસંબંધી પ્રાથમિક ધોરણ બાંધવાની જે અનેક રીતો છે તેમાં ઈંટોનાં માપનો પણ સમાવેશ થાય છે. જુદાજુદા ઇતિહાસ-કાળોમાં જુદાજુદા વિસ્તારમાં ઇમારતોની બાંધણીમાં ઈંટોના માપનું ચોક્કસ ધોરણ રહેતું આવ્યું છે. તેનાં કારણો પુરાતત્ત્વાન્વેષણ(**Field Archaeology**)ની બારીકીઓ ધરાવતાં હોવાથી અહીં આપવાં જરૂરી નથી. અહીં તો ઉત્તર હિંદ ને ગુજરાતમાં જુદાજુદા ઇતિહાસકાળો દરમ્યાન વપરાએલી ઈંટોનાં સામાન્ય ધોરણની યાદી જરૂરી છે, જેનો કોઠો પાછળ આપ્યો છે.

પંચાસરની પ્રાચીન ઇમારતો કેટલી જૂની હોઈ શકે તે ઉપરની યાદી પરથી જણાઈ આવે છે. વડનગર અને મોઢેરામાં પણ ઘણી મોટી ઈંટો મળી આવે છે, પરંતુ તેમનાં માપ હજી સુધી હું લઈ શક્યો નથી. આ યાદીના આધારે કોઈ પણ માણસ પોતાના ગામની પ્રાચીનતા વિષે પ્રાથમિક ધોરણ બાંધી શકશે.

લોકકંઠે પંચાસરનો ઇતિહાસ

હવે હું જયશિખરીની સમાધિના ટેકરાની ટોચે પહોંચ્યો. ત્યાં અનેક પાળીઆ ખોડેલા દેખાયા, પરંતુ ચાપોત્કટ કાળનો તેમાં એકે જણાયો નહિ; બધા મુસ્લિમ કાળના હતા. એ જ વખતની થોડી દહેરીઓ પણ હતી, તેમાં જયશિખરીની સમાધિ તરીકે જાણીતી તે મોટામાં મોટી હોઈ બરોબર ટેકરાના શિખરે આવેલી હતી. જયશિખરી સાથે એને કાંઈ સીધો સંબંધ હોય એમ મને લાગ્યું નહિ. તો પછી લોકો શા માટે એને વનરાજના પિતાના નામ સાથે જોડે છે, તે વિષે પોલીસ કાંઈ જાણતો હોય તો મેં તેને પૂછ્યું.

'વાત, સાહેબ, યું હય, કે હમારે મોટેરે કહેતે થે કે . . .' કહી એણે એ વાત ઉપાડી:

'વિક્રમ રાજાના વખતની વાત છે. બારબાર ગાઉના ઘેરાવામાં પંચાસર પથરાએલું પડ્યું હતું. એ વેળા

ઉત્તર હિંદ તથા ગુજરાતના પ્રદેશોમાંથી વિવિધ કાળમાં જે જે માપની ઈંટો મળી આવે છે તેનો કોઠો

(બધાં માપ ઈંચમાં સમજવાનાં છે)

સમય	ઉત્તર હિંદમાં		ગુજરાતમાં	
ઈ. પૂર્વે ૩૦૦૦ લગભગ	મોહેંજો ડેરો . .	૧૧×૫⅞×૨⅞	રંગપુર	૧૧⅔×૫⅔×૨⅔
ઈ. પૂર્વે ૪૦૦થી ૨૦૦ (મૌર્યકાળ)	ભીટા, કસિયા (પ્રાચીન કુશીનારા) અને સારનાથ	૨૦×૧૪⅔×૩⅞થી ૧૮×૧૦ ×૨⅞		
ઇ.પૂર્વે ૧૫૦થી ઈ.નો પ્રારંભ (શુંગકાળ)	ભીટા	૧૭⅔×૧૦⅞×૨⅔		
ઈ.ના પ્રારંભથી ૩૦૦ (કુષાણકાળ)	સારનાથ	૧૫×૧૦⅓×૨⅞		
			પંચાસર	૧૪⅔×૧૧×૨⅔
ઈ. ૩૦૦થી ૬૦૦ (ગુપ્તકાળ)	સહેટમહેટ (પ્રાચીન શ્રાવસ્તી)	૧૪×૮×૨⅔		
ઈ.૭૦૦થી ૧૦૦૦ (ગુર્જર-પ્રતિહાર કાળ)	શ્રીમાળ, કનોજ ઈ. . . .	૧૨×૯×૨	આશાવલ (હિંદુકાલીન અમદાવાદ)	૧૨×૯×૨⅛
ઇ. ૯૪૨થી ૧૨૯૭			સહસ્રલિંગના ખોદકામમાંથી નીકળી આવેલી દહેરીઓ (ચાલુક્યકાળ)	૯×૬×૨
ઈ. ૧૪૦૩થી ૧૫૭૩			ગુજરાત સલ્તનત . .	૭×૪⅔×૨
ઈ. ૧૫૭૩થી ૧૭૫૮			મોગલકાલીન ગુજરાત	૬⅔×૪×૧⅔

આ પાંચે તળાવો શહેરની અંદર આવેલાં હતાં. આરસ-પહાણનાં બાંધેલાં પગથિયાં અને વચ્ચે એ જ પથ્થરનાં મંદિરો હતાં. હજી પણ, સાહેબ, એ જગ્યાએ કુવા ખોદતાં અસલના વખતનાં આરસનાં પૂતળાં મળી આવે છે. શહેરને ફરતો બાર ગાઉનો ગઢ હતો. તેને ચોવીસ નાકાં હતાં. રૂપેણ ગઢની રાંગને અડીને વહેતી. એવા મોટા અને રળિયામણા આ શહેરમાં જેસખરી રાજા રાજ્ય કરતો હતો. સાતસો રાણીઓ તેના રાણી-વાસમાં હતી. તેમાં વિક્રમ રાજાની બહેન રૂપાંદે પટરાણી હતી. જેસખરી રાજાએ ઘણા દેશો જીત્યા હતા. તેમાં ભૂડ રાજાનો દેશ પણ લીધો હતો. તેનું વેર વાળવા દશ હજારનું લશ્કર લઈ ભૂડ રાજા પંચાસર ઉપર ચડી આવ્યો. બાર વરસ સુધી ઘેરો ચાલ્યો. બધા ચાવડા ખપી ગયા ને છેવટે એકલો રાજા જ રહ્યો. રાણી રૂપાંદેને ઓધાન હતું, એટલે રાજા બોલ્યાઃ ''રૂપાંદે મારો વંશ ન જાય માટે તું ભોંયરામાં થઈ નીકળી જા ને રથ લઈ તારા ભાઈ વિક્રમને ઘેર જતી રહે.'' રાણી ન માની. અંતે ઘણી સમજાવટ પછી તે ભોંયરામાં થઈ બહાર નીકળી ગઈ. અને રાજા જેસખરીએ આ ટીંબા ઉપર સમાધ લઈ લીધી. એ વખતની આ સમાધ છે, સાહેબ' પછી રાણી રૂપાંદે પોતાના ભાઈ વિક્રમ રાજાને ઘેર માળવા જતી હતી. પંચાસરથી ત્રણ ગાઉ આથે અમારૂં ગામ વણોદ આવેલું છે, ત્યાં પહોંચતાં તેને કુંવર અવતર્યો. તેનું નામ પાડયું વનરાજ. તેને લઈ ઘણાઘણા વખા વેઠી રૂપાંદે ઉજ્જન નગરી ભાઈ વિક્રમ રાજાને ત્યાં પહોંચી. બધા બનાવોની વાત કરી. વિક્રમ રાજાને એ બધું જાણી ઘણું દુઃખ થયું. તુરત સવા લાખનું લશ્કર લઇ તે ઊપડયો અને પંચાસરને ઘેરી ભૂડ રાજાને ભૂંડે હાલે માર્યો. ભાણેજ વનરાજને રાજતિલક કર્યું. વનરાજે જેસખરીની સમાધમાં તેનું પૂતળું બેસાડયું. વનરાજ પણ સાતસો રાણી પરણ્યો. એક દહાડો તે અધરાતે પટરાણી સાથે ચોપાટ રમતો હતો, ત્યાં રૂપેણને સામે કાંઠેથી કોઇના રડવાનો અવાજ આવ્યો. વનરાજ ત્યાં પહોંચ્યો. જુએ છે તો એક ડોશી બેઠી બેઠી ધ્રુસકે ધ્રુસકે રડી રહી છે. રાજાએ પૂછ્યું, ''માડી, શું કામ રડો છો?'' ડોશીએ ઉત્તર આપ્યો કે ''રાજા, હું પંચાસરની રાજલક્ષ્મી છું. સાત દિવસ પછી આ શહેર પાયમાલ થવાનું છે. એટલે તે પહેલાં તું સઘળી પ્રજાને સાથે લઈ જઈ બીજે જતો રહે ને ત્યાં પાટ-નગર વસાવ.'' એ સાંભળી વનરાજે પાટણ વસાવી ત્યાં ગાદી થાપી. પછી તો, સાહેબ, પંચાસર શહેર ઉજ્જડ થઈ પાયમાલ થયું. લાંબા વખત પછી અહીં આયરો આવી વસ્યા. તેમણે હાલનું પંચાસર ગામ વસાવ્યું. એક દિવસે આ ગામ ઉપર દુશ્મન ચડી

આવ્યા. આયરો અને તેમની વચ્ચે ધીંગાણું જામ્યું. તેમાં ઘણા આયર મરાયા અને દુશ્મન હાર્યો. પણ આ બનાવને લઈ આયરોએ ફરી કચ્છ જવાનો નિર્ણય કર્યો. પાટણથી તેમણે ત્રણસો સલાટ તેડાવ્યા અને તેમની પાસે ધીંગાણામાં કામ આવેલા આયરોના પાળીઆ કરાવ્યા. સલાટોએ મજૂરી માગી એટલે આયરો બોલ્યા અમે કચ્છ જઈએ છીએ. રણની વચ્ચે આવેલા એક બેટમાં અમારી માયા દટાએલી પડી છે. ત્યાં સુધી સાથે ચાલો એટલે ત્યાંથી એ કાઢી મજૂરી આપાશું. સલાટો સાથે ચાલ્યા. બધા કચ્છના રણની અધવચ્ચે પહોંચ્યા કે આયરોએ તરવારો ઉગામી અને ત્રણસો યે સલાટોનાં માથાં વાઢી નાખ્યાં. એ પાળીઆ ગામને પાદરે હજી પણ ઊભા છે, સાહેબ! આ પછી અહીં ગોહેલ-વાડથી નાડોદા આવીને વસ્યા. હાલ એ લોકોનું જ એ ગામ છે.'



પાંચ સરોવરો સાથે પંચાસર તથા તેની આજુબાજુનાં સ્થળ દર્શાવતો નકશો.

જયશિખરીની પ્રતિમા

'પીછુ, સાહેબ, એક વખત કી વાત કરૂં. જો કહેને કા હય વો સબ નજરોનજર દેખા હય. હમારા બચપણ થા. મેં વણાદ સે પંચાસર બહોત આતા થા. હમારે ફઈબાકા ઇસમેં ઘર થા. તબ કે જમાને કી વાત હય યે.' એમ કહી જમાદારે વાત આગળ ચલાવી:

'આયરો જ્યારે આ ગામમાં રહેતા ત્યારે આ જેસખરીની સમાધમાં તેનું પૂતળું બેસાડેલું હતું. તેની નીચે એમણે પોતાની માયા દાટી રાખી હતી. કચ્છથી એક દહાડો આયરોનું મોટું ટોળું આવ્યું. અહીં આવીને બોલ્યા કે અમારે માનતા ઉતારવી છે. આમ કહી દહેરાને ફરતી કનાતો તાણી દીધી ને રાતોરાત ખોદીને માયા કાઢી ગયા. સવારમાં લોકોએ જોયું તો કાંઈ ન મળે. જેસખરીના પૂતળાનું માથું નીચે પડ્યું હતું, ને તેની નીચે ખાડામાં ઘીના દીવા બળતા હતા અને થોડાક જૂના તાંબિયા ત્યાં પડેલા હતા.'

'લેકિન જમાદાર, વો જેસેખરીકા પૂતળા અબી કિધર હય?' મેં ઉત્કંઠા સાથે પૂછ્યું.

'ખુદા માલૂમ સાહેબ; મય તો પીછુ નોકરી મેં જોડા કે રાધનપુર ગયા. દરદર નોકરીમેં ફિરા. અબી પંચાસર આયા હું. ઈસ બીચમેં તો જમાના બી સબ પલટ ગયા. મગર જો કુછ સુના ઓર આંખોંસે દેખા વો કહ દિયો.

જયશિખરીની સમાધિના ટેકરાને મેં સારીપેઠે તપાસ્યો અને છેવટે નિર્ણય બાંધ્યો કે આ સ્થળે પાટણ પૂર્વેની પંચાસરપુરીની ચાપોત્કટોના કાળની કોઈ ઐતિહાસિક ઇમારતના અવશેષો દટાએલા પડ્યા છે ને તેના ઉપર ધૂળનાં પડ બાઝી જવાથી તેનો આ ટેકરો બંધાયો છે. શક્ય છે કે એ ઇમારતને જયશિખરી સાથે કોઈ સંબંધ રહ્યો હોય અને તેની યાદગીરી લોકવાણીમાં સચવાઈ રહેતાં, એની ટોચે એક છતેડી પછીથી થએલી ભોળા લોકસમાજે તેને જ જયશિખરી સાથે સાંકળી દીધી હોય. આ ટેકરાનું જો ખોદકામ કરાવવામાં આવે તો ચાપોત્કટ કાળના પંચાસર અને તત્કાલીન ઇતિહાસ ઉપર પ્રકાશ પાથરનારી ઉપયોગી પુરાસામગ્રી મળી આવવાની શક્યતા છે. બહુ નહિ તો પચાસ પોણોસો રૂપિયાને ખર્ચે એકાદ ટ્રેન્ચ–Trench (પુરાન્વેષણ માટે ખોદાતો ખાડો) ખોદાવવામાં આવે તોપણ ઘણું મળી આવવા સંભવ છે.

ચાપોત્કટ સ્થાપત્યનો એક અવશેષ

'જમાદાર, કયા અસલ કે વખત કી એક બી ઇમારત અબ ઇસ પંચાસરમેં રહી નહિ હય?' મેં પ્રશ્ન કર્યો.

'ગામમેં એક પીરકી વાડી હય. વહાં બહોત જૂની એક દેરી હય ખરી.' તેણે કહ્યું.

'અચ્છા, ચલો વહીં. વો દેખ લેવે.' કહી તેને સાથે લઈ હું ઊપડ્યો ને ગામની પૂર્વ દિશાએ અમે પહોંચ્યા. વાડમાંથી અંદર પેસવા માંડમાંડ રસ્તો કર્યો. અંદર જઈને જોઉં છું તો અનેકાનેક સૈકાઓના કાળના ઘા ઝીલીઝીલીને મૃતપ્રાય બની ગએલી છતાંય ટટ્ટાર ઊભેલી એક પુરાતન દહેરી મારી નજર સામે ખડી છે. પવન અને વૃષ્ટિના મારાથી એની શિલ્પસમૃદ્ધિ ઘસાઈને લગભગ સપાટ બની રહેવા આવી છે. ચૌલુક્ય સ્થાપત્યથી ટેવાએલી મારી આંખને આ દહેરીના શણગારમાં મને અણુહિલ્લવાડપત્તનની પ્રતિષ્ઠા પૂર્વેની ગુર્જર શિલ્પકળાનાં દર્શન થયાં. ચૌલુક્ય કાળમાં ગુર્જર શિલ્પ ઉપર પડેલા દાક્ષિણાત્ય ચાલુક્ય પ્રભાવથી મુક્ત એની કળા જણાતી હતી. બહારની પાષાણ શિલાઓ ખરીખરીને અનેક સ્થળે અંદરની ઇંટો બહાર નીકળી આવી હતી. એ પણ ૧૪½×૧૧×૨½ના માપની હતી. પંચાસરપુરી જે કાળે ગુર્જર દેશની પાટનગરી હશે ને ચાપોત્કટ રાજ્ય-વંશની ત્યાં ગાદી તપતી હશે તે સમૃદ્ધિકાળના એકલવાયા અવશેષ સમા એક નાની ઇમારત મને લાગી.

પાંચ સરોવરો

'ચલો જમાદાર, અબ વો પાંચ તળાવ દેખ લેવે.'

પંચાસરની પુરાતન સમૃદ્ધિને ઢાંકી સાચવી રહેલા ટીંબાઓને ઓળંગતો હું જમાદારની પાછળપાછળ ચાલ્યો, અને જે પાંચ સરોવરોને કારણે આ પુરી પંચાસર કહેવાઈ ત્યાં આગળ અમે બંને આવી પહોંચ્યા.

ભાંગ્યા ભરુચ સમી એ પુરાતનપુરીની પનિહારણો એ પ્રાચીન સરોવરોનાં નીર ભરવા ટોળે વળી હતી, પણ એ સરોવરોમાં નિર્મળ નીરને બદલે ધૂળ ઊડતી હતી! ચોમાસામાં થોડાક માસ સુધી એ તળાવોમાં પાણી રહે છે, ને સુકાયા પછી લોકો ઠેકઠેકાણે ખાડાઓ ખોદી પાણી કાઢે છે. અરધા અરધા માઈલના ક્ષેત્ર-ફળને રોકતાં આકડસર, મોતીસર, નંદીસર અને વારોચી એ ચાર સરોવરોના અવશેષો ત્યાં નજરે પડતા હતા. પાંચમું સરોવર ઉત્તર-પૂર્વમાં ગામથી જરા દૂર આવેલ સરાણમાં પથરાએલું હતું.

એક પ્રાચીન શિલ્પ

સરોવરની પાળ ઓળંગી તેની મધ્યે આવેલા એક પથ્થરના બાંધેલા કૂવા આગળ હું જઈ પહોંચ્યો. આ કૂવો ખોદાની વેળા ભૂગર્ભમાંથી પ્રાચીન કાળનાં કેટલાંક આરસનાં શિલ્પો નીકળી આવ્યાં હતાં ને એ બધાં કૂવા આગળ મૂકેલાં હતાં. એમાંની એક મૂર્તિનું રેખાચિત્ર આ લેખને મથાળે આપેલું છે. પ્રાક્‌સોલંકી કાળનું મૂર્તિવિધાન એમાં નજરે પડે છે.

આ પ્રમાણે શોધખોળ કરતાં કરતાં સૂર્ય મધ્યાહ્નને આવી પહોંચ્યો એટલે અમે ઉતારા તરફ પાછા વળ્યા. જમાદાર વાતવાતમાં મને સગર્વ કહ્યા કરતો હતો કે સાહેબ, વણોદ અમારા ગામ હય ઓર ઉધર હી વનરાજ ચાવડાકા જનમ હુવા થા.' એટલે મને વણોદ જોઈ લેવાનો તલસાટ જાગ્યો.

'જમાદાર! દો બજે વણોદ ચલનેકા હય, ઓર શામકો પીછે લૌટ આનેકા હય.' એમ ઉતારે આવીને વરધી આપી મેં સાઠ વર્ષના એ વૃદ્ધ જમાદારને રજા આપી.

(ચાલુ) **અમૃતલાલ વ. પંડ્યા**

ગણિતગમ્મત

અદ્ભુત સર્વતોભદ્ર યંત્ર

રજૂ કરનાર: મૂળજી જેઠુ જોશી (નારાયણ સરોવર • કચ્છ)

૨	૪૯	૪૭	૪૬	૮	૧૧	૧૨
૫	૧૪	૩૭	૩૫	૧૯	૨૦	૪૫
૬	૧૬	૨૮	૨૧	૨૬	૩૪	૪૪
૪૩	૩૩	૨૩	૨૫	૨૭	૧૭	૭
૪૧	૩૨	૨૪	૨૯	૨૨	૧૮	૯
૪૦	૩૦	૧૩	૧૫	૩૧	૩૬	૧૦
૩૮	૧	૩	૪	૪૨	૩૯	૪૮

ખુલાસો: મૂળ ૪૯ ખાનાંવાળી આ આખી આકૃતિમાં ૭ ઊભી, ૭ આડી ને ૨ તીરકસ એ દરેક હારનો સરવાળો એકસરખો ૨૫×૭=૧૭૫ આવે છે.

તેથી નાની, તેની અંદરની ૨૫ ખાનાંવાળી આકૃતિમાં ૫ ઊભા, ૫ આડી અને ૨ તીરકસ, એ દરેક હારનો સરવાળો એકસરખો ૨૫×૫=૧૨૫ આવશે.

અને તેથી નાની, અંદરની ૯ ખાનાંવાળી આકૃતિમાં ૩ ઊભી, ૩ આડી અને ૨ તિરકસ, એ દરેક હારનો સરવાળો એકસરખો ૨૫×૩=૭૫ આવશે.

ત્રણે આકૃતિ સ્પષ્ટ છૂટી પડી આવે તે માટે તેને ઘેરી લીટીથી બતાવી છે.

હિંદની ક્રિકેટ-તવારીખમાં અમર આંક પાડનાર

અમરસિંહ



બહુ વર્ષો પહેલાંની વાત છે. ક્રિકેટની રમત હજી કાઠિયાવાડમાં આજના જેટલી લોકપ્રિય ન હતી. કાઠિયાવાડની હાઇસ્કૂલો વચ્ચે દર વર્ષે રમાતી 'હિલ શીલ્ડ' ટૂર્નામેન્ટનું એક 'રાઉન્ડ' રાજકોટ ને પોરબંદરની હાઇસ્કૂલ ટીમો વચ્ચે રમાઈ રહ્યું હતું. રસાકસી જબરી જામેલી. આખરે રાજકોટની ટીમ હારવાની અણી પર આવી ગઇ. પણ આ રસાકસીની છેલ્લી ક્ષણોમાં એકાએક એક પાતળો, લાંબો ખેલાડી, રાજકોટ ટીમના છેલ્લા રમનાર તરીકે દાવ લેવા ઊતરી પડ્યો. હાથમાં બૅટ જાણે માંડમાંડ પકડેલું. પહેરણ પાટલુનની બહાર ઊડતું હતું. પ્રેક્ષકો પોરબંદર ટીમની જીત થઈ ગઇ ધારી હતાશ વદને વિખરાવાની તૈયારી જ પડ્યા હતા.

પણ આ અજાણ્યા ખેલાડીએ આવતાંની સાથે જ એવો હાથ બતાવ્યો કે સૌ તાજ્જુબ થઇ ગયા. તેણે સારા-સારા બોલરોની ખબર લેવા માંડી. ફીલ્ડિંગ કરનારાઓ ને દડાની પાછળ મોકલી મેદાનના બધા ખૂણા બતાવી દીધા. પ્રેક્ષકોની તાજ્જૂબી, તારીફ ને તાળીઓના ગડગડાટ વચ્ચે એણે રમતનો રંગ એકાએક પલટાવી દીધો. રાજકોટની હારેલી બાજીને એ જીત પર લાવી મૂકશે એમ સૌને લાગવા માંડ્યું. અને ચોતરફથી હર્ષનાદો તથા પ્રોત્સાહનના પોકારો ઝીલતા એક યુવાને બૅટની ભારે ગોલંદાજી ચલાવી 'બ્લિટ્ઝક્રીગ'ની ઝડપે રાજકોટને વિજય અપાવ્યો.

આ ખેલાડી તે સ્વ. અમરસિંહ, તમાશબીનોએ તે વખતે ભાગ્યે જ ધાર્યું હશે કે આ ખેલાડી તો જગત-ભરનાં ક્રિકેટમેદાનો સર કરી રાજકોટ કે કાઠિયાવાડ જ નહિ પણ સમગ્ર હિંદને અપૂર્વ કીર્તિ અપાવશે. લોકો તરત તેને ઓળખી ગયા; કારણ કે તેના ભાઈ રામજી તે વખતે એક નામાંકિત બોલર તરીકે માનીતા હતા. ભલભલા ફાંટાબાજ ખેલાડીઓ રામજી સામે રમતાં ધ્રૂજતા. મોટા માતબર પરદેશી રમનારાઓને પણ '**Ramji the terror**' (ત્રાસમૂર્તિ રામજી)નો બહુ ભય હતો. એટલે 'રામજીના ભાઇ' તરીકે આ નવા ખેલાડીને અપનાવી લેતાં લોકોને વાર ન લાગી. થોડી વધારે ફટકાબાજી અને હિમ્મતભરી રમતો બાદ 'અમુ' તો રાજકોટનું ઘરઘરનું નામ થઈ પડ્યું. 'અમુ'નું નામ પડતાં ખાલી લાગતાં મેદાનો માનવમેદનીથી ચિકાર ભરાઈ જતાં. 'અમુ'નું નામ પડતાં નિશાળ તરફ પ્રયાણ કરી રહેલા કિશોરો 'ઘેરથી પાંસરા' નિશાળે ન જતાં પુસ્તકો અને દફતરો સાથે ક્રિકેટ-મેદાન તરફ કૂચ કરતા. 'અમુ'નું નામ પડતાં લોકો લોહચુંબકની માફક મેદાન તરફ ખેંચાઈ આવતાં.

તેનો જન્મ ઇ.સ. ૧૯૧૦માં થએલો અને અભ્યાસ-કાળ પણ રાજકોટમાં જ વીતેલો. ભવિષ્યના આ અજોડ ખેલાડીની ઉમદા ક્રિકેટર તરીકેની શક્તિનો વિકાસ ભલે જામનગર રાજ્યની નોકરીમાં જોડાયા બાદ થયો હતો; પરંતુ એ વિકાસનાં બીજ રૂપ ક્રિકેટશિક્ષણની પાયાની તાલીમ આપી તેનું પ્રાથમિક ઘડતર કરવાનો યશ તો આલ્ફ્રેડ હાઇસ્કૂલના ક્રિકેટશિક્ષક શ્રી વેલજી માસ્તર—જે પોતે પણ અચ્છા ખેલાડી છે તેઓ—ને ફાળે જાય છે.

ઉપર વર્ણવેલા પ્રસંગ પછી તો અમરસિંહને આલ્ફ્રેડ હાઈસ્કૂલની ક્રિકેટ ટીમનો સરદાર બનાવવામાં આવ્યો અને કાઠિયાવાડની મૅચમાં તે ચમકવા લાગ્યો. જ્યારે-જ્યારે તેઓની ટીમ હારવાની અણી પર આવે ત્યારે લોકો અમુ તરફ મીટ માંડી રહેતા અને અમુ પણ ઝમકદાર રમત કરી હાર પર આવેલી રમતને બૅટના જાદુઈ સપાટાથી અદ્ભુત જીતમાં ફેરવી નાખતો.

બૅટ સાથેની તેની આ જ્વલન્ત ફતેહો દરમ્યાન તેણે બોલિંગમાં પણ સારી પ્રગતિ કરી અને એટલી સફળતા મેળવી કે તેના ભાઇ રામજીની માફક ઝડપી

બોલર તરીકે તેની ખ્યાતિ થઇ ગઇ. અને પછી તો એક પ્રખ્યાત ઑલરાઉન્ડર તરીકે તેનું નામ જાણીતું થઇ ગયું.

તેની આ કીર્તિએ હવે જામનગરના ક્રિકેટશોખી જામસાહેબ સ્વ. રણજીતસિંહજીનું ધ્યાન ખેંચ્યું. તેમણે તેને રાજ્યની નોકરીમાં રોકી લીધો અને ઇ. ૧૯૩૨માં હિંદી ટીમ ઇંગ્લંડના પ્રવાસે ગઇ ત્યારે ઝડપી બોલર તરીકે પોતાની સાથે તેને લઇ ગયા. એ પ્રવાસ દરમ્યાન અમુએ ૧૧૧ વિકેટ લઇને એવો તો સપાટો બોલાવી દીધો કે ઇંગ્લંડના લોકો દાંતમાં આંગળાં પકડી ગયા. આ પ્રવાસે તેને ક્રિકેટજગત સમક્ષ પ્રકાશમાં લાવી દીધો. અને જામનગર રાજ્યની ટીમ તરફથી 'રણજી ટ્રોફી'માં રમી તેણે જામનગરને જીતાડયું ત્યારથી તો તે અગ્રણી રમનાર બની ગયો. નવાનગર ટીમની રણજી ટ્રોફી ટૂર્નામેન્ટમાં બોલિંગ, બૅટિંગ અને ફીલ્ડિંગ ત્રણેમાં અમુ આધારસ્તંભ ગણાવા લાગ્યો. જામનગરની નોકરી-માં પછી તો તેનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો, જેમાં જામસાહેબ રણજીતસિંહજીના પ્રોત્સાહન ઉપરાંત દિલીપસિંહજીનો પણ ઘણો ફાળો હતો.

૧૯૩૪માં રાજકોટ ટૂર્નામેન્ટમાં ૨૨ મિનીટમાં ૧૦૦ રન કરી સદી નોંધાવી તેણે દુનિયાનો રેકોર્ડ તોડ્યો. તરતજ ૧૯૩૫માં ઇંગ્લંડની લૅંકેશાયરની જાણીતી કોલન ક્લબ (Colne Club) તરફથી તેને આમંત્રણ મળ્યું; અને એ ક્લબ તરફથી ક્રિકેટની તાલીમ આપનાર ઉસ્તાદ (Coach) તરીકે તેને રોકી લેવામાં આવ્યો. પગાર લેનાર તરીકે ધંધાદાર ખેલાડીઓમાં સૌથી મોટો પગાર તેને મળતો. અને તેનાં કારણ ઓછાં નહોતાં. લૅંકેશાયર લીગના ક્રિકેટજંગોમાં કોલન તરફથી રમતા અમરસિંહની બોલિંગથી ખરી પડતી વિકેટો અને તેના બૅટની ગગનગામી આતશબાજીએ ત્યાંની જનતાને ઘેલી કરેલી. અમુને રમતો જોવા ટિકીટબારી પર દરોડા પડતો, ને અમુનું નામ 'ગેઇટ-મની'માં ટંકશાળ પાડતું.

આ પછીની અમુની બૅટ અને બોલ સાથેની સન-સનાટીભરી ફતેહો તો બહુ જાણીતી બીના છે અને હિંદ તો શું પણ જગતના ક્રિકેટની તવારીખની એ એક દિલચસ્પ કહાણી બની ગઇ છે.

પણ જ્યારે ૧૯૪૦ના મે માસની ૨૧મી તારીખે માત્ર ૨૯ વર્ષની વયે જામનગરમાં તેના નિવાસસ્થાન 'ક્રિકેટર્સ કૉટેજ'માં તેનું અકાળ અવસાન થયાના ખબર અચાનક મળ્યા ત્યારે લોકોનાં મુખમાંથી અરેરાટી છૂટી ગઇ. કોઇએ ભાગ્યે જ ધારેલું કે હિંદના આ અદ્વિતીય ક્રિકેટ-વીરની જીવનદોરી આમ એકાએક તૂટી જશે.

તેના અવસાન સમયે અમુ હિંદનો સર્વોત્તમ 'ઑલ રાઉન્ડ' ખેલાડી ગણાતો હતો. દુનિયાભરના પ્રખ્યાત ઑસ્ટ્રેલિયન ખેલાડી મેક્કાર્ટની, જેનો ક્રિકેટની રમત પરનો અભિપ્રાય આધારભૂત મનાય છે, તે હિંદ આ-વેલા ત્યારે તેણે ખાણાના એક મેળાવડામાં કહેલું કે 'Nayudu and Amarsingh would adorn any cricket team of the world' (નાયડુ અને અમરસિંહ જગતની કોઇ પણ ટીમને દીપાવે તેવા છે.) અને ખરેખર, ઘણા સ્વતંત્ર, આંતરરાષ્ટ્રીય ક્રિકેટનિષ્ણાતોના મત પ્રમાણે, આખી દુનિયામાંથી ચૂંટી કાઢેલી ચુનંદા, સર્વોત્તમ અગિયાર ખેલાડીની ટીમમાં, બોલિંગની શરૂઆત કરી શકે તેવા આદર્શ, પ્રથમ બોલર તરીકે 'અમુ'ની ગણના થતી હતી.

અમરસિંહની ખાસ વિશિષ્ટતા તો એ હતી કે લાંબા સમય સુધી તે બિલકુલ થાક્યા વિના ગમે તેટલા ઓવર ફેંકી શકતો અને છતાં તેની 'લેંથ' તો તેની તે જ રહેતી. કોઈ વખત જ્યારે તેને બહુ વિકેટ ન મળતી ત્યારે પણ એ દાવ લેનારને કાબૂમાં રાખી સ્કોર બહુ વધવા ન દેતો અને આ રીતે બહુ રન થતા અ-ટકાવી રાખવાની તેની શક્તિ તેની ટીમને માટે એક અમૂલ્ય વસ્તુ થઇ પડતી.

અમરસિંહ આજે નથી; પણ તેની યાદ આપણે કદી ભૂલીશું ખરા! બૉલ સાથે ધસતી આવતી તેની કદા-વર પ્રચંડ કાયા, બૅટને સહેલાઇથી ઉછાળી ઉત્સાહનાં પૂર વહાવતી તેની આકર્ષક છટાદાર રમત, ફીલ્ડની અંદરની તેની અપ્રતિમ ચપળતા, અને વીજળિક ગતિ-થી તેના બૅટમાંથી ફૂટતા ચારચાર ને છછ રનના ફટકાના 'ફટાકડા', એ સર્વ આપણા સ્મૃતિપટ પરથી કેમ ભૂંસાશે?

અમુનો નિરભિમાની સ્વભાવ અને તેની ખેલદિલી –sportsmanship–કોઇ પણ ઊગતા ખેલાડીને ઉદાહરણ રૂપ છે. આટઆટલી નામના અને સફળતા પ્રાપ્ત કર્યાં છતાં તે તો રાજકોટની આલ્ફ્રેડ હાઇસ્કુલનો તેનો તે જ 'અમુ' હતો. ખોટા આડંબર કે ડંફાસોએ તેનામાં લેશમાત્ર પ્રવેશ કર્યો ન હતો.

જ્યારે લૅન્કેશાયરમાંની તેની કોલન ક્લબમાંથી તે રજા ગાળવા રાજકોટ આવતો ત્યારે રાજકોટનાં રમતનાં

ક્ષેત્રોમાં એક નવું જોમ આવતું. હૉકી, વૉલી-બૉલ, ક્રિકેટ કે ફુટબૉલ, જેના મૅચ ચાલતા હોય તેમાં અમરસિંહની ખેલાડી કે પ્રેક્ષક તરીકેની હાજરી રમનારને ભારે ઉત્તેજિત કરતી. તેની મસ્તીખોર દોડાદોડી, ધાંધલ ને પ્રોત્સાહનના તેના પડકારો તેમજ તેનાં રમૂજ અને ટીખળ તમાશબીનો તથા ખેલાડીઓને આનંદમાં એકસરખા તરબોળ કરી, રમત માટેનું એક ખુશનુમા તંદુરસ્ત વાતાવરણ ઊભું કરતાં એ બધું કેમ ભુલાશે?

અને તે સાથે મોઈદાંડિયાની રમતના મૅચ જમાવનાર રાજકોટના કિશોરો તેને કેમ ભૂલી શકશે! ૧૯૪૦ના વર્ષમાં પણ જગતના આ મશહૂર ખેલાડીને રાજકોટના મેદાનમાં નાનાં ભુલકાંઓ સાથે મજા ખાતર રબ્બરના ટેનીસ-બૉલથી ક્રિકેટ રમતાં જોનાર પ્રેક્ષકો કે તેની સાથે ખેલેલાં બાળકો તેને કેમ ભૂલી શકશે? અને તેની રમત જોનાર પ્રેક્ષકો તથા રેડિયો પર મૅચનાં વર્ણનો સાંભળતા ક્રિકેટ-શોખીનો તો તેને કેમ જ વિસારી શકશે? 'Here Comes Amu' પોકારતો શ્રી 'બૉબી' તાલિયારખાનનો બુલન્દ પણ કર્ણમધુર અવાજ હજી પણ આપણા કાનોમાં ગુંજે છે.

આજે અમરસિંહ હયાત નથી, પણ તેનું નામ તો જરૂર અમર રહેશે. હિંદની ક્રિકેટ-તવારીખમાં તેની કારકિર્દીએ ઉજ્જવળ આંક પાડ્યો છે તેટલી જ તંદુરસ્ત અસર તેના નિખાલસ, નિરભિમાની સ્વભાવે પાડીને પક્ષપાત વિનાની ખેલદિલી ભરી ખિલાડી પ્રકટાવી છે. તેની ઊજળી કારકિર્દીના સ્મરણ સાથે એ નિરભિમાન બંધુભાવની જ્યોત આપણે સતત જલતી રાખીશું તો તેનું ખરું સ્મરણ સાચવ્યું ગણાશે.

હરીશ એસ. બૂચ

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર : માણેકલાલ હિંમતલાલ વ્યાસ · દીવ—

3212 Celti HOUSTEN, Texas (U.S.A.)
૨૫મી મે ૧૯૪૦

પ્રિય માણેકલાલ,

કાલે જ તમારો પત્ર મળ્યો. હિંદના મિત્રનો પત્ર મળતાં અતિશય સાનંદાશ્ચર્ય થયું.

"Open Road for Boys" માસિકમાં પ્રકટ થએલો શ્રી રવિશંકર રાવળનો પત્ર મેં વાંચ્યો તે દિવસ હું ભૂલી શક્યો નથી. મેં તુરત જ તેમના પર પત્ર લખી નાખ્યો હતો, અને તેમણે ખરેખર મારા પર ઘણી કૃપા બતાવી છે. શા માટે, કહું? દોઢ માસમાં તો મારા પર તમારા દેશમાંથી અને બ્રિટિશ ઇસ્ટ આફ્રિકામાંથી પત્રોનો વરસાદ વરસ્યો! 'કુમાર' પ્રકટ કરનારનો હું શી રીતે ઉપકાર માનું? કોઇ રીતે બદલો ન વાળી શકાય એવી રીતે તેણે ઘણી મોટી સેવા બજાવી છે.

તમે મોકલેલી ટિકીટો માટે ઉપકાર. તેના બદલે આ સાથે મોકલેલી ટિકીટો તમને મળશે. મને પણ પરદેશી સિક્કાઓ સંઘરવાનો શોખ છે. તમે તમારા સિક્કાઓ મોકલશો?

મને ૧૯ વર્ષ થયાં છે અને હું ધંધે લાગી ગયો છું. હું પોસ્ટલ ટેલિગ્રાફ કેબલ કંપનીમાં નોકર છું. એવા નામની કોઇ કંપની તમારે ત્યાં છે ખરી કે?

તમારા પત્રને મથાળે 'વ્યાસ બ્રધર્સ' છાપેલું છે. તમારા બીજા ભાઇઓ પણ છે કે? મારે પણ એક જોસેફ નામનો ૧૬ વર્ષનો ભાઇ છે; અને એક ૧૪ વર્ષની બેન છે.

મને લાગે છે કે હાલ પૂરતું ઠીક લખ્યું છે, એટલે પત્ર બંધ કરું છું. તમે જલદી પત્ર લખજો.

તમારો ખાસ

Malden A. Harvey


તા.ક. તમારા અક્ષરો મને સારૂ ઉકલ્યા છે. થોડી ભૂલની પરવા ન કરતા. આપણે દરેક જણ કંઇ ને કંઈ ભૂલ કરીએ જ છીએ. હિંદનો સિક્કો મોકલવાનું ભૂલશો નહિ.

અહીં વસંત બેઠી છે. ઓક, સાઈપ્રસ, કૉટનવૂડ, વૉલનટ વગેરે વૃક્ષો પર લીલાં પાન આવી ગયાં છે. છાંયો સરસ લાગે છે. તેની નીચે ગરમીના દિવસ પસાર કરવાની મજા આવે છે. વળી અખાતને કિનારે જઇ તરવાની ને મચ્છી પકડવાની ગમ્મત ઓર છે. વસંતના માનમાં ફૂલો પણ ખીલ્યાં છે: રોઝ, લિલાક, લીલી, નાઇજરહેડ, સનફ્લાવર બધાં જ.

ખેતરો પર લોકો વાવણી માટે જમીન તૈયાર કરી રહ્યા છે. તાજાં બટાટાં, વગાણા, સીંગો વગેરે ખેડૂની વાડીમાં ઊંચાં વધી રહ્યાં છે બીજી તરફ ખેડૂત અનાજ, કપાસ, શેરડી વગેરે વાવવાને શિયાળામાં તૂટી ગએલી વાડો સમારી રહ્યા છે.

મારો દેશ કેવો છે તેનો ખ્યાલ આવે છે ખરો? અહીં તો માણસોને રોજ શહેરમાં કામને માટે જાઆવ કરવી જ પડે: ઑફિસોમાં, બૅન્કોમાં, લોખંડની મીલોમાં અહીં તહીં બધે. અમેરિકામાં બધા ઝડપથી કામ કરનારા જ છે.

"હવે દુનિયા પણ જાતસંબંધ વધી રહી છે ને?



શ્રી સંતોષબાબુના હાથ નીચે, ચીનાઇ ઢોળ ચડાવેલાં માટીનાં સુંદર ઘાટનાં વાસણો બનાવતું શ્રીનિકેતનનું 'પૉટરી' ખાતું

મારી નજરે (અનુ૰ પૃ. ૩૮૪થી) બેસીને વિચારીશું. પછી તરત, શ્રીનિકેતન જતાં પહેલાં અમે શ્રી ક્ષિતિબાબુને વિદ્યાભવનમાં મળ્યા. તે તો પૂર્વાચાર પ્રમાણે એક પાટ ઉપર મોટું મેજ જમાવી કોઈ પેઢીના વેપારીની જેમ શાન્તિનિકેતનની શાખાઓનું નિયમન કરી રહ્યા હતા. અમને જોઇ લખવાનું પડતું મૂકી પ્રેમથી આદર કર્યો. પરંતુ ગુરુદેવની ગેરહાજરી તેમના મનમાં બહુ સાલતી હશે એમ લાગ્યું. મને પહેલું જ કહ્યું કે 'તમે આવ્યા છો, પણ આશ્રમપતિ તો છે નહિ.' મેં કહ્યું: 'એટલું મારું ભાગ્ય નહિ હોય. પરંતુ આપે જ ગુરુકુલના વ્યાખ્યાનમાં કહ્યું નથી કે ગુરુનું સ્વરૂપ તો વિદ્યાર્થીઓ અને આશ્રમમાં મૂર્તિમંત થાય છે?' તુરત તેમણે જિજ્ઞાસા કરી : 'શું એ વ્યાખ્યાન ગુજરાતીમાં પ્રકટ થઇ ગયું?' તેમણે અમદાવાદના મિત્રોના ખબર પૂછ્યા. કરુણાશંકરજી તો સ્મરણમાં પહેલા જ. શેઠ અંબાલાલભાઇના કુટુંબના અને છેવટ હુલ્લડના ખબરો પૂછતાં બહુ ગ્લાનિમય થઈ ગયા. ટૂંકામાં બધા સમાચાર કહી અમે નીકળ્યા, કેમકે સાંજ પડતી જતી હતી અને શ્રીનિકેતનનો ત્રણ માઇલનો પંથ હજી બાકી હતો તેકલામદાએ (અહીં 'ભાઇને' બદલે બંગાળી 'દા' શબ્દ ઉમેરાય છે એટલે શ્રી કલામ તે 'કલામદા') તે યાદ કરાવી પગની ગતિ વધારવા સૂચવ્યું અને શાંતિનિકેતનના વિસ્તારને છોડી અમે દૂર દેખાતા ઝાડીના ઝુંડવાળા પ્રદેશ તરફ જતા માર્ગે ચડી ગયા.

શ્રીનિકેતન

● રસ્તામાં એકબે મનોહર સાંતાલ ગામડાં આવ્યાં. સુંદર લીસ ઘરનું ગામડાનું એ ઝુંડ વાર્તાના સ્વપ્ન જેવું લાગતું. એક તળાવ આગળ ઝાડોને અડીને માર્ગ ચાલે છે, એ તો કલાકારો જેને bit–રમણીય ટુકડો–કહે છે એવું દૃશ્ય હતું. તળાવની પાળ ઉપર વન-ઉપવનની જુદીજુદી વનસ્પતિ રોપીને વિશેષ રંજક કરવા પ્રયત્ન થઇ રહ્યા છે.

શ્રીનિકેતન પહોંચતાં પ્રવેશ આગળ જ કેટલાંક સાદાં મકાનો ઉદ્યોગો માટે બાંધેલાં હતાં. બંધ થઇ જાય તે પહેલાં જોઈ લેવાની ઇચ્છાથી ત્યાં ગયા. ત્યાંનો અધિકાર નંદબાબુના જમાઈ શ્રી સંતોષબાબુ, જે એક સાયન્સ ગ્રૅજ્યુએટ અને શાંતિનિકેતનના કલાદીક્ષિત છે તેમની પાસે હતો. તેમણે પકવેલી માટીનાં વાસણો પર સુંદર ચીનાઈ ઓપ ચડાવી વધારે કીમતી અને ઉપયોગી માલ બનાવવા માંડ્યાં છે. બીજા ભાગમાં ચામડાં પર કલાત્મક ડીઝાઇનો ઉઠાવી પુસ્તકાનાં પૂઠાં, ડાયરીઓ, પાકીટો વગેરે બનાવવાનું ખાતું ચાલુ કર્યું છે. તેમણે જાતે સાથે ફરી બધા કામની વિગતો બતાવી. ચીનાઈ ઓપનું ખાતું ઘણી રીતે આપણા દેશને ઉપયોગી છે, પણ અહીં તો તેમાં કલાત્મકતા અને રંગરૂપ લાવવાની વિશેષ કાળજી રખાતી હોવાથી સામાન્ય જનસમુદાયને ઉપયોગી થાય એટલી વિશાળ પ્રવૃત્તિ કરી શકાય નહિ. આ પ્રયોગો માટે અહીં ભઠ્ઠી પણ નાની હતી. તેની ચર્ચા કરતાં મેં મોરબીના 'પરશુરામ પૉટરી વર્ક્સ'ના સંચાલક શ્રી ગુણપુલે જે જાપાનમાં મારી સાથે હતા તેમનું નામ આપ્યું, કે જે ભઠ્ઠી વિષે તેમને સલાહ આપી શકે. તે આપણા કુંભારો પકવેલી માટી પર સારો ચીનાઇ ઢોળ લાવતા થાય

તો તેમના ચાંલ્લેની કિંમત વધી જાય. પરદેશી માલ અટકે અને ગામડાં સમૃદ્ધ બને એમાં શંકા નથી.

ચામડાં પરની ડિઝાઈનો શાંતિનિકેતન જઇ આવેલ કોઇ જ વિદ્યાર્થી શીખ્યા વગર આવે એટલું એ સહેલું લાગે છે. પણ તેની ખરી શોભા ને કિંમત તો કરનારની શોભનબુદ્ધિમાં છે. ચામડાંના અવનવીન ટાંકા તેમજ વિવિધ રંગ કે ભાતવાળી ભોંય પર મનુષ્ય, પશુ કે ફૂલપાનની તાળમેળવાળી આકૃતિઓ રચવી અથવા પ્રાચીન કે અર્વાચીન ચિત્રના પ્રયોગો તેમાં ઉતારવા એ કુશળતા અને દ્રષ્ટિ વગર સિદ્ધ થાય નહિ.

ઉદ્યોગભવનમાં ગોપાલનનો પણ એક વિભાગ છે, જે ખેતી ઉપરાંત આશ્રમના પશુધનની સંભાળ રાખે છે, શાંતિનિકેતનને દૂધ-માખણ પૂરાં પાડે છે ને સાથેસાથે વિદ્યાર્થીઓને ગ્રામજીવનનો સંપર્ક આપી રહ્યુ છે. શાંતિનિકેતનના વિદ્યાર્થીઓ રોજ અહીં ફરવા આવે, અથવા ઉદ્યોગ ગૃહોમાં જોડાય કે વિશેષ કામ કરવા રહે પણ ખરા. બંને સંસ્થાઓ વચ્ચે આવજા માટે સાઇકલનું સાધન ઉપયોગી છે. મુલાકાતીઓ માટે પણ સાઇકલ-રીક્ષાવાળાઓ તૈયાર હોય છે. પણ રસ્તાનું સૌંદર્ય માણવા પગનો પ્રવાસ જ મઝાનો લાગે છે.

શ્રીનિકેતનમાં શિક્ષકોનાં નિવાસગૃહો ખરેખર કલાત્મક સાદાઇના નમૂના હતા અને કેટલાક અપનાવવા જેવા પણ લાગ્યા. શ્રીનિકેતનનું ખાતમુહૂર્ત કરતાં સ્વ. ગુરુદેવે જાતે હળ હાંકેલું એ પ્રસંગને ત્યાંની ભીંત ઉપર શ્રી નંદબાબુએ પાકા રંગની રેખાઓથી અંકિત કર્યો છે. એ સમયે હાજર રહેલી વ્યક્તિઓનો પણ તેમાં સમાવેશ કરી ચિત્રને ઐતિહાસિક બનાવ્યું છે. કલાભવનના વિદ્યાર્થીઓ માટે શ્રીનિકેતન એક સુંદર ચિત્રભૂમિ છે એમ નિઃશંકપણે કહી શકાય.

દીવાટાણે અમે આશ્રમમાં પાછા આવ્યા ત્યાં ખબર મળ્યા કે આજે શિશુવિભાગ સત્રાન્ત ઉત્સવ નિમિત્તે નાટ્યો, વિનોદ ને સંગીતના પ્રયોગો રજૂ કરનાર છે. તેના પ્રમુખ કનુભાઇના સમયના એક વિદ્યાર્થીમિત્ર હતા. તે મને જાણતા હોઇ એ મેળાવડામાં ભાગ લેવા તેમણે મને આમંત્ર્યો હતો.

શિશુમંડળનો ઉત્સવ

● વિદ્યાભવનની જ નીચેની ઓસરીમાં મેળાવડો યોજાયો હતો. પ્રયોગોમાં ખૂબ સાદાઈ હતી અને સહજ મળેલાં સાધનોનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. અહીં કરેલું તેઓ ઘર આગળ પણ સરળતાથી કરી શકે એ ધ્યેય તેમાં જણાતું હતું. નાટકી તખ્તા કે ધંધાની નકલ જરા પણ નહોતી. બાળકાવ્યો, સંવાદો, વિનોદો, ભાષણો, સંગીત, નૃત્ય એ બધાંમાં, બાળકોની ચેષ્ટાઓમાં સ્વાભાવિકતા અને વાણીચાતુર્ય ખીલવવાની દ્રષ્ટિ આગળપડતી હતી. એ કાલીઘેલી રમૂજોમાં સૌને ખૂબ આનંદ પડતો. ગિજુભાઈની 'ઉંદરા પેટની દેડકા રે' વાળી વાતનું બંગાળી સ્વરૂપ એક બાળકે કહ્યુ તે મેં તુરત પિછાન્યું. છેવટે પ્રમુખશ્રીએ મને સ્ટેજ



શાંતિનિકેતન મ્યૂઝિયમના પગથારે. આગળ : ર.મ.રાવળ અને શ્રી નંદબાબુ. પાછળઃ ડાબી તરફથી—નવીન ગાંધી, વ્રજલાલ અને કલામહા (ફોટો · નરેન્દ્ર રાવળ)

પર આમંત્રી આ પ્રસંગ વિષે મારા મન ઉપર પડેલી છાપ જણાવવા કહ્યુ અને જણાવ્યું કે હું અંગ્રેજી, હિંદી કે ગુજરાતી ગમે તે ભાષામાં બોલીશ તો ચાલશે અને તેઓ તેનું બંગાળી કરી શ્રોતાઓને સમજાવશે. મેં હિંદીમાં જ બોલવું પસંદ કર્યું. એ હિંદી તો ઠીકઠીક હતી, પણ તેથી શ્રોતાઓ અરધું પણ સમજ્યા તો હશે. તે ઉપરાંત મેં વાપરેલા જ શબ્દો ઉપાડી લઈ પ્રમુખ મહાશયે તેનું જે બંગાળી કરી બતાવ્યું તે ઘણું જ તદ્રુપ બન્યું હતું મેં પ્રથમ તો દિવંગત ગુરુદેવને અંજલિ આપી, જેમણે ભારતવર્ષમાં શિશુસામ્રાજ્યના સંદેશા આપી જનતાને તેના પ્રત્યેની ફરજનું ભાન કરાવ્યું;બાળકોનું માનસ આખા ભારતવર્ષમાં એક જ છે અને જનતાની બુદ્ધિ એક જ સમતળ પર છે એ બતાવવા પેલી દેડકીની વાતનું આપણે ત્યાંનું સામ્ય બતાવ્યું; બાળકોના ઉત્સવો તથા આનંદમેળા સ્વ. ગિજુભાઇના પ્રયત્નોથી ગુજરાતભરમાં હવે વ્યાપી ગયા છે તે પણ કહ્યુ; અને છેવટે હું અમદાવાદથી નીકળ્યો તે વખતે એલિસબ્રિજ વ્યાયામમંડળે હજાર જેટલાં બાળકોની પર્યટનટ્રેઇનનો પ્રયોગ કર્યો હતો તેના સમાચાર આપ્યા.

આમ, શાંતિનિકેતનમાંનો મારો એ પ્રથમ દિવસ એકંદર બહુ સુંદર રીતે વ્યતીત થયો તેનો સંતોષ લઈ, વાળુથી પરવારી અમે પ્રવાસનો થાક ઉતારવા તાતાભવનને આશરે ગયા.

(ચાલુ) ર. મ. રા.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ : 'ભરવાડ'-મઝહર માસ્તર (પાલણપુર); બીજું ઇનામ : 'સ્વાશ્રયી'-ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ); ત્રીજું ઈનામ : 'જીવનનિર્વાહ'-ચીમન મેવાડા (કલોલ); ઉત્તેજના: 'મોતીનો સાગર'-બાબુ ભણસાળી (મહુધા). નોંધપાત્ર: (૧) 'બેલડી' : નટુભાઇ દેસાઇ-કપડવણજ; (૨) 'ધોળાં': જયકુમાર પંડયા-અમદાવાદ.

ચિત્રની શોધમાં ભમતા ફોટોગ્રાફરને ભરવાડ અને ઘેટાંનો વિષય કોઈ પણ શહેર કે ગામડાની ભાગોળે મળી આવશે. આવા વિષયના ચિત્રસર્જનને સ્થળ કે વ્યક્તિ સાથે ખાસ નિસ્બત નથી હોતી. ચિત્રમાંનાં છાયાપ્રકાશથી ઉપજતી ડીઝાઇન ને સુસંવાદી વર્ણો (harmonious tones) જ ચિત્રને સુધારે કે બગાડે છે. ભાઇ મઝહર માસ્તરનું ચિત્ર 'ભરવાડ' કયાં લેવાયું છે તેની જોનારને ખબર નથી, છતાં ચિત્ર આકર્ષણ કરે છે. શિયાળાના ધુમ્મસમાંથી ડોકિયાં કરતો સવારનો હળવો તડકો કેવું આહ્‌લાદક વાતાવરણ જમાવે છે! અછરતા પ્રકાશની મદદથી ઘેરા ને લાંબા પડછાયા વચ્ચે ઘેટાંની રૂપેરી પીઠરેખાઓ સુંદર ડીઝાઈન ઉપજાવે છે. આવા વિષયને અનુરૂપ ફોટોગ્રાફિક ટૅકનિક અઘરી હોય છે. ભાઇ મઝહર સામા પ્રકાશમાં ચિત્રો લેવા માટે ફોટોગ્રાફીના આવશ્યક ક્રિયાભાગમાં પ્રવીણતા મેળવી જણાય છે. ચિત્રને ડાબી તરફથી અરધા ઇંચ ઉપરાંત ઓછું કરવાથી સંયોજના સુધરે છે.

ચંદુભાઈ ભટ્ટના 'સ્વાશ્રયી' ફોટોચિત્રમાં નાની છોકરી શાકભાજી જેવી વસ્તુ ધોઇ રહી છે. નામ વાંચીને ચિત્ર જોતાં પાડનારનો હેતુ જરા પણ સમજાતો નથી. ઝગઝગાટ સૂર્યપ્રકાશમાં નદી કે તળાવને કાંઠે કોઈ બાલિકાને કામમાં મશગૂલ જોતાં કૅમેરિસ્ટ ચિત્ર પાડવા લલચાયલા ને છબી પાડી. ફોકસિંગ, ડેવેલપમેન્ટ અને પ્રિન્ટિંગ યોગ્ય પ્રમાણમાં થયાં છે માટે જ ચિત્ર આકર્ષક બન્યું છે. છોકરી નીચી વળીને કામ કરતી હોવાથી, જોનારની દૃષ્ટિ છોકરીના ક્રિયા કરતા હાથ તરફ વળે છે. ત્યાં વસ્તુઓની અસ્પષ્ટતાથી અને આકર્ષક તત્ત્વોની ઊણપથી ચિત્રરચના તૂટે છે.

ઉપરનું વિવેચન ભાઈ ચીમન મેવાડાના 'જીવનનિર્વાહ' ચિત્રને અક્ષરશઃ લાગુ પડે છે. આવાં ચિત્રોનાં નામ બને તેટલાં ટૂંકાં ને સરળ રાખવાં જોઇએ. આ ચિત્ર પણ નીચે વધારે જગ્યા માગે છે.

ઉત્તેજનાઈનામ જીતનારભાઈબાબુભણસાલીના 'મોતીનો સાગર' ચિત્રનો વિષય આકર્ષક છે. બહુ દૂરથી લેવાએલા આ ચિત્રમાં પવનના અભાવે મોજાંઓની ગતિ ધીમી હોવાથી સૂર્યપ્રકાશથી પાણીમાં થતાં તેજબિંદુઓ વિવિધ સ્વરૂપ પકડતાં નથી, તેથી ચિત્રમાં monotony of forms (જડતા) જણાય છે અને ચિત્ર નીરસ લાગે છે.

ભાઈ નાથુભાઇ દેસાઈનું 'બેલડી' ચિત્ર સારૂં છે. પ્રશ્ચાદ્‌-ભૂમિનો વર્ણભેદ મોરના કરતાં ઓછો હોત તો મોર અને ઢેલનાં ચિત્રો છૂટાં દેખાત ડાબી તરફના નીચેના ખૂણાથી જમણી તરફના ઉપરના ખૂણાને જોડતી એક કર્ણરેખા દોરો તે રેખાની ઉપરની બધી જગ્યા ખાલી અને નિરુપયોગી લાગશે. જમણી તરફ ખસીને ચિત્ર લેવાની જરૂર હતી.

ભાઈ જયકુમાર પંડયાએ 'ધોળાં' ફોટોચિત્રમાં વયોવૃદ્ધ પુરુષનું પોર્ટ્રેટ લીધું છે. તેનું ફોકસિંગ બહુ સારૂં છે, પણ ડેવેલપિંગ વધારે સમય સુધી કરવાથી નેગેટિવ 'કૉન્ટ્રાસ્ટી' બની છે. વળી ડેવેલપિંગ કરતી વખતે ગરમીનું પ્રમાણ વધારે હોવાથી ફિલ્મ ઉપરનું ઇમલ્શન નરમ થયું છે અને તેમાં સાર પડયાં છે-જેને અંગ્રેજીમાં frilling કહે છે. ઉનાળાના દિવસોમાં ડેવેલપિંગ કરતાં પહેલાં ફિલ્મને ફૉર્મેલિન બાથમાં પાંચ મિનિટ રાખવાથી આ ફ્રિલિંગ થતું અટકે છે.

બલવન્ત ભટ્ટ

નવાં પુસ્તકો

બોલીઓ મત-લેખક: દિનેશ ઠાકોર, સંપાદકો: સોમાભાઇ ભાવસાર તથા દિનેશ ઠાકોર; પ્રકાશકો: નટવરલાલ વોરા અને શ્રીમતી પારેખ, નવચેતન સાહિત્ય મંદિર, ૨૪૫૬ ભદ્ર, અમદાવાદ, ૦-૪-૦; **સુરભિ**-લેખક: શિવપ્રસાદ ત્રિવેદી, (સંપાદકો તથા પ્રકાશકો ઉપર મુજબ), ૦-૮-૦; **ત્રિવેણી**-સંપાદક અને પ્રકાશક: ડૉ. એમ. એ. સુરૈયા, ઘોડબંદર રોડ, જોગેશ્વરી મુંબઈ; મળવાનું ઠેકાણું, ત્રિપાઠી ઍન્ડ કો. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, ૧-૮-૦. **બાપુ** મૂળ લેખક : ઘનશ્યામદાસ બિરલા, પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, કાળુપુર, અમદાવાદ ૦-૧૨-૦; **મધુકર** મૂળ લેખક: વિનોબા ભાવે, પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, કાળુપુર, અમદાવાદ ૨-૦-૦; **હૃદયવિભૂતિ** લેખક: રમણલાલ વસંતલાલ દેસાઇ, એમ.એ., પ્રકાશક : આર. આર. શેઠની કંપની, બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ, કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ નવી આવૃત્તિ ૨-૮-૦; **एक मास में हिन्दी** લેખક અને પ્રકાશક : હરિકૃષ્ણ વ્યાસ, સબરસ કાર્યાલય, લાઠી (કાઠિયાવાડ) ૩-૮-૦; **એડોલ્ફ હિટલર** પ્રકાશક : સી એમ શાહ, સ્વસ્તિક બુક ડેપો, મંત્રી હાઉસ, ઑપેરા હાઉસ સામે, મુંબઈ ૦-૪-૦; **લાલાનો ભેળ** તૈયાર કરનાર : નાગરદાસ ઇ. પટેલ ૦-૬-૦; **વડવાઇઓ** (ખંડ બીજો) લેખક : હિંમતલાલ મર્થક ૦-૩-૦. બંનેના સંપાદકો : નાગરદાસ ઈ. પટેલ (પ્રકાશક) અને રમણલાલ નાનાલાલ શાહ, બાલવિનોદ કાર્યાલય, મલાડ (મુંબઇ)



મજલ

• પૃથ્વી •

પ્રશાન્ત જગ ડૂબિયું ગહન મૌનને અંતરે,
કરાલ તમ વીંધતા ફક્ત આપણે બે રહ્યા;
દ્રુમે ય નવ ડોલતાં, ધુવડ કારમું બોલતાં,
શિયાળ રડતાં પણે દૂરસુદૂર ભેંકારવાં.
અઘોર તમરાં તીણાં તમતમે અહો એહવાં,
સુતીક્ષ્ણ સજતો યથા સમયની સરાણે ન શું
નિશીથ નિજની છૂરી, જગ ગભીર ગોરંભતું
સ્મશાનવડલા સમું, તિમિરદંશ આ સહ્ય ના.

અહીં લગણ આવિયા ઉભય આપણે સંગમાં,
ઉરે ક્ષત ઊંડા પડયા, ચરણ ચાલતાં થાકિયા;
અહીં, અધવચે હવે અવરની ય આશા કશી?
બચેલ કટકો, સખે, હૃદયની કિનારી તણો,
લઈદઈ પરસ્પરે વ્રણવ્યથા પરે વીંટશું,
અને લથડતે પગે મજલ કાપશું મોજથી.

બાલમુકુન્દ દવે

'તારના થાંભલા'ને

• મિશ્ર •

ઝીલી ઝડી મૂશળધાર મેઘની,
ને કૈં સહી ઝાપટ ટાઢ–વાતની,
ધારી દિસે ઝાળ કરાળ સૂર્યની,
ચાંપી ઉરે આંચકી ચાલુ વીજની,
બાંધ્યું બધે હા તન લોહતારે
જે છૂટશે કેવળ અંતકાળે.
કૈં કમ્પનો, સ્પન્દન, ક્રન્દનોને
દાબી ધર્યાં સૌ ઉરને ઊંડાણે.

માથે ધરી બોજ સ્વકર્મભારો
અલિપ્ત ને નિશ્ચલ એકધારો
કૈં કાળના ભીષણ ફેરફારો
તું પેખનારો વળી ધારનારો.
ઊભો ભલે, ઊભ, ઊભો રહેજે
સૌનો બની પ્રેરણ આમ રહેજે.

પ્રભુદાસ કાલિદાસ વ્યાસ

ધન્ય જીવન

• પૃથ્વી •

પ્રભાકિરણ એક જો તિમિરથી ભર્યા માર્ગમાં
પ્રસારી શકું બંધુના, અવર કો વળી આત્મને
પ્રકાશી કરૂં સ્હાય જો સુપથ જ્ઞાન કર્તવ્યનો,
અને રીતિથી એ કરી શકું હું ભાઇનું શ્રેય જો.
વળી લૂછી શકું હું કો મનુજ આર્તના ગાલથી
ગળંતું યદિ અશ્રુને, જીવનપંથ હું ના ગણું;
તથા જીવનવીથિમાં દ્રુમ ઉગાડું, જેની નીચે
શ્રમિત શિર છાયમાં સૂઈ વિરામ કો પામશે.
ન ભોગવી શકું કદી તરુની છાય કે રમ્યતા,
નિહાળી શકું તોપિ આ, જીવન ધન્ય થાશે ખરું.

• અનુષ્ટુપ •

ન જાણે નામ કો મારું તોપિ સંતોષ આત્મનો,
થતો જે કાર્ય આવાંથી, ન ઇચ્છું અન્ય હું કંઈ.

પુરુષોત્તમ જોગીભાઈ ભટ્ટ

(If I can throw a single ray of light એ કાવ્ય પરથી)

આવકાર

• પૃથ્વી •

અહીં, અખિલ વિશ્વની પરમ શાંતિ કેરો ઝરો,
શમી દ્રગ બની ગયો કબર જે વિષે માવડી
સૂતી; ધરતીના કણેકણ વસેલ કહે ચેતના
મને; 'જલદી આવજે પરમ શાંતિને પામજે.'

હાસમ સુતાર

જનમસ્થાન છે જર્મની

પ્રભાતસમયે હજામત કરૂં તજી સેજ હું,
ખૂંચી ચમકતી તહીં અસુર બ્લેડ રેઝર્ તણી.
વહી રુધિરધાર ત્યાં. 'કયમ રુધિર આજે પીધું?
કહે, રુધિરપાનમાં કઈ મજાહ નિર્દોષનાં?'
વદ્યો કચકચાટથી. રુધિરધાર થંભાવવા
પ્રયત્ન કરતો; છતાં વહી રહી પુનઃ ધાર એ

ધરી અસુર બ્લેડને કર મહીં અને વાંચિયું,
લખ્યું નીડર અક્ષરેઃ 'જનમસ્થાન છે જર્મની?

रञ्जनम्



મધુકરી

આનન્ત્યની દિશદિશે શત પાંખડીનું
ઊગે વધે વિકસતું ફળતું અલિપ્ત
સૌન્દર્યનું કમળ સૂક્ષ્મ પવિત્ર રૂપે
ઉત્ફુલ્લ ઉચ્ચ; તમ જીવન એહવું હો!

મારા નાના ઉરકમળની ઊગતી ભાવના એ
સ્વીકારો આ પ્રથમ કિરણે પાઠવું સૂર્યભર્ગ —દેશળજી પરમાર

પોર્ટુગાલનો સર્વોચ્ચ કવિ

ચાર જ સૈકા પર લિસ્બનમાં એક એવી વ્યક્તિ જન્મી કે જેણે પોર્ટુગાલનું નામ દુનિયાભરમાં ખ્યાત કર્યું. તેનું નામ લૂઈ દ કૅમોઇન્સ. તે કવિ અને શોધક ઉપરાંત ધારાશાસ્ત્રી યે હતો. પોર્ટુગીઝ સરકારે તો થોડાં જ વર્ષો પર તેના નામની પોસ્ટની ટિકીટો કાઢી તેને માન આપ્યું, પણ તે પહેલાં પોર્ટુગીઝ સાહિત્યના સર્વોત્તમ પ્રણેતા તરીકે દુનિયા તો તેને માન આપી ચૂકી હતી. તેનું વિખ્યાત મહાકાવ્ય લુસિયાડઝ, હૉંગકૉંગ પાસે આવેલા ઠેઠ ચીનમાંના મકાઓ શહેરમાં લખાએલું.

કૅમોઇન્સ જુવાનીમાં બહુ તોફાની હતો ને ૧૫૫૨માં તો કોઇ રાજપ્રકરણી તોફાનને અંગે તેને જેલ જવું પડેલું. હિંદમાં નોકરી કરવાની શરતે તેને જેલમાંથી છોડવામાં આવ્યો. ૧૫૫૩માં તે ગોવાને કિનારે ઊતર્યો. પણ ત્યાં ગવર્નર સાથે તકરાર થતાં તેને ચીનમાં મકાઓ મોકલી દેવામાં આવ્યો.

મકાઓમાં તેને સાહિત્ય માટે જોઇએ તેટલી નિવૃત્તિ મળી. તેણે લુસિયાડ્ઝના પહેલા છ અંકો ત્યાં જ લખ્યા. બીજાં પણ ઘણાં યે સાહિત્યિક લખાણો તેણે ત્યાં લખ્યાં પણ કમનસીબે ૧૫૭૨માં જ્યારે તે પોર્ટુગાલ પાછો ફર્યો ત્યારે તેનું વહાણ રસ્તામાં ભાંગી ગયું ને તેની કવિતાઓ સિવાયનાં બધાં લખાણોએ જળસમાધિ લીધી!

પોર્ટુગાલમાં પાછો આવીને પણ એ સુખી ન થયો. પ્રજાએ તેની સાહિત્યસેવા તરફ ઉપેક્ષા જ સેવી અને કંગાલ હાલતમાં છેવટ સુધી ગરીબાઈમાં સબડી ૫૬ વર્ષની વયે એક ઇસ્પિતાલમાં તેનો અંત આવ્યો.

તેના મૃત્યુ બાદ જ્યારે વિદેશી ભાષામાં પણ તેના મહાકાવ્યનાં ભાષાંતરો થવા લાગ્યાં અને તેની મહત્તા ગવાવા લાગી ત્યારે પોર્ટુગીઝ પ્રજાની આંખો ઊઘડી. આજે તો પોતાના સાહિત્યમાં સર્વોચ્ચ પ્રતિભા તરીકે એ પ્રજા કૅમોઈન્સની ગણના કરવા લાગી છે, મમાઓમાં તેનું પૂતળું ઊભું કર્યું છે ને પોર્ટુગાલની રાજધાની લિસ્બનના સરસમાં સરસ લત્તાને તેનું નામ આપ્યું છે. (અંગ્રેજી પરથી)

પ્લૅટિનમ—અદ્ભુત ને અણમોલ ધાતુ

સામાન્ય નજરે રૂપા કે કલાઈ જેવી ધોળી દેખાતી આ ધાતુ મૂલ્યમાં સોના કરતાં પણ અનેક ગણી વધી જાય છે. દુનિયાની તેની નિપજનો ત્રીજો ભાગ સુંદરીઓના અલંકારો અને ઘડિયાળના અછોડા બનાવવામાં ખર્ચાય છે, સોના કરતાં યે તે સખત અને મજબૂત છે, કોઈ પણ રીતે બગડતું કે ખવાતું નથી, વાતાવરણની, રાસાયણિક પ્રક્રિયાઓની કે ઘસારાઓની તેના પર અસર થતી નથી અને તેની મોહક સુંદર કુદરતી ચમક કદી યે લેશમાત્ર પણ ઓછી થતી નથી;—આબધાગુણોએતેનીમહત્તાવધારીદીધીછે.

જગતમાં ભાગ્યે જ એવી કોઇ બીજી ધાતુ હશે જેની કીમતે પ્લૅટિનમની કીમત જેટલા ઉછાળા અનુભવ્યા હશે. આજથી ૧૨૦ વર્ષ પહેલાં એની કશી કીમત જ ન ગણાતી, કારણ તેના ગુણો કંઇ જાણવામાં ન આવેલા, ને તેનો કશો ઉપયોગ પણ કોઇને ન સૂઝેલો. રશિયાએ આજથી એકાદ સૈકા પહેલાં તેના સિક્કા બનાવી પ્રચારમાં મૂકયા, છતાં ૧૮૫૦ સુધી તે રૂપાથી સસ્તું રહ્યું હતું, અને ૧૯૦૨ સુધી સોનાથી

પરંતુ ગયા મહાયુદ્ધ પહેલાંના અરસામાં પ્લૅટિનમ સોનાથી બમણું મૂલ્યવાન બની ગયું; અને ૧૯૨૪માં તો સોનાનો ભાવ ૧ ઔંસનો ૪-૧૫-૮ પૌંડ હતો ત્યારે એટલા જ પ્લૅટિમનો ભાવ ૨૯ પૌંડ હતો. ઈ. ૧૯૩૨માં બ્રિટને સોનાનું ધોરણ છોડયું ત્યારે પણ પ્લૅટિનમનો ભાવ સોના કરતાં

વધારે હતો; પરંતુ ૧૯૩૪-૩૫થી બંનેની કીમત લગભગ સરખી બની ગઈ છે.

કીમતના વધારાનું કારણ એ હતું કે પહેલાં રશિયા એકલું જ પ્લૅટિનમનું ઉત્પાદક હતું. પછી કોલંબિયામાં ચાકો મુકામે તેની ખાણો મળી આવી. છતાં ૧૯૧૩માં દુનિયાને રશિયાએ ૯૦ ટકા જેટલો જથ્થો પૂરો પાડ્યો હતો, જ્યારે કોલંબિયાએ ફક્ત ૮. ત્યાર બાદ આજથી પંદરેક વર્ષ પહેલાં. દક્ષિણ આફ્રિકા એ ક્ષેત્રમાં ઘૂસ્યું અને ૧૯૩૦માં ૪૭,૦૨૧ ઔંસની નિકાસ એ એનું રેકૉર્ડ વર્ષ ગણાય છે.

પરંતુ પ્લૅટિનમના ભાવોને સૌથી વધારે ફટકો તો કૅનેડામાં તેના હાથ લાગેલા ઉત્પાદને માર્યો, અને ૧૯૩૪ પછી દુનિયાના પ્લૅટિનમનો એ જ પ્રમુખ સ્રોત રહ્યો છે. અને એનું ઉત્પાદન તેને સસ્તું પડે છે તેનું કારણ કે નિકલ અને તાંબાના ઉપસ્રોત (by-product) તરીકે તે મેળવવામાં આવે છે, એકલું જ નહિ. ત્યાંની ઇંટરનેશનલ નિકલ કંપની ઑવ કૅનેડા ધાતુગર્ભ (concenrates)માંથી નિકલ અને તાંબું સારવી લીધા પછી તેને ઍકટન (લંડન) મોકલાવી આપે છે, જ્યાં એમાં રહેલું પ્લૅટિનમ તારવવામાં આવે છે. આ તારવણીમાં કંપનીને ૧૨ ઔંસે માત્ર ૧૦ શિલિંગ જ ખર્ચ થતું હોઇ પુષ્કળ નફો થાય છે.

પ્લૅટિનમના સૌથી મોટા ઘરાકો ઝવેરાતના વેપારીઓ છે,—લગભગ ૬૦ ટકા જેટલા. એ ઝાંખું નથી પડતું તથા બીજી કીમતી ધાતુઓ સાથે સહેલાઇથી મિશ્રિત થઈ જાય છે એ ગુણથી આ ધંધામાં એણે અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. દંતવૈદ્યો પણ તેના સારા ઘરાકો છે, કારણ દાંતમાં તેની રેખો જડાવવામાં આવે છે. રસાયણવિદ્યામાં પણ સલ્ફ્યુરિક ઍસિડ તથા નાઇટ્રિક ઍસિડના ઉત્પાદન માટે એને કામમાં લેવામાં આવે છે, કારણ ગમે તેવા જલદ રસાયણની પણ તેના પર કશી અસર થતી નથી. વીજળિક ઉદ્યોગમાં પણ તેના ખૂબ ઊંચા દ્રવબિંદુ (melting-paint) ને લઈ વીજળિક ભઠ્ઠીઓ, ઇલેક્ટ્રિક વાયર, સ્વીચગીઅર વગેરેમાં તેને ઉપયોગમાં લેવામાં આવે છે. એ સિવાય નાની નાની તો અનેક બાબતોમાં તેનો ઉપાય વધ્યો છે.

પ્લૅટિનમની પહેલી શોધનું માન સ્પૅનિયર્ડોને જાય છે. આજથી કેટલીક સદીઓ પહેલાં દક્ષિણ અમેરિકામાં તેમણે તે મેળવેલું ને તેને 'platina del Pinto' (પિન્ટો નદીનું રૂપું) નામ આપેલું.

ત્યાંથી ૧૮મી સદીમાં એનો થોડો જથ્થો યુરોપમાં આયાત કરવામાં આવ્યો ત્યારે ઘણા રસાયણશાસ્ત્રીઓનું લક્ષ તે પ્રત્યે દોરાએલું અને ૧૭૫૨માં સ્ટૉકહોમ ઍકેડેમી સમક્ષના ભાષણમાં તેને 'white gold or the seventh metal' કહી તેના ગુણધર્મો વર્ણવ્યા છે. ત્યારબાદ ૧૮૧૯માં રશિયાએ યુરલ પર્વતમાંથી તે શોધી કાઢ્યું.

આજે રશિયા, કોલંબિયા, દક્ષિણ આફ્રિકા અને કૅનેડા ઉપરાંત બ્રાઝિલ, ઑસ્ટ્રેલિયા, ઍલાસ્કા અને કૅલિફૉર્નિયા પણ તેનું ઉત્પાદન કરે છે. પ્રથમ કહી ગયા તેમ, શરૂશરૂમાં એની એટલી મામૂલી કીમત હતી કે રશિયાએ આજના નિકલના સિક્કાની કીમતના તેના સિક્કા બહાર પાડેલા, અને એક સોનીને તો રૂપાને બદલે પ્લૅટિનમના ખોટા સિક્કા માટે દેહાંત દંડ પણ એક વાર આપેલો!

ગરમ મસાલાની ખરાબ અસર

ખોરાકને વધારે સ્વાદિષ્ટ બનાવવા માટે આપણે એમાં અનેક જાતના મસાલા નાખીએ છીએ; પણ આરોગ્યની દૃષ્ટિએ શરીરને મસાલાની બિલકુલ જરૂર નથી. જે પદાર્થોનો શરીરના ધારણપોષણને માટે ઉપયોગ થતો હોય એવા જ પદાર્થોનો આપણે આહારમાં સમાવેશ કરવો જોઇએ. જે પદાર્થોની શરીરને જરૂર કે ઉપયોગ ન હોય એવા નિરૂપયોગી પદાર્થો ખાવાથી શરીર બગડે છે. તીખા તમતમતા મસાલા ખાવાથી આપણા શરીર ઉપર બહુ જ ખરાબ અસર થાય છે. મસાલા ગરમ હોવાથી શરીરને ઉત્તેજન મળે છે ને પચનેન્દ્રિયોને વધારે કામ કરવાની ફરજ પડે છે. આવી રીતે રોજ ને રોજ ઉત્તેજન મળવાથી ને વધારે કામ કરવું પડતું હોવાથી ઇંદ્રિયો પછી થાકી જાય છે ને પહેલાંના કરતાં ઓછું કામ કરે છે, એટલે વધારે ભૂખ લાગવા માટે આપણે વધારે તીખા તમતમતા પદાર્થો ખાઇએ છીએ. એનાથી થોડોક વખત આપણને વધારે ભૂખ લાગેલી જણાય છે, પણ પછી ભૂખ પહેલાંના કરતાં પણ ઓછી થઈ જાય છે. પચનેન્દ્રિયોની અંદરની ચામડી બહુ જ મુલાયમ અને નાજુક હોવાથી મસાલાની એના પર ઘણી જ ખરાબ અસર થાય છે. માટે જેમને પોતાની પાચનશક્તિ સારી રાખવી હોય તેમણે મરચાં, મરી, હીંગ, સૂંઠ, ગરમ ને તીખાં અથાણાં, પાપડ વગેરે ગરમ પદાર્થોનો બહુ જ સાચવીને ઉપયોગ કરવો. બની શકે ત્યાં સુધી આવા પદાર્થોથી દૂર જ રહેવું. જો એનો સંપૂર્ણ ત્યાગ કરી ન શકાય તો બને એટલા ઓછા પ્રમાણમાં ઉપયોગ કરવો. (ચિત્રમય જગત)

હાડકાં માટે ચૂનો

આપણા શરીરમાંનાં સઘળાં હાડકાં તથા દાંતના બંધારણમાં ચૂનાની ખાસ આવશ્યકતા છે. ઉપરાંત, ખોરાક તથા પ્રજીવકોનો શરીરને જોઇતો ઉપયોગ કરવામાં પણ ચૂનો—lime અથવા calcium—મદદ કરે છે એનું સૌથી વધારે પ્રમાણ દૂધમાં હોય છે. જે લોકો તાજું દૂધ ન મેળવી શકે તેમ હોય તેઓ દૂધની ભૂકી (Skim milk powder)થી પણ ચલાવી શકે. દૂધની ભૂકીમાં પણ કેટલાંક વિટામીન તથા ખનીજ ક્ષારો રહેલાં હોય છે. પરંતુ જ્યાં દૂધની ભૂકી પણ ન મળતી હોય તેવા લોકો દરરોજ અરધો ગ્રામ 'Calcium lactate' લેવાનું ચાલુ રાખે તો પણ એ ગરજ સરી શકે તેમ છે.

ઠંડી

દુનિયામાં એકએકથી ચડિયાતાં અનેક ઠંડાં સ્થાનો આવેલાં છે, પણ પૂર્વ સાઈબીરિયામાં આવેલું વર્ખોયાન્સ્ક એ બધાને ટપી જાય એમ છે. ધ્રુવ પ્રદેશો કરતાં પણ ત્યાંની ઠંડી વધી જાય છે. એ ઠંડીનું માપ કાઢવા સામાન્ય થર્મોમીટર કામ જ ન આવે; કારણ પારો પણ ત્યાં ઠરી જાય છે! એ માટે ખાસ સ્પિરિટ થર્મોમીટર વપરાય છે. 'કુમાર'ના ૧૧૫મા અંકની માધુકરીમાં એની અવનવી રસિક વિગતો આપેલી છે.

હવે સવાલ એ થાય છે કે આવી અસીમ ઠંડીની માણસ પર કેવી અસર થાય? માણસને સહ્ય હોય એથી વધુ પ્રમાણની ઠંડી તેનાં હાડકાં પણ સાંધાઓમાંથી ખેસવી નાખે એટલી ભયંકર હોય છે. ઉત્તર ધ્રુવના પ્રવાસીઓએ ત્યાંના કરાળ ઠંડા પ્રદેશોની કેફિયત આ પ્રમાણે વર્ણવી છે:

જો તમે થોડી વધુ વાર આંખો બંધ રાખો તો તેનાં પોપચાં ચોંટી જાય છે! જો જીભ બહાર કાઢી તો એ ઠરીને હોઠ સાથે જ ચોંટી જવાની; અને એને ત્યાંથી હટાવવા હાથ ત્યાં મૂક્યો તો તે ચહેરા પર જ ઠરી જવાનો! ધાતુનો એક ટુકડો અંગને લગાડો તો અગ્નિ જેવો દાહ લાગે છે.

અનુભવે જણાયું છે કે બીજાં પ્રાણીઓને મુકાબલે માણસની ઠંડીની સહ્યતા ઓછામાં ઓછી છે, જ્યારે પક્ષીઓ સૌથી વધુ.

સાઇટ્રિક ઍસિડ

ઇ. ૧૭૫૪માં પહેલવહેલો સાઇટ્રિક ઍસિડ લીંબુના રસમાંથી ગાંગડા રૂપે તૈયાર કરવામાં આવ્યો હતો. હાલ લીંબુ (લાઇમ અને લેમન)ના રસમાંથી મોટા પાયા પર તે તૈયાર થાય છે. ગ્લુકોઝને ફુગાવીને પણ કાઢવામાં આવે છે.

૨૦ ગૅલન લીંબુના રસમાંથી ૧૦૦ ગાંગડા સાઇટ્રિકના મળે છે. આ ગાંગડા મધુર ખટાશવાળો સ્વાદ આપે છે અને તેના વજન કરતાં પોણા ભાગના પાણીમાં ગળી જાય છે. ઊકળતું પાણી તો અરધા ભાગનું જ જોઇએ. કાપડ છાપવામાં અને ફીણ ઊભરાતાં (સોડા લેમન વગેરે) પીણાંમાં સાઇટ્રિક ઍસિડનો ખપ પડે છે. સાઇટ્રેટ લોહીમાં ભળે છે ત્યારે ઑક્સિજન સાથે મળી કાર્બોહાઇડ્રેટ થઈ જાય છે અને લોહીનું અમ્લ તત્ત્વ તે વધારે છે. (ટ્રેઝર ચેસ્ટ)

એક ભ્રમ

આજના વિજ્ઞાનયુગમાં એક એવો ભ્રમ કેટલાક લોકોમાં પ્રવર્તી રહ્યો છે કે કોઇ માણસ મરી જાય ત્યારે એની આંખે જે છેલ્લું દશ્ય જોયું હોય એની છાપ એના દૃષ્ટિપડદા પર કાયમ રહી જવા પામે અને ફોટોગ્રાફિક ડેવેલપમેન્ટથી એ છાપ આપણે મેળવી શકીએ. ડિટેક્ટિવ નવલકથાઓના કેટલાક લેખકોએ પણ ખૂનીને પકડવામાં આ હિકમત કારગત થએલી વર્ણવી છે. પરંતુ ખરું જોતાં એ વસ્તુ અશક્ય જ છે.

આપણી આંખ કૅમેરાના લેન્સ જેવી જ છે અને દૃષ્ટિપડદો (ratina) પણ કૅમેરાની ફિલ્મને બરાબર મળતો છે, એ ધ્યાનમાં રાખી આપણે વસ્તુસ્થિતિ તપાસીએ તો ભાગ્યે જ કોઈ માણસ મૃત્યુની બરાબર ચોક્કસ પળે જ પોતાની આંખ મીંચી દે છે. આને લઇને દૃષ્ટિપડદા પર પડેલી અંતિમ છાપની દશા કૅમેરાની ઓવર-એક્સપોઝ્ડ પ્લેટ જેવી થઈ જતી હોઇ તેની સ્પષ્ટ છાપ મેળવવી કોઇ રીતે શક્ય નથી.

સ્વસ્તિક

આજનું નાઝી ચિહ્ન 'સ્વસ્તિક' દોઢસો વર્ષ પહેલાં જર્મન યુવકોના વ્યાયામમંદિરોના પ્રતીક તરીકે વપરાતું. તેમાં સ્વસ્તિકનાં ચાર પાંખડાં Fથી શરૂ થતા ચાર જર્મન શબ્દોના સૂચક હતા. એ શબ્દોના અર્થ અનુક્રમે 'તાઝગી ભર્યા' 'કરુણાર્દ્ર' 'ઉલ્લાસમય' અને 'આઝાદ' એવા થતા. સ્વસ્તિક કેટલા યે સૈકાથી દુનિયાની ઘણી પ્રજાઓનું મંગળચિહ્ન બની રહ્યો છે. તેમાં યે ખાસ કરીને હિંદુસ્તાન, ચીન, જાપાન અને અમેરિકાના અસલ વતની (ઇન્ડિયન) લોકોમાં તે પ્રચલિત જણાયો છે. નાઝીઓ તેને શુદ્ધ આર્ય લોહીનું પ્રતીક ગણે છે.

ભારતીય સંવતો

૨૪–ઇલાહી સન

બાદશાહ અકબરના ધર્મ સંબંધી વિચારોમાં પલટો આવતાં તેણે 'દીને ઇલાહી' નામનો નવો ધર્મ સ્થાપી તેના નામે ઈરાનીઓના વર્ષના પહેલા મહિના ફરવરદીન (ઇ. સ ૧૫૫૬ની ૧૧મી માર્ચ=વિ.સં. ૧૬૧૨ની ચૈત્ર વદી અમાસ)થી આ સન ચાલુ કર્યો. આ સનનું વર્ષ સૌર છે અને મહિના તથા દિવસોનાં નામ ઇરાની છે. એમાં દિવસોની સંખ્યા નહિ પણ ૧થી ૩૨ સુધીના દિવસોનાં નિયત નામ લખવામાં આવતાં. આ સનમાં ૧૫૫૫–૫૬ ઉમેરતાં ઇસવી સન અને ૧૬૧૨ ઉમેરતાં વિક્રમ સંવત આવે છે. અકબર અને જહાંગીરના સમય સુધી આ સન ચાલ્યો, પણ શાહજહાંએ ગાદીએ બેસતાં જ તે બંધ કરી દીધો.

આ મહિનો (નવેમ્બર) ઇતિહાસમાં

તા. ૧ લૉર્ડ કૅનિંગે અલાહાબાદમાં દબદબાપૂર્વક દરબાર ભરી હિંદને મહારાણી વિક્ટોરિયાનો ઢંઢેરો વાંચી સંભળાવ્યો–ઇ. ૧૮૫૮

તા. ૭ ઇંગ્લંડનું સૌથી પહેલું સમાચારપત્ર 'લંડન ગૅઝેટ'નું પ્રકાશન–ઇ. ૧૬૬૫

તા. ૮ અફઘાનોના હુંગલને દબાવી દેવા જનરલ નૉટે કાબુલ પર ચઢાઇ કરી તેને તોપથી ઉડાવી દીધું–ઈ. ૧૮૪૧

તા. ૧૧ જર્મનોએ મિત્રરાજ્યો સાથે સુલેહ કરી અને ગયું મહાયુદ્ધ બંધ થયું–ઈ. ૧૯૧૮.

તા. ૧૨ બેહોશીની દવા ક્લૉરૉફૉર્મ પ્રથમ અમલમાં મુકાયું–ઈ. ૧૮૪૧

તા. ૧૫ જિનિવામાં મળેલી રાષ્ટ્રસંઘ (લીગ ઑફ નેશન્સ)ની પ્રથમ બેઠકમાં હિંદમાંથી લૉર્ડ સિંહા તથા બિકાનેરના મહારાજાની હાજરી–ઇ. ૧૯૨૦

તા. ૧૯ બંગાળના સુપ્રસિદ્ધ સુધારક બાબુ કેશવચન્દ્ર સેનનો જન્મ–ઈ. ૧૮૬૮

તા. ૨૨ લૉર્ડ ક્લાઇવનું મૃત્યુ–ઇ. ૧૭૦૪

તા. ૨૯ વેલેસ્લીએ બૉસલેને હરાવી ગ્વાલિયરનો કિલ્લો જીત્યો–ઈ. ૧૮૦૩

તા. ૩૦ ઇંગ્લંડના આજના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલનો જન્મ–ઈ. ૧૮૭૪

આ માસની પ્રતિભા

ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી

પુરાવિદ્યાપંડિત ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીનો જન્મ ઈ. ૧૮૩૯ના નવેમ્બરની ૭મી તારીખે, સં. ૧૮૯૬ના કારતક સુદ બીજના રોજ જૂનાગઢમાં પ્રશ્નોરા જ્ઞાતિમાં થયો હતો. તેમણે માત્ર પ્રાથમિક શિક્ષણ લીધેલું, પરંતુ શાસ્ત્રપારંગત પિતા તથા ભાઇ પાસે સંસ્કૃતનો કરેલો અભ્યાસ એમને ભાવિ જીવનકાર્યમાં ખૂબ ઉપયોગી નીવડ્યો. ગિરનાર જતાં આવતાં તેની તળેટીમાં પડેલા અશોકના શિલાલેખો ઉકેલવાની પ્રેરણા થઈ અને જેમ્સ પ્રિન્સેપે છપાવેલા બ્રાહ્મી લિપિના મૂળાક્ષરો કાગળ પરથી નકલ ઉતારી લઈ તેની મદદથી એ લેખો ઉકેલવા માંડ્યા. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ લૅંગ અને મુંબાઈના વિદ્વાન પુરાવિદ ડૉ. ભાઉ દાજીના પ્રોત્સાહનથી પોતે કરેલા શિલાલેખોના ઉકેલ લઈ તે ઈ ૧૮૬૧માં મુંબાઈ ગયા, જ્યાંની રૉયલ એશિયાટિક સોસાએટીમાં આ નાનકડા પંડિતે કરેલો ઉકેલ વધુ માન્ય થયો, અને એ કાર્ય ચાલુ રાખ્યું. દરમ્યાન પિતા ગુજરી ગયા. બીજી બાજુ આવો દુર્લભ સહકારી મળી આવવાથી ડૉ. ભાઉ દાજીએ તેમને ૧૮૬૨માં મુંબાઇ વાસ કરવા બોલાવી લીધા.



૧૮૬૨માં અજંતા જઇને પોતાના બધા અંગ્રેજ પુરોગામીઓના કરતાં ત્યાંની ગુફાના લેખોની વધુ શુદ્ધ નકલો તે ઉતારી લાવ્યા અને ૧૮૬૩માં નાસિક, કાર્લા, ભાજા, જુન્નર, નાનાઘાટ વગેરેની ગુફાઓના લેખો ઉકેલી જેસલમેરના જૈન ભંડારોના દુર્મિલ ગ્રંથોની નકલો કરવા ગયા, જ્યાં સતત ભેજમાં કામ કરવાથી તે ટાઇફૉઇડથી પટકાયા. આ દરમ્યાન ડૉ. ભાઉ દાજી બંગાળ, ઉત્તર ભારત અને વાયવ્ય પ્રાંતની મુસાફરીએ જઇ આવેલા તેમણે ત્યાં પડેલી અઢળક પુરાસામગ્રી તપાસવા તેમને મોકલ્યા અને ૧૮૬૮માં તે નાગપુર, જબલપુર, અલાહાબાદ, બનારસ, ભિટ્ટા, મથુરા અને દિલ્હી આદિ સ્થળે રખડી પ્રાચીન સિક્કાઓ અને લેખસામગ્રી મેળવી લાવ્યા. માત્ર નાણાંના અભાવે આ સફર આટલી વહેલી પૂરી થઇ જાણીને ડૉ. ભાઉ દાજીએ જૂનાગઢ રાજ્યના અમલદાર તરીકે માસિક રૂ. ૨૦૦ની નોકરી અપાવીને રાજ્ય તરફથી બીજી સફરની સગવડ કરાવી આપી, જેમાં ૧૮૭૧થી ૧૮૭૪ સુધી તેમણે આખા ભારતવર્ષનાં બધાં મુખ્ય શહેરો જોઈ નાખ્યાં અને છેક નેપાળ સુધી ધૂમી આવ્યા. તેઓ માત્ર શુષ્ક પુરાવિદ નહિ પણ ખરા જ્ઞાનપિપાસુ હોઇ સફર દરમ્યાન પુરાતત્ત્વ ઉપરાંત પ્રાંતેપ્રાંતના રીતરિવાજ, ભાષા, પહેરવેશ, ધર્મ વગેરેનું જ્ઞાન મેળવતા અને આ બધાની વિસ્તૃત નોંધ રાખતા.

૧૮૭૪માં પાછા ફર્યા કે તરત એમના પ્રોત્સાહક શિરછત્ર ડૉ. ભાઉ દાજી અવસાન પામ્યા. પુરાતત્ત્વનું કામ આગળ ધપાવવામાં જ એમનું સાચું તર્પણ માની તેમણે પોતાની પ્રવૃત્તિ જારી રાખી. મળેલી સામગ્રી પરથી સદ્ધર પાયા પર ઇતિહાસનિર્માણ કરવાની એમની શક્તિ અજબ હતી. અસંભવિત મનાતી ક્ષત્રપોની વંશાવલિ, માત્ર સિક્કાઓને જ ઉકેલીને એમણે સળંગ યોજી આપી હતી. ખારવેલના અતિ અઘરા મનાતા લેખો થોડા જ વખતમાં ઉકેલીને એમણે જે નિર્ણયો આપ્યા તેમાં આજ આટલે વર્ષે પણ કોઇ ફેરફાર દર્શાવી શકયું નથી.

એમની કીર્તિ હવે દેશપરદેશ પ્રસરી હતી. ડૉ. બર્જેસ, પીટર્સન અને કૉડિંગ્ટન જેવા તેના મિત્રો હતા. ડૉ. બુલ્હર જેવા જર્મન મહાવિદ્વાન એમના ગુજરાતી લેખોનું અંગ્રેજી કરવા તૈયાર હતા.

૧૮૭૭માં મુંબાઇની રૉયલ એશિયાટિક સોસાએટીએ એમને માનદ સભ્ય બનાવ્યા, ૧૮૮૨માં મુંબાઈ યુનિવર્સિટીએ ફેલો નીમી માન આપ્યું, ૧૮૮૩માં હાગની રૉયલ ઇન્સ્ટિટ્યૂટે ફૉરેન મેમ્બર બનાવ્યા અને ૧૮૮૪માં લંડન યુનિવર્સિટીએ ડૉકટર ઑફ લિટરેચરની માનદ પદવી એમને આપી.

પથ્થરોમાં કોરેલા મૂક અક્ષરોમાંથી ઇતિહાસનું કલેવર તારવી કાઢી, પોતાની સાધનાબળે એને સજીવન કરવાની વિરલ પ્રતિભા ધરાવનાર આ પ્રકાંડ પંડિતે ૧૮૮૮માં પોતાની જીવનલીલા સંકેલી લીધી. ૧૯૩૯ના નવેમ્બરમાં ગુજરાતે એમની જન્મશતાબ્દિ ઊજવીને એમને યોગ્ય માન આપ્યું હતું.

પોતાનાં લખાણો અને પ્રવચનો તથા વિચારોમાં સદા 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનું રટણ કરતા રવીન્દ્રનાથ ઠાકુરને એક વખત પ્રશ્ન પુછાયો: 'આપ સાર્વદેશિક ભાવનાનો પ્રચાર કરો છો, તેથી ભારતને ભૂલી તો નથી જતા ને?' જવાબ મળ્યો: 'પૈસાની કિંમત આંક્યા વિના રૂપિયાનું મૂલ્ય હું ક્યાંથી આંકી શકવાનો હતો? ભારત તો મારે શ્વાસ ને પ્રાણ છે જ.'

અશુદ્ધ જોડણીના અનર્થ

ચિર=લાંબા વખતનું
ચીર=ફાટ, વલ્કલ, કપડું
હરિ=શ્રીકૃષ્ણ
હરી=કૂવાના પાણીથી પકવેલું
સલિલ=પાણી ... સલીલ=લીલા
સિત=શ્વેત ... સીત=કોશ
રતિ=આસક્તિ ... રતી=ચણોઠી
પાણિ=હાથ ... પાણી=જળ
ખચિત=જડેલું ... ખચીત=ચોક્કસ
વારિ=પાણી ... વારી=વારો
પુરી=નગરી ... પૂરી=તળેલી વાની
વસ્તિ=મૂત્રાશય.. વસ્તી=વાસ
સુત=પુત્ર ... સૂત=સારથિ

—રમણલાલ અં. શાહ

કહેવતોના અર્થ: 'સંઘર્યો સાપ પણ કામનો છે'. સાચવી રાખેલી નકામી ચીજ પણ વખત આવ્યે ખરા મૂલની થઈ પડે છે એમ બોધતી આ કહેવત માટે લોકવાર્તા છે કે, ગમે તેવો કચરો પણ ભેગો કરવાની ટેવવાળા એક માણસના છોકરાએ તેની આ રોજની શિખામણથી ચિડાઇને એક વખત મરેમરેલો સાપ લાવી છાપરે નાખ્યો. સંજોગવશાત્, બજારથી ખાદ્ય માગીને રાણીનો હાર ઝડપીને ઊડતી સમડીની નજરે અહીં સાપનું ખરું ખાદ્ય પડતાં, હાર પડતો મૂકી તે સાપને ઉઠાવી ગઈ અને પરિણામે રાજાએ કાઢેલું હારની શોધનું મોટું ઈનામ તેને મળ્યું. આ જ પ્રકારની બીજી કહેવતો: 'રસ્તાની ધૂળનો યે ખપ પડે', 'અવેળાનું સંઘર્યું કવેળાએ કામ લાગે'; 'કપૂત અને ખોટો પૈસો પણ કોક દી કામ આવે' વગેરે.

ગણિતગમ્મત

કોઇ પણ રકમ ધારો. તેને બે વડે ગુણો. જે આવે તેમાં તમારી ધારેલી રકમનો, એક અંક આવે ત્યાંસુધી સરવાળો કરી, એ એક-અંકી સરવાળાને બમણો કરી, ઉમેરો. પછી આવે તે રકમમાંથી ધારેલી રકમનો એક-અંકી સરવાળો બાદ કરો. હવે આવેલી રકમમાં ધારેલી રકમ ઉમેરો. પછી જે આવે તેમાં ફરી પાછો ધારેલી રકમનો એક-અંકી સરવાળાને બમણો કરી ભેળવો. જે સંખ્યા આવે તેને ત્રણ વડે ભાગો. ભાગમાં આવેલ રકમમાંથી ધારેલી રકમનો એક-અંકી સરવાળો બાદ કરો. બાકી રહે તે તમારી ધારેલી રકમ!

—કાન્તિલાલ મ. જોષી

સાઇબીરિયામાં હવાના દબાણ વડે ચાના એવા પ્યાલા બનાવવામાં આવ્યા છે, કે જેમાં ચાનું પાણી રેડતાં અંદરનો થોડો ભાગ પીગળી જઇને ચા બની જાય છે. એક પ્યાલો આ રીતે છ માસ લગી ચા પૂરી પાડે છે.


હિંદુસ્તાન પરદેશ સાથે જે વેપાર કરે છે તેમાંનો માત્ર બે જ ટકા હિંદી જહાજોને મળે છે.




ઊંધી વાળેલી કાચની પાણી ભરેલી બરણી (પછી તે ગમે તેવડી ઊંચી હોય તોપણ)ના મુખ આગળ ટિશ્યુ-પેપરનો એક ટુકડો આમ ફિટ કરી રાખવાથી પાણી બહાર નીકળતું અટકશે.

કયો ખોરાક કેટલા કલાકે પચે?


વગર છડેલા ચોખા	૧	—
સફરજન	૧	૩૦
સાબુદાણા	૧	૪૫
ઇંડાં (કાચાં)	૨	—
દૂધ (ગરમ કરેલું)	૨	—
દૂધ (ગરમ ન કરેલું)	૨	૧૫
કોબી (કાચી)	૨	૩૦
મકાઇના દોડા (શેકેલા)	૩	૦
ગાજર (બાફેલાં)	૩	૧૫
પાંઉ	૩	૧૫
માખણ	૩	૩૦
મૂળા (બાફેલા)	૩	૩૦
બટેટાં (બાફેલાં)	૩	૩૦
વટાણા (લીલા)	૩	૪૫
બીટરૂટ (બાફેલું)	૩	૪૫



બીજ અને વૃક્ષ: ઇ. ૧૯૦૩માં ગગડેલ વડેલું ઊડેલું નાનકડું ફ્રેન્ચ બલૂન એ ગમાએ સફળતાથી મહાસાગરો પાર કરતાં રાક્ષસી કદનાં ઝેપેલિનોનો આદિ વડવો હતું.



કદંબવૃક્ષ નીચે રાધાકૃષ્ણ — શિલ્પકાર · શ્રીધર મહાપાત્ર



ગુરુદેવ
મૃત્યુ પૂર્વે શાન્તિનિકેતનમાં લેવાએલી છેલ્લી છબિ : ૨૪ જુલાઈ ૧૯૪૧
ફોટો : શ્રી વિનાયક માસોજી